દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 196 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ -૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 August 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૯ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જેન-ઝી પર પોલીસ દમનઃ સુપ્રીમ કોર્ટે તપાસ સમિતિ રચી

નવી દિલ્હીઃ તાજેતરમાં જંતર મંતર ખાતે વિદ્યાર્થી દેખાવકારો પર પોલીસનો અતિરેક અને પોલીસ પરની હિંસાની તપાસ કરવા ભૂતપૂર્વ ડીજીપી, સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજની ઉચ્ચ સત્તાધારી સમિતિની રચના કરવાનું સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે કહ્યું હતું કે સમિતિમાં ક્યા સભ્યને સામેલ કરવા અંગેની ભલામણો મળ્યા બાદ સમિતિ રચવા નવો આદેશ બુધવારે બહાર પડાશે.

અનેક અરજદારોએ અદાલતમાં એવી રજૂઆત કરી હતી કે આંદોલનમાં સામેલ કરવા માટે સત્તાવાળાઓ અને લોકો અમને લક્ષ્ય બનાવી રહ્યા છે. ત્યાર બાદ સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે અમને ખાતરી છે કે સમિતિ તેની પાસે આવનાર કોઈ પણ પીડિતને સાંભળશે. સમિતિ સમયાંતરે જે સૂચનો આપશે એની અમે રાહ જોઈશું અને અમે જરૂરી કાનૂની પગલાં ભરીશું

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે મહિલા આંદોલનકારી પર જાતીય હુમલો અને ઓનલાઈન કનડગતના આક્ષેપોને સમિતિ તપાસશે. સમિતિ બીજા નબળા લોકોને શિકાર બનાવવાના આક્ષેપની તપાસ પણ કરશે.

અદાલતે કહ્યું હતું કે દિલ્હીની કૂચ દરમિયાન જે મહિલા દેખાવકારોને દિલ્હી અને બીજા વિસ્તારમાં લક્ષ્ય બનાવવામાં આવી હતી એની ફરિયાદ અને આક્ષેપોની સમિતિ તપાસ કરશે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે કહ્યું હતું કે જે પણ જવાબદાર હશે તેને શોધી કઢાશે. આમાં કોઈ બહાના કે કારણો નહીં ચલાવામાં આવે. આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને તેને તાર્કિક તારતમ્ય પર પહોંચાડવી પડશે. આથી અમે ઉચ્ચ સત્તાધારી સમિતિની રચના કરી રહ્યા છીએ. સમિતિ આ બાબતના દરેક પાસાને સંભાળશે.

સર્વોચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું હતું કે અમે ૨૦ જુલાઈની સંસદ કૂચના વીડિયો ફૂટેજ અને સીસીટીવી રેકોર્ડિંગ સમિતિને આપવાનો આદેશ આપીશું.

બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાને વિદ્યાર્થી આંદોલનકારી સામેની એફઆઈઆરની વિગતો આપવાનો આદેશ આપ્યો હતો. અદાલતે કહ્યું હતું કે અદાલત બંધારણની ૧૪૨મી કલમનો ઉપયોગ કરીને એને રદ કરી શકે છે. (એજન્સી)■

## ઝારખંડમાં પરીક્ષા રદ પણ એના થકી નોકરી મેળવનાર ૨,000ના ભાવિ અદ્ધરતાલ

રાંચીઃ ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેન દ્વારા જેએસએસસી-સીજીએલ પરીક્ષા રદ કરવાના લેવાયેલા નિર્ણયની જાહેરાતથી ઓછામાં ઓછા ૨,૦૦૦ લોકોના ભાવિ સામે પ્રશ્નો ઊભા થયા છે. આ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરીને નોકરી મેળવી હતી અને હવે પરીક્ષા રદ થવાને કારણે તેમણે નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. જેએસએસસી-સીજીએલ પરીક્ષા પાસ કરનાર એક ઉમેદવારે કહ્યું હતું કે 'અમારો શું વાંક છે એ અમને જણાવો, આ રીતે અમને બહાર ન કરો.

પોતાનો બચાવ કરવા યોગ્ય તક આપવાની ઉમેદવારો માગણી કરી રહ્યા છે. પરીક્ષામાં આચરવામાં આવેલી કતિત ગેરરીતિઓને મામલે વિદ્યાર્થિઓના સતત વિરોધને પગલે ઝારખંડ સરકારે જેએસએસસી-સીજીએલ પરીક્ષા રદ કરવાની સોમવારે રાત્રે જાહેરાત કરી હતી અને વર્ષ ૨૦૧૪થી આઉટસોર્સિંગ એજન્સી ટીએસઆર ડેટા પ્રોસેસિંગ પ્રા.લિ. દ્વારા

(જુઓ પાનું ૨) ▸▸

## મૉસ્કો પર યુક્રેનનો ૮૦૦ ડ્રૉનથી હુમલો, પુતિન ભડક્યા

કીવઃ યુક્રેનના દળોએ રશિયા પર તેમના સૌથી મોટા ડ્રોન હુમલાઓમાંનો એક કર્યો, સમાન હુમલો કર્યાના બે દિવસ પછી લગભગ ૮૦૦ ડ્રોન ફાયર કર્યા હતા, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. આ જાન્યુઆરી ૨૦૨૫ પછીનો બીજો સૌથી મોટો ડ્રોન હુમલો હતો. આ હુમલાને પગલે રશિયન પ્રમુખ પુતિન ભડક્યા છે.

દરમિયાન, યુક્રેનના ઉત્તર-પૂર્વીય ખાર્કીવ પ્રદેશના એક ગામ પર રશિયન મિસાઇલ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા અને આઠ અન્ય ઘાયલ થયા હતા, તેવું

(જુઓ પાનું ૨) ▸▸

## એફઆઈઆર રદ કરવામાં સરકાર વિલંબ કરી રહી છેઃ સીજેપી

નવી દિલ્હીઃ વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકર્તાઓ સામે નોંધાયેલા એફઆઈઆર પાછા ખેંચવાના આપેલા આશ્વાસન બાદ એ મામલે કાર્યવાહી કરવામાં કેન્દ્ર સરકાર વિલંબ કરી રહી હોવાનો કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ મંગળવારે આક્ષેપ કર્યો હતો.

પોલીસ કાર્યવાહી અને પોલીસ કર્મચારીઓ સામે થયેલી હિંસાના આક્ષેપોની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિમાં સીજેપીના સભ્યોને સામેલ કરવાની તેમણે માગણી કરી છે.

સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસના જણાવ્યા અનુસાર સુપ્રીમ કોર્ટે મંગળવારની સુનાવણી દરમિયાન સરકારને વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકર્તાઓ સામે નોંધાયેલા એફઆઈઆરની યાદી સુપરત કરવા ત્રણવાર કહ્યું હતું.

જોકે સરકારે તેઓ એફઆઈઆરની યાદી સુપરત કરવાના છે એવો કોઈ સ્પષ્ટ સંકેત સુપ્રીમ કોર્ટને આપ્યો નથી, એમ દાસે કહ્યું હતું.

(જુઓ પાનું ૨) ▸▸

## ફાંસીના બદલે મોતનું ઈન્જેક્શન આપવાની માગ સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ફાંસીની સજાને સમાપ્ત કરવા અને તેના સ્થાન પર ઓછી પીડાદાયક રીત અપનાવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. મૃત્યુદંડની સજા પામેલા ગુનેગારને ફાંસી આપવાના સ્થાન પર ઘાતક ઇન્જેક્શન આપવા જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરવાની માગ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે મોતની સજા આપવા માટે ફાંસીની વર્તમાન વ્યવસ્થાને નાબૂદ કરવાની માગ કરતી અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું હતું કે હાલમાં એવો કોઈ આધાર નથી જેના કારણે ફાંસીને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.

બેન્ચે કહ્યું હતું કે તેમની સમક્ષ રજૂ કરાયેલા પુરાવાઓથી એ સાબિત થઈ શક્યું નથી કે મોતની સજા આપવાની રીત તરીકે ફાંસીની સરખામણીમાં જીલવેણ ઇન્જેક્શનનો કોઈ વધારાનો ફાયદો છે.

તેઓ એ વાતથી સહમત નથી કે ત્રણ જજની બેન્ચે ૧૯૮૩ના ચુકાદામાં મોટી બેન્ચ પાસે મોકલવાનો કોઈ કેસ બને છે જેથી 'કૉડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર' (સીઆરપીસી) ની કલમ ૩૫૪(૫) ની બંધારણીય માન્યતા પર ફરીથી વિચાર કરી શકાય. કલમ ૩૫૪(૫) જણાવે છે કે જ્યારે કોઈ વ્યક્તિ મોતની સજા આપવામાં આવે છે તો સજામાં એ નિર્દેશ આપવામાં આવે છે કે તેનું મૃત્યુ ન થાય ત્યાં સુધી ફાંસી પર લટકાવી રાખવામાં આવે. બેન્ચે કહ્યું હતું કે કેસને સમાપ્ત કરતા અગાઉ અમે

(જુઓ પાનું ૨) ▸▸

## હોર્મુઝની ખાડીને અમેરિકાનો પ્રદેશ ગણાવ્યો ટ્રમ્પે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વ્યૂહાત્મક જળમાર્ગ હોર્મુઝ સામુદ્રધુનીનો અમેરિકાનો નવો પ્રદેશ લેખાવતો નકશો સોશ્યલ મીડિયા પર પૉસ્ટ કરી ઇરાન સાથેનો સંઘર્ષ વધુ ઘેરો બનાવ્યો છે. ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પરનું નિયંત્રણ જાળવી રાખ્યું છે અને અમેરિકા-ઈરાન વચ્ચે અગાઉ થયેલી સમજૂતીનું અમેરિકા પાલન ન કરે ત્યાં સુધી આ વ્યૂહાત્મક જળમાર્ગ જહાજોની અવરજવર માટે ફરી ન ખોલવાના ઇરાનના આગ્રહ વચ્ચે ટ્રમ્પે આ પગલું લીધું હતું. હોર્મુઝ સામુદ્રધુની પર હવે અમેરિકાનો સંપૂર્ણ અંકુશ હોવાનો ટ્રમ્પે અવારનવાર દાવો કર્યો છે. આ વ્યૂહાત્મક જળમાર્ગ હવે અમેરિકાનો નવો પ્રદેશ હોવાની અમેરિકાએ ઔપચારિક જાહેરાત કરી દેવી જોઈએ એવું સૂચન ટ્રમ્પે કર્યું છે. ટ્રમ્પના આ વિદ્દનને પગલે સ્વાયતત્તા, લશ્કરી કાર્યવાહી, પ્રતિબંધો અને જહાજોની અવરજવર પરના પ્રતિબંધને મુદ્દે અમેરિકા અને ઇરાન વચ્ચેનો સંઘર્ષ વધુ ઘેરો બન્યો છે. (એજન્સી)■




## આજે બે પડોશી પાકિસ્તાન, શ્રીલંકાને હરાવવાનો યોગ




૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સના યજમાન અને ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સના સંભવિત હોસ્ટ ભારત માટે ખેલકૂદમાં આજે મહત્ત્વનો દિવસ છે, કારણ કે ભારતીયો આજે બે મોટા મુકાબલામાં જીત મેળવશે એવી પાકી સંભાવના છે. મેન્સ હૉકીમાં ભારતનો આજે વર્લ્ડ કપમાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે મુકાબલો છે. ક્રિકેટમાં ભારતીયોને શ્રીલંકા સામે સિરીઝની પ્રથમ ટેસ્ટ જીતવાનો સુવર્ણ મોકો છે, કારણ એ છે કે ગઈ કાલે શ્રીલંકાએ ૩૭૨ રનના તોતિંગ લક્ષ્યાંક સામે માત્ર ૮૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. ભારતીય બેટ્સમેનો અને ખાસ કરીને ટેસ્ટમાં ૧૦૦ સિક્સ ફટકારવાનો વિક્રમ કરનાર રિષભ પંત (તસવીરમાં)ની મદદથી ભારતે લંકાને ૩૭૨ રનનું લક્ષ્ય આપ્યું હતું. ગૉલમાં વરસાદ પડવાની આગાહી છે, પણ ભારતીય બોલર્સ (ખાસ કરીને સ્પિન ત્રિપુટી માનવ, જાડેજા, કુલદીપ) ટીમને વહેલાસર વિજય અપાવીને ૧-૦થી સરસાઈ અપાવી દેવા કોઈ કસર બાકી નહીં રાખે. ■

પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ



વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમતઃ ₹ ૧૦૦/-
સ્થાપના ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૩
પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯
■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮

સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક
૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપત્તિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.

દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.

સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતોઃ બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.

સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.

સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય

મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.

ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.

શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.

ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.

મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

સંશોધન સભર લેખો
★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણાઃ એક ગહન સંશોધન
★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
★ પિતૃદોષ...
★ રાહુ અને કેતુ એક અભ્યાસ
★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
★ નોકરી કરતા જાતકોઃ સ્વભાવ – ખાસિયત – ઉપાય
★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-33 મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફલોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

## ભારતની ચૂંટણી પ્રક્રિયા પર ટ્રમ્પ ફિદા થયા

વોશિંગ્ટનઃ અમેરિકામાં કડક ચૂંટણી કાયદા માટે મજબૂત દલીલ કરતા, પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતીય ચૂંટણી પ્રણાલીની પ્રશંસા કરી હતી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમેરિકન મતદાનમાં મતદાર ઓળખના અભાવ પર પ્રશ્ન કર્યો હતો એ યાદ કર્યું હતું.

સોમવારે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું હતું કે ભારતની છેલ્લી ચૂંટણીમાં ૬૪૬,૦૦૦,૦૦૦ મતદારો હતા! એક ટકા કરતા પણ ઓછા લોકોએ ટપાલ દ્વારા મતદાન કર્યું હતું અને દરેક મતદાર પાસે માન્ય ફોટો ઓળખ દસ્તાવેજ હોવો જરૂરી હતો.

ટ્રમ્પે કહ્યું કે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે આ મહિનાની શરૂઆતમાં તેમના વહીવટીતંત્રના અધિકારીઓ સાથે વાત કરી હતી, અને પૂછ્યું હતું કે માન્ય ફોટો ઓળખ કાર્ડ વિના અમેરિકામાં ચૂંટણીઓ

(જુઓ પાનું ૨) ▸▸

## રાજકોટના મુરલીધર પ્રોટીન્સ કારખાનામાંથી ૨,૯૯૫ કિલો અખાદ્ય તેલ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) દ્વારા ખાદ્ય તેલમાં ચાલતી ગેરકાયદેસર ભેળસેળ પ્રવૃત્તિ સામે લાલ આંખ કરવામાં આવી છે. ગોંડલ તાલુકાના ભોજપરા ગામની સીમમાં આવેલી 'મુરલીધર પ્રોટીન્સ' નામની પેઢીના શેડ પર દરોડો પાડીને મોટા પ્રમાણમાં શંકાસ્પદ અને ભેળસેળયુક્ત ખાદ્ય તેલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ખાદ્ય તેલમાં ભેળસેળ કરવામાં આવી રહી છે. જેના આધારે રાજકોટ ગ્રામ્ય એસસોજીની ટીમે ફૂડ સેફટી ઓફિસર ખોરાક અને ઔષધ નિયમન તંત્રને સાથે રાખી ભોજપરા ગામની સીમમાં આવેલા પ્લોટ નંબર ૫૯-૭-૧માં આવેલા મુરલીધર પ્રોટીન્સ નામના કારખાનામાં દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન અહીંથી સન ગોલ્ડ સનફલાવર તેલ, કિંગ સનફ્લાવર તેલ, મહારાણી કપાસિયા તેલ, સોયાબીન તેલ સહિત ૨,૯૯૫ કિલો ભેળસેળયુક્ત અખાદ્ય તેલનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, મુરલીધર પ્રોટીન્સ નામના આ કારખાનાના સંચાલક જયદેવ પ્રભાતભાઈ ડાંગર (ઉ.વ.૨૬ રહે. મોટા દડવા, નવા બસ સ્ટેન્ડ પાછળ તા. ગોંડલ) છે. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દરોડા દરમિયાન પોલીસે અહીંથી તેલના સેમ્પલ લઇ ટેસ્ટિંગ માટે મોકલ્યા છે જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મુરલીધર પ્રોટીન્સ કારખાનામાં છેલ્લાં એક વર્ષથી સોયાબીન ઑઇલમાંથી સીંગતેલ, કપાસીયા, સનફ્લાવર અને કોર્ન ઑઇલ બનાવી રાજકોટ અને સૌરાષ્ટ્ર ઉપરાંત અમદાવાદ, મહેમદાબાદ, ખેડા સહિત રાજ્યભરમાં વેચાણ કરવામાં આવતું હતું. ■

## કચ્છ સાયબર ક્રાઈમનું 'ઓપરેશન મ્યુલ હંટ ૨.0': ભાડે રાખેલાં ૭૬ બૅંક ખાતામાંથી ₹ ૩૨.૬૨ કરોડના કૌભાંડનો પર્દાફાશ, પાંચ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસે 'ઓપરેશન મ્યુલ હંટ ૨.૦' અંતર્ગત બૅંક ખાતાઓ ભાડે રાખીને આચરવામાં આવતા રૂપિયા ૩૨.૬૨ કરોડથી વધુના આંતરરાજ્ય સાયબર ફ્રોડનો પર્દાફાશ કરી પાંચ આરોપીની ધરપકડ કરી હતી.

અંજારના અરજદારની અરજી આધારે પોલીસે તપાસ હાથ ધરતાં ગાંધીધામ અને અંજાર પંથકના લોકોને કમિશનની લાલચ આપી બૅંક ખાતાઓ ભાડે મેળવવાનું નેટવર્ક સામે આવ્યું હતું. પોલીસે દરોડો પાડી આરોપી પાર્થ ચેતનભાઈ ઝાલા, અશ્વિન ગોવિંદ કાનાણી, વશરામ ઉર્ફે કાળુ કાનાણી, કિશન જગદીશ વાંઝા અને વત્સલ ઉર્ફે વિશાલ અનિલ ઠક્કરને ઝડપી પાડી રૂપિયા ૪૦ હજારની કિંમતના છ મોબાઈલ હસ્તગત કર્યા છે. અદાલતે તમામના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

તપાસ દરમિયાન ૭૬ બૅંક ખાતાઓમાં ઓનલાઈન ગેમિંગ અને સાયબર ફ્રોડ દ્વારા રૂપિયા ૩૨,૬૨,૧૬,૩૬૪ની ગેરકાયદે લેવડ-દેવડ થઈ હોવાનું ખૂલ્યું છે, જે અંગે દેશના વિવિધ રાજ્યોમાંથી સમન્વય પોર્ટલ પર ૧૨૭ ફરિયાદ નોંધાયેલી છે. આરોપીઓ બૅંક કિટ, ઈમેલ આઈડી અને પાસવર્ડ વૉટ્સઍપ તથા કુરિયર મારફતે ગોવા સુધી પહોંચાડતા હતા. બનાવમાં સામેલ વકાર હુશેન હોડા, કુલદીપ બારોટ અને પ્રિયાંક ઠક્કરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

દરમ્યાન, પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે અપીલ કરી હતી કે, કોઈ પણ વ્યક્તિએ કમિશન કે આર્થિક લાભની લાલચમાં પોતાના બૅંક ખાતાં, ચેકબુક, સીમકાર્ડ કે નેટ બૅંકિંગની વિગતો અન્યને આપવી નહીં. આવા ખાતાઓનો ઉપયોગ સાયબર ગુનાઓમાં થતો હોઈ, જો કોઈએ ખાતાં આપ્યા હોય તો તુરંત સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરવો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈથેનોલની ઘેલછા, સરકાર પોતાના સલાહકારની જ વાત સાંભળશે?

**ભારતમાં** શુદ્ધ પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટ સાથેના ઈ-૨૦ પેટ્રોલનું વેચાણ ફરજિયાત કરી દેવાયું છે તેની સામે વિરોધ થઈ રહ્યો છે. સરકારના આ નિર્ણય સામે આંદોલનની તૈયારી પણ થયેલી પણ સરકારે ગમે તે રીતે આંદોલનની હવા કાઢી નાંખી પણ આ મુદ્દો શમી ગયો નથી ત્યારે કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને જૂનાં વાહનો માટે ઇ-૧૦ પેટ્રોલ પાછું લાવવાનું સૂચન કરતાં આ અંગે પાછી ચર્ચા શરૂ થઈ છે.

નાગેશ્વરનનું કહેવું છે કે, ભારતના સાતથી આઠ કરોડ વાહનો ઇ-૧૦ ઇથેનોલ પેટ્રોલ માટે બનાવાયાં છે, ઈ-૨૦ ઇથેનોલ મિશ્રણવાળા પેટ્રોલ માટે બનાવાયેલાં નથી. ઈ-૨૦ પેટ્રોલના કારણે તેમની એવરેજ તો ઘટે જ છે પણ જૂના એન્જિનમાં કમ્પેટિબિલિટીની તકલીફ આવી શકે છે. ઇથેનોલ રબર સોલ અને ફ્યુઅલ સિસ્ટમના પાર્ટ્સ પર અસર કરે છે અને કાર્બોરેટરવાળા વાહનોને પણ વધુ ઇથેનોલવાળા મિશ્રણથી ચાલતા વાહનોના લીધે તકલીફ પડી શકે છે એ જોતાં ૨૦ ટકા ઈથેનોલની મિલાવટ ફાયદાકારક નથી. નાગેશ્વરનના સૂચનનો ઇથેનોલ ઇન્ડસ્ટ્રીઝે વિરોધ કર્યો છે ને દાવો કર્યો છે કે, એકદમ વૈજ્ઞાનિક અભ્યાસ પછી આ નિર્ણય લેવાયો છે એ જોતાં તેમાં હવે આઘુંપાછું થઈ શકે તેમ નથી.

નાગેશ્વરને ઈથેનોલની ભેળસેળના કારણે ભવિષ્યમાં પડનારી ખતરનાક અસરો તરફ પણ ધ્યાન દોર્યું છે. ઈથેનોલના વપરાશના કારણે ભવિષ્યમાં ખાદ્યાન્નની તંગી પેદા થઈ શકે ને મોંઘવારી બેફામ થઈ જશે એવી ચેતવણી ગંભીર છે. વાહનો પરની અસરને ધ્યાનમાં ના લો તો પણ આ મુદ્દાને અવગણી શકાય તેમ જ નથી.

આ મુદ્દો પહેલાં પણ ઉઠાવાયો છે પણ તેની ગંભીરતાથી ચર્ચા થઈ નથી. નાગેશ્વરનનું કહેવું છે કે, પેટ્રોલમાં ભેળવવા માટે ઇથેનોલનું ઉત્પાદન વધારાશે તેના કારણે દેશમાં મોંઘવારી તો વધશે જ પણ ખાદ્ય પદાર્થોની અછત પણ પેદા થઈ શકે છે. નાગેશ્વરને કરે લી વાત પર બહુ ગંભીરતાથી વિચારવાની જરૂર છે. તેમનું કહેવું છે કે, અત્યારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે તેથી ઈથેનોલની જોરદાર માગ છે.

અત્યાર લગી ઈથેનોલની માગને પૂરી કરવા માટે શેરડીના કૂચા સહિતના કચરાનો ઉપયોગ થતો પણ ઇથેનોલની વધતી જતી માગને પૂરી કરવા માટે ખેતપેદાશોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શેરડી, મકાઈ અને ચોખા તેમાં મુખ્ય છે. અત્યારે ઇથેનોલ બનાવતી ફેક્ટરીઓ જંગી પ્રમાણમાં શેરડી, મકાઈ અને ચોખાની ખરીદી કરી રહી છે તેથી ભવિષ્યમાં શેરડી, મકાઈ અને ચોખાની અછત ઊભી થઈ શકે છે. અછત ઊભી થાય એટલે ભાવ વધવાના ને તેની અસર સામાન્ય લોકોના ખિસ્સા પર જ પડશે.

નાગેશ્વરને તો ચેતવણી આપી છે કે, ભવિષ્યમાં ઇથેનોલ બનાવતી કંપનીઓ માગને પહોંચી વળવા માટે ઊંચા ભાવ આપીને મકાઈ ખરીદવા લાગશે તો અત્યારે મકાઈનો ખાદ્યાન્ન તરીકે ઉપયોગ કરતા આદિવાસી સહિતના લોકો શું ખાશે ? પોલ્ટ્રી ઇન્ડસ્ટ્રીમાં તો કાચો માલ જ મકાઈ છે તેથી સૌથી મોટો ખતરો પોલ્ટ્રી ઉદ્યોગ પર છે. મકાઈ ઈથેનોલની ફેક્ટરીઓમાં મોકલવામાં આવતાં પશુઓ માટેનો ચારો મોંઘો થઈ જશે. પરિણામે ઇંડા, ચિકન, દૂધની સાથે અન્ય ડેરી પેદાશો મોંઘી થતાં ફુગાવો વધશે અને સામાન્ય લોકોની પહોંચની બહાર ભાવ જતા રહેશે.

ભારતમાં લોકોને ખાંડ અને ગોળ વિના ચાલતું નથી. લોકોની રોજિંદી ખાવાની આદતોમાં ગોળ-ખાંડ અનિવાર્ય છે. શેરડી ઈથેનોલ બનાવવા વપરાવા માંડે તો ગોળ-ખાંડની અછત પણ ઊભી થાય ને તેના ભાવ વધે. ખાંડ બહારથી મંગાવાય તો વિદેશી હૂંડિયામણ પણ વેડફાય. ભારતમાં કરોડો લોકો સુગર, પોલ્ટ્રી અને ડેરી ઉદ્યોગ પર નભે છે ને ભવિષ્યમાં સુગર, પોલ્ટ્રી અને ડેરી ઉદ્યોગ માટે સંકટ સર્જાય તો તેમની રોજગારી પર પણ સંકટ ઊભું થશે એ જોતાં ઈથેનોલની ગંભીર ને ખતરનાક અસરો લોકો પર પડશે.

નાગેશ્વરન વિપક્ષના નેતા નથી કે સરકારને ભીંસમાં લેવા માટે જીભે ચડે એ બોલી નાંખે ને પુરાવા વિનાના આક્ષેપો પણ કરી નાંખે. નાગેશ્વરન ભાજપના નેતા પણ નથી કે સાંધાની સૂઝ ના પડતી હોય છતાં ગામ આખાને જ્ઞાન પિરસ્યા કરે. મોદી સરકારને અર્થશાસ્ત્રનો અ પણ ખબર ના હોય પણ સરકારમાં બેઠેલા લોકોની ચાપલૂસીમાં નિષ્ણાત હોય એવા લોકોને રિઝર્વ બેંકમાં બેસાડી દીધા છે પણ નાગેશ્વરન એ જમાતના પણ નથી.

નાગેશ્વરને વરસો લગી ટોચની બેંકો સાથે કામ કર્યું છે અને અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે પણ કામ કર્યું છે તેથી સૂંઠના ગાંગડે બનેલા ગાંધી નથી પણ ખ્યાતિપ્રાપ્ત અર્થશાસ્ત્રી છે. નાગેશ્વરનને મોદી સરકારે પોતે આર્થિક બાબતો અંગે સલાહ આપવા નિમ્યા છે એ જોતાં મોદી સરકારે તેમની સલાહ માનવી જોઈએ. તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે, ઈથેનોલનો ખેલ દેશના ફાયદામાં નથી. મોદી સરકારે દેશહિતનો વિચાર કરીને પણ આ વાત માની લેવાની જરૂર છે ને ઈથેનોલની પેટ્રોલમાં ભેળસેળનો ખેલ બંધ કરવાની જરૂર છે.

મોદી સરકારે ઈથેનોલને પ્રોત્સાહન આપે તો વાંધો નથી. ખાલી ઈથેનોલથી ચાલતાં વાહનોનો ઉપયોગ વધે એ માટે પ્રયત્ન કરે તેમાં પણ ખોટું નથી પણ લોકો પોતાની મરજીથી ઈથેનોલ તરફ વળે એવું થવું જોઈએ. સરકારી કંપનીઓ પેટ્રોલમાં ઈથેનોલ ભેળવીને આપે ને લોકોએ જખ મારીને એ ખરીદવું જ પડે એ સ્થિતિ ના હોવી જોઈએ.

મોદી સરકાર સામે એક આક્ષેપ એવો થઈ રહ્યો છે કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો ખેલ અમેરિકાના લાભાર્થે કરાઈ રહ્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સ વિશ્વમાં ઇથેનોલનું સૌથી મોટું ઉત્પાદક છે અને વૈશ્વિક ઉત્પાદનના લગભગ ૫૪ ટકા ઈથેનોલ અમેરિકામાં બને છે. અમેરિકાએ ૨૦૨૫માં ૧૬ અબજ ગેલન ઇથેનોલનું ઉત્પાદન કર્યું હતું. બ્રાઝિલ બીજા નંબરે જ્યારે આપણે ત્રીજા નંબરે છીએ. જો કે વિશ્વમાં વધારે માગ બ્રાઝિલના ઈથેનોલની છે કેમ કે, અમેરિકામાં મોટા ભાગનું ઈથેનોલ મકાઈમાંથી બને છે જ્યારે બ્રાઝિલનું મોટા ભાગનું ઈથેનોલ શેરડીમાંથી બને છે. શેરડીમાંથી બનતું ઇથેનોલ વધારે માઈલેજ આપે છે તેથી અમેરિકાનું ઈથેનોલ ઓછું પસંદ કરાય છે.

અમેરિકાએ ભારતને ઈથેનોલ બતાડીને પોતાની કંપનીઓને ફાયદો કરાવવાનો ખેલ પાડ્યો હોવાનું કહેવાય છે. ભારતમાં પેટ્રોલની ખપત બહુ વધારે છે ને પેટ્રોલમાં ૧૦ ટકા ઈથેનોલ વધારે નંખાય તો પણ અબજો ગેલન ઈથેનોલ જોઈએ. અમેરિકા આપણને ઈથેનોલ આપીને ખંખેર્યા કરે તેથી આખો કાર્યક્રમ હાથ ધરાયાનું કહેવાય છે. આ વાત સાચી હોય તો તેના કારણે ભારતમાં મકાઈ, શેરડી કે ચોખાની અછત ના સર્જાય પણ અમેરિકા પાસેથી ઈથેનોલ ખરીદવામાં વિદેશી હૂંડિયામણ તો વેડફાય જ તેથી એ પણ દેશના હિતમાં નથી જ.

આશા રાખીએ કે મોદી સરકાર દેશના હિતમાં વર્તે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૧૯-૮-૨૦૨૬,
શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસી જયંતી

- ભારતીય દિનાંક ૨૮, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૭
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૦૬-૪૬ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૯ સુધી (તા. ૨૦), પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૪૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૫૩, રાત્રે ક. ૨૨-૨૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – સપ્તમી. શીતલા સપ્તમી, ગોસ્વામી તુલસી જયંતી, બુધ પૂજન, વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૯. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૧૯-૧૯. સૂર્ય મહાનક્ષત્ર મઘામાં, વાહન મોર
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- શ્રાવણ મહિમાઃ જન્મકુંડળીમાં ચંદ્રના ગુરુ અને બુધના અશુભ યોગો હોય તેમણે શિવપૂજા અવશ્ય કરવી. શિવપૂજાથી શિવતત્ત્વ પ્રાપ્ત થાય છે. શિવ કલ્યાણકારી છે. નિત્ય શિવપૂજા, અભિષેક, શિવ મંદિરના દેવદર્શનના નિયમ જાળવી રાખવાથી જીવનમાં વ્યવહારુંપણું આવે છે. જીવન જીવવા માટે બળ પ્રાપ્ત થાય છે. શ્રાવણમાં શિવપૂજા એક અનેરો અવસર છે, પરંતુ સમગ્ર વર્ષમાં અને સમગ્ર જીવનપર્યંત શિવપૂજા જાળવી રાખવાથી સમૃદ્ધિ, આરોગ્ય, શાંતિ પ્રાપ્ત થાય છે.
- મુહૂર્ત વિશેષઃ શીતળા સપ્તમી હોય શીતળા માતાનું પૂજન, ટાઢું ખાવાનો મહિમા છે. ઈન્દ્ર, અગ્નિદેવતાનું પૂજન, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ પીઠ પાછળ નિંદા કરવાની આદત
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ચાઈલ્ડ પૉર્ન મુદ્દે મેટા હવે વધુ સંવેદનશીલઃ સરકાર

નવી દિલ્હીઃ સરકારે 'મેટા' સાથે કડક શબ્દોમાં કરેલી વાતચીતના પરિણામે ચાઈલ્ડ સેક્સ્યુઅલ અબ્યુસ મટિરિયલ (સીએસએએમ)ના મુદ્દે કાર્યવાહી અને વધુ સંવેદનશીલતા જોવા મળી હોવાનું ઈન્ફોર્મેશન ઍન્ડ ટૅક્નોલૉજી ખાતાના સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું.

સરકારે સ્પષ્ટતા કરી હતી કે આ પ્રકારની સામગ્રી કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન કરે છે અને જ્યારે આ પ્રકારે કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે તેમના માટે કોઈ સુરક્ષિત આશ્રય નથી હોતો.

સરકારનો આશય ભારતીય કાયદાઓનું પાલન થાય અને સોશ્યલ મીડિયાથી થતું નુકસાન ઘટે તે સુનિશ્ચિત કરવાનો છે, સેન્સરશિપ કે કવરેજને કોઈપણ રીતે નિયંત્રિત કરવાનો નથી અને આ સંદેશો સ્પષ્ટ રીતે એ લોકો સુધી પહોંચી ગયો છે, એમ તેમણે કહ્યું હતું. ચર્ચા દરમિયાન મેટાએ તેની સિસ્ટમ અને અલ્ગોરિધમ કઈ રીતે કામ કરે છે તે સમજાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર વૉટ્સએપ યુઝરનેમ મુદ્દો હાલ તપાસ હેઠળ છે. આ મામલો માત્ર એક પ્લેટફોર્મ પૂરતો સીમિત નથી, પરંતુ અન્ય મૅસેજિંગ ઍપ્સને પણ આવરી લે છે. (એજન્સી)■

## યુપીમાં ચૂંટણીની જવાબદારી વિનોદ તાવડેને

### ગુજરાત ભાજપના પ્રભારી તરીકે તરુણ ચુઘની નિમણૂક

નવી દિલ્હીઃ ભાજપના અધ્યક્ષ નીતિન નબીને રાજ્યસભાના સાંસદ વિનોદ તાવડેની ઉત્તર પ્રદેશમાં પક્ષના પ્રભારી અને નવા જ નિમાયેલા રાષ્ટ્રીય મહામંત્રી જગદીશ ઈશ્વરભાઈ પટેલની સહ-પ્રભારી તરીકે તો રાજ્યસભામાં પક્ષના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય સચિવ તરીકે નવા નિમાયેલા સતીશ પુનિયાની પંજાબના પ્રભારી તરીકે તેમ જ રાજ્યસભાના સાંસદ તરુણ ચુઘની ગુજરાતના પ્રભારી તરીકે મંગળવારે નિમણૂક કરી હતી.

પક્ષ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવ્યા અનુસાર આ નિમણૂકો તાત્કાલિક અસરથી અમલી બનશે.

અન્ય રાજ્યો માટે પ્રભારીઓની નિમણૂક યોગ્ય સમયે કરવામાં આવશે અને ત્યાં સુધી વર્તમાન પ્રભારી વ્યવસ્થા ચાલુ રહેશે, એમ બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર આવતા વર્ષના આરંભમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ નિમણૂકો કરવામાં આવી છે.

પંજાબ અને ઉત્તર પ્રદેશમાં આવતા વરસે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. વર્ષ ૨૦૨૭ના અંતમાં ગુજરાતમાં પણ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

આ જાહેરાતના એક દિવસ અગાઉ જ ભાજપે પક્ષપ્રમુખ નીતિન નબીનના વડપણ હેઠળની ટીમમાં મોટો ફેરફાર કર્યો હતો અને તેમાં અનેક નવા ચહેરાઓને સ્થાન આપ્યું હતું.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીને મહામંત્રી અને આરએસએસના ભૂતપૂર્વ કાર્યકર્તા રામ માધવને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

નવી ટીમમાં ઉપાધ્યક્ષોની સંખ્યા ૧૧થી વધારીને ૧૩ કરવામાં આવી હતી, જેમાં નવ નવા ચહેરા છે. આ ઉપરાંત મહાસચિવોની સંખ્યમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. (એજન્સી)■

## સોનિયાના શરીરમાં તો ઇટાલિયન લોહીઃ વંદે માતરમ્ વિવાદમાં કેન્દ્રીય પ્રધાનની ટીકા

નવી દિલ્હીઃ સ્વતંત્રતા દિવસ પર કોંગ્રેસ મુખ્યાલયમાં વંદે માતરમના સંપૂર્ણ સંસ્કરણના ગાયનના વિવાદ વચ્ચે કેન્દ્રીય પ્રધાન એચ.ડી. કુમારસ્વામીએ સોનિયા ગાંધી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે ઇટાલિયન લોહી તેમની નસોમાં વહે છે અને આ ઘટના વિશે પક્ષ પર સવાલ ઉઠાવ્યા છે. તમે સોનિયા ગાંધી પાસેથી શું અપેક્ષા રાખી શકો છો? સોનિયા ગાંધી મૂળ આપણા દેશની નથી; તે લગ્ન પછી અહીં આવી હતી. પરંતુ તેની નસોમાં વહેતું મોટાભાગનું લોહી ઇટાલિયન છે, ખરું ને? તેવું કુમારસ્વામીએ કહ્યું હતું. શનિવારે કોંગ્રેસ મુખ્યાલય, ઇન્દિરા ભવન ખાતે એક નાટકીય ઘટના પછી તેમની આ ટિપ્પણી આવી હતી.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન પાર્ટી મુખ્યાલયમાં ત્રિરંગો લહેરાવ્યો હતો, જ્યાં ગાયકોએ વંદે માતરમ ગાવાનું શરૂ કર્યું હતું.

જોકે, પાર્ટીએ રાષ્ટ્રીય ગીતના પહેલા બે શ્લોક સુધી ગાવાનું મર્યાદિત રાખવાનો નિર્ણય લીધો હોવા છતાં, ગાયકો સંપૂર્ણ આવૃત્તિ ગાવાનું ચાલુ રાખ્યું હતું.

સોનિયા ગાંધીએ સૌપ્રથમ નોંધ્યું હતું કે ગાયકો સંપૂર્ણ આવૃત્તિ ગાવાનું ચાલુ રાખી રહ્યા હતા. તેમણે ખડગે તરફ ઇશારો કર્યો અને બાદમાં ગાયકો સાથે વાતચીત કરતા દેખાયા, તેમને રોકવા માટે કહ્યું.

ખડગે પણ સતત ગાવાનું ચાલુ રાખતા જોવા મળ્યા, જ્યારે પક્ષના એક કાર્યકર્તા બંને નેતાઓને પરિસ્થિતિ સમજાવતા દેખાયા. રાહુલ ગાંધીએ દૂરથી ઘટનાક્રમ જોયો હતો.

આ ઘટનાએ રાજકીય વિવાદ ઉભો કર્યો, ભાજપે આરોપ લગાવ્યો કે સોનિયાએ કોંગ્રેસના કાર્યક્રમમાં વંદે માતરમનું સંપૂર્ણ સંસ્કરણ ગાવા સામે વાંધો ઉઠાવ્યો હતો. કોંગ્રેસે આ આરોપને ફગાવી દીધો છે, અને કહ્યું છે કે રાષ્ટ્રીય ગીતની સંપૂર્ણ આવૃત્તિને રોકવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. પાર્ટીએ કહ્યું કે સોનિયાએ ફક્ત ખડગે માટે ખુરશી માગી હતી, જે થોડા સમય માટે ઉભા હતા. ■

## દિલ્હી, ઝારખંડ પછી હવે બિહારમાં વિદ્યાર્થી આંદોલન

પટણા : ઝારખંડ અને દિલ્હી બાદ બિહારમાં હવે વિદ્યાર્થીનું આંદોલન ઉગ્ર બને તેવી સંભાવના છે. વિદ્યાર્થીઓએ પટનાના ગર્દનીબાદ ધરણા સ્થળ પર બીપીએસસી ટીઆરઈ-૪, બીએસએસસી, બીએસઓ ભરતી, પેપર લીક અને બેરોજગારીના મુદ્દાને લઈને વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી ન્યાય સત્યાગ્રહ શરૂ કર્યો છે. વિદ્યાર્થી નેતા દિલીપ કુમારના નેતૃત્વમાં સેંકડો ઉમેદવારોએ ત્રણ દિવસની ભૂખ હડતાળ શરૂ કરી છે.

આંદોલનકારી વિદ્યાર્થીઓએ બિહાર સરકારને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે કે જો નક્કી સમયની અંદર શિક્ષક ભરતી પરીક્ષા (ટીઆરઈ-૪)નું નોટિફિકેશન જાહેર કરવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર કરવાની ચીમકી આપી હતી વિદ્યાર્થીઓએ ચેતવણી આપી છે કે તબક્કાવાર ભૂખહડતાળ પણ શરૂ કરવામાં આવશે.

શિક્ષક ભરતી પરીક્ષા (ટીઆરઈ-૪) ના ચોથા તબક્કાના સમયસર આયોજનની માંગણી કરી રહેલા નોકરી ઇચ્છુક ઉમેદવારોએ ચીમકી આપી હતી કે ૨૪ કલાકની અંદર પરીક્ષાનું જાહેરનામું જાહેર કરવાની માગ કરી હતી નહીં તો તેઓ રાજ્યના શિક્ષણ પ્રધાનના રાજીનામા માટે તેમના નિવાસસ્થાનનો ઘેરાવ કરી શકે છે. વિદ્યાર્થીઓ સહાયક પ્રોફેસરોની ભરતી અંગેના નવા નિયમો અને રાજ્ય સિવિલ સર્વિસીસ પરીક્ષામાં વિસંગતતાઓ સહિત અનેક મુદ્દાઓ પર વિરોધ કરી રહ્યા છે.

મંગળવારે શિક્ષકની નોકરી મેળવવા માગતા ઉમેદવારોએ વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. તેમની માંગમાં બીપીએસસી-ટીઆરઈ-૪માં સિંગલ ટિયર પરીક્ષા, ખોટી રીતે નોકરી મેળવનારા સામે કડક કાર્યવાહી, બીએસએસસી ભરતીઓમાં પારદર્શિતા અને પરીક્ષા માફિયાઓ સામે કાર્યવાહીની માંગણી કરીને પોતાનો વિરોધ શરૂ કર્યો. વિદ્યાર્થી નેતા દિલીપ કુમારે જણાવ્યું હતું કે સરકારે ૨૪ કલાકની અંદર બીપીએસસી ટીઆરઈ-૪ પરીક્ષા માટે જાહેરનામું બહાર પાડવું જોઈએ. નહીં તો અમે બિહારના શિક્ષણ પ્રધાનના રાજીનામાની માંગણી સાથે તેમના નિવાસસ્થાનનો ઘેરાવ કરી શકીએ છીએ, જો માગણી ત્રણ દિવસમાં પૂર્ણ નહીં થાય તો તેમણે ભૂખ હડતાળ પર જવાની ચીમકી પણ આપી હતી. ■

### વંદે માતરમ્ વિવાદ

## ...તો હું ગાંધીજી, વાજપેયી જેટલો જ અપરાધીઃ ખડગે

નવી દિલ્હીઃ ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન કોંગ્રેસના મુખ્યાલય ખાતે રાષ્ટ્રગાન વંદે માતરમ્ ગાવા મુદ્દે શરૂ થયેલા વિવાદનો સમગ્ર દેશની રાજનીતિમાં ચર્ચા છે. વંદે માતરમ્‌ને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે 'મેં એ જ વંદે માતરમ્ ગાયું હતું, જે પંડિત જવાહરલાલ નહેરુ, મહાત્મા ગાંધી અને અટલ બિહારી વાજપેયીએ ગાયું હતું. જો મેં ગુનો કર્યો છે, તો ગાંધીજી અને વાજપેયી પણ દોષિત છે.'

તેમણે કહ્યું હતું કે ભાજપ કહે તેમ થશે નહીં. કોંગ્રેસ પાર્ટીએ ૯૦ વર્ષ જૂની પરંપરા ચાલુ રાખી છે. મીડિયા સાથે વાત કરતા ખડગેએ કહ્યું કે, મેં એ જ 'વંદે માતરમ્' ગાયું હતું જે મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુએ ગાયું હતું. જો તે ગાવું ગુનો હોય તો તેઓ છેલ્લા ૧૮ વર્ષથી એ જ ગુનો કરી રહ્યા છે. જો આ ગુનો છે તો ગાંધીજી વિરુદ્ધ કેસ દાખલ કરો. જો તે ગુનો છે તો નેહરુજી વિરુદ્ધ પણ કેસ દાખલ કરો. જો તે ગુનો છે તો વલ્લભભાઈ પટેલ વિરુદ્ધ પણ કેસ દાખલ કરો. અટલજીએ એ જ 'વંદે માતરમ્' ગાયું હતું, તેના પર પણ કેસ દાખલ કરો. ■

## મહાતોનાં પારણાં સાથે બીજા આંદોલનની જાહેરાત પણ

રાંચીઃ ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોરચાના (જેકેએલએમ)નેતા દેવેન્દ્ર નાથ મહાતોએ તેમના ૧૬ દિવસનાં અનશનનો મંગળવારે અંત આણ્યો હતો. ઝારખંડ સરકારે ભરતી પરીક્ષામાં કથિત ગેરરીતિને પગલે પરીક્ષા રદ કરી ત્યાર બાદ મહાતોએ પારણાં કર્યાં હતાં. હું જેપીએસસી અને જેએસએસસી ી પરીક્ષામાં ભ્રષ્ટાચાર ન થાય એ માટે મારા આંદોલનનો બી જો અધ્યાય શરૂ કરીશ. સરકાર પેપર ન ફૂટવાની અને ભરતી પરીક્ષામાં કોઈ ગેરરીતિની ખાતરી નહીં આપે ત્યાં સુધી દેખાવો ચાલુ રહેશે. મેં મારા ઉપવાસ પૂરા કર્યા છે, પરંતુ મારું આંદોલન ચાલુ છે. જ્યાં સુધી સરકાર પેપર ન ફૂટવાની અને ભરતી પરીક્ષામાં કોઈ ગેરરીતિ નહી થાય તેની ખાતરી નહીં મળે ત્યાં સુધી દેખાવો ચાલુ રહેશે. અમે ટૂંક સમયમાં જ બીજો અધ્યાય શરૂ કરીશું. અમે જેપીએસસી, જેએસએસસી પરીક્ષામાં કરપ્શનની મુક્તિ ઈચ્છીએ છીએ. ■

## કૅનેડામાં ભારતીય મૂળની વ્યક્તિ સામે મહિલા પર જાતીય હુમલો કરવાનો આક્ષેપ

સરેઃ કૅનેડાના સરે શહેરના એક પાર્કમાં મહિલાનો અશ્લીલ સ્પર્શ કરવાને મામલે ભારતીય મૂળની એક વ્યક્તિ (ઉં.વ. ૪૦) પર બે આરોપ મૂકવામાં આવ્યા હોવાનું પોલીસે કહ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર નવ ઑગસ્ટે સરેના બૅર કીક પાર્કમાં આ ઘટના બની હતી. ઘટનાને મામલે મળેલી ફરિયાદને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાનો ભોગ બનેલી મહિલાના જણાવ્યા અનુસાર એક પુખ્ત વયની વ્યક્તિએ અશ્લીલ રીતે મારાં શરીરને સ્પર્શ કર્યો હતો અને ત્યાર બાદ એ વ્યક્તિ ત્યાંથી ભાગી ગઈ હતી. ઘટનાને મામલે પોલીસે તપાસ આરંભી હતી અને આરોપી વ્યક્તિની માહિતી આપવા જાહેર અપીલ કરી હતી. પોલીસે શંકસ્પદ વ્યક્તિની તસવીરો પણ જાહેર કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી જગેન્દર કુરાનાની ૧૨ ઑગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી. બ્રિટિશ કોલંબિયા પ્રોસ્કિયુશન સર્વિસે કૅનેડિયન ક્રિમિનલ કોડ અંતર્ગત કુરાના સામે બે આરોપોને મંજૂરી આપી હતી. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### ઝારખંડમાં પરીક્ષા રદ

લેવામાં આવેલી તમામ ભરતી પરક્ષાઓ પણ રદ કરવાની વાત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી મુખ્ય માગણીઓ સંબંધિત નિર્ણયોમાંનો આ એક નિર્ણય હતો અને તેનાથી આંદોલન શાંત થવાની શક્યતા હતી. જોકે હવે સરકાર સામે નવી સમસ્યા ઊભી થઈ છે કેમ કે જેએસએસસી-સીજીએલ પરીક્ષા પાસ કરીને નોકરી મેળવનારા ઉમેદવારોની નોકરી સામે જોખમ ઊભું થયું છે. આ ઉમેદવારો તપાસનો વિરોધ નથી કરી રહ્યા, પરંતુ પોતાનો પક્ષ રજૂ કરવા યોગ્ય તક આપવાની માગણી કરી રહ્યા છે. પરીક્ષામાં પાસ થયેલા તેમ જ પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ બંને હવે સીબીઆઈ તપાસની માગણી કરી રહ્યા છે. (એજન્સી) ■

### એફઆઈઆર રદ

સરકારને તેમણે સુપ્રીમ કોર્ટ સમક્ષ એવા કેસોની યાદી રજૂ કરવાની માગણી કરી હતી જેને રદ કરી શકાય.

વિરોધપ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા કરવામાં આવેલી કઠોર કાર્યવાહી અને પોલીસ અધિકારીઓ વિરુદ્ધ આચરવામાં આવેલી હિંસાના આક્ષેપો સંબંધિત અરજીઓની કોર્ટ સુનાવણી કરી રહી હતી. અરજકર્તાના વકીલ વૃંદા ગ્રોવરે સુપ્રીમ કોર્ટને દેશભરના પ્રદર્શનકર્તા વિદ્યાર્થીઓ સામેના એફઆઈઆર રદ કરવા બંધારણની કલમ ૧૪૨નો ઉપયોગ કરવાની વિનંતી કરી હતી. (એજન્સી)■

### મૉસ્કો પર યુક્રેનનો

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

વિશ્લેષકો કહે છે કે પૂર્વી અને દક્ષિણ યુક્રેનમાં આશરે ૧૨૫૦ કિલોમીટર ફ્રન્ટ લાઇન પર લડાઈ લડી રહેલા દેશો લાંબા અંતરના હવાઈ હુમલાઓના વધતા જતા દ્વંદ્વયુદ્ધમાં ફસાયેલા છે કારણ કે મોટી સંખ્યામાં ડ્રોન અને ગ્રાઉન્ડ રૉબૉ દ્વારા સૈનિકોની હિલચાલને અવરોધી રહી છે.

છેલ્લા એક વર્ષમાં યુક્રેને રશિયાની અંદર ઊંડાણમાં હુમલાઓ માટે સ્થાનિક રીતે ઉત્પાદિત લાંબા અંતરના ડ્રોન બનાવ્યા છે અને તૈનાત કર્યા છે. તેની ડ્રૉન ટેકનોલોજીએ વિશ્વભરની સરકારો અને સંરક્ષણ ઉત્પાદકોને પ્રભાવિત કર્યા છે.

કીવ અધિકારીઓનો ઉદ્દેશ રશિયન જનતાને યુદ્ધના પરિણામોનો અહેસાસ કરાવવાનો અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પર શાંતિ સમાધાન માટે વાટાઘાટો કરવા દબાણ કરવાનો છે. પુતિને અત્યાર સુધી આક્રમણ રોકવાનો કોઈ ઈરાદો ધરાવતા સંકેતો દર્શાવ્યા નથી. પુતિન યુક્રેનના વાસ્તવિક યુદ્ધવિરામ પ્રસ્તાવોને સ્વીકારવા અને રક્તપાત બંધ કરવાને બદલે યુદ્ધને લંબાવવાનું ચાલુ રાખે છે, તેવું યુક્રેનના વિદેશ પ્રધાન એન્ડ્રી સિબિહાએ ઍક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

રશિયન હવાઈ સંરક્ષણ દળોએ રાત્રે રશિયન પ્રદેશો, તેમજ જોડાયેલા ક્રિમીઆ અને કાળા અને અઝોવ સમુદ્ર પર ૭૯૧ યુક્રેનિયન ડ્રૉનને અટકાવ્યા હતા, તેવું મોસ્કોમાં સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. ■

### ફાંસીના બદલે મોતનું

સ્પષ્ટ કરીએ છીએ કે વર્તમાન અરજીને ફગાવી દેવાનો અર્થ એ નથી કે ભવિષ્યમાં બંધારણીય તપાસનો રસ્તો બંધ થઈ ગયો છે. જો કોઈ ચોક્કસ વૈજ્ઞાનિક, તબીબી પુરાવા સામે આવે છે અને તે દર્શાવે છે કે ૧૯૮૩ના ચુકાદામાં જે હકીકતલક્ષી અને વૈજ્ઞાનિક આધાર પર નિર્ણય લેવામાં આવ્યો હતો તે બાદના ઘટનાક્રમોના કારણ ઘણી હદ સુધી બદલાઈ ગયો છે તો ભવિષ્યમાં બંધારણીય તપાસ થઈ શકે છે.

કોર્ટે કહ્યું કે તેના ચુકાદાથી કેન્દ્ર સરકારને ફાંસીની વર્તમાન રીતની વ્યાપક સમીક્ષા કરવાથી રોકી શકાશે નહીં. કેન્દ્ર સરકારને યોગ્ય લાગે તો કોઈ નિષ્ણાત સંસ્થા મારફતે ફાંસીની કોઈ વૈકલ્પિક પદ્ધતિ પર વિચારી શકે છે. ■

### ભારતની ચૂંટણી પ્રક્રિયા

કેવી રીતે યોજાઈ શકે ?

ટ્રમ્પે સૅવ અમેરિકા એક્ટ માટે સમર્થન મેળવવા માટે આ ટિપ્પણીઓ કરી હતી જેમાં અમેરિકનોને મતદાન માટે નોંધણી કરાવવા માટે નાગરિકતાનો પુરાવો બતાવવાની જરૂર પડશે, રાષ્ટ્રવ્યાપી મતદાર ઓળખની આવશ્યકતા લાદવામાં આવશે અને મેઇલ દ્વારા મતદાનને ગંભીર રીતે મર્યાદિત કરવામાં આવશે.

આ મહિનાની શરૂઆતમાં, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર, જ્ઞાનેશ કુમારે અમારા વહીવટને પૂછ્યું હતું કે - માન્ય ફોટો આઈડી વિના તમે યુએસમાં ચૂંટણી કેવી રીતે કરાવી શકો છો, તેવું ટ્રમ્પે લખ્યું હતું.

આપણે હવે સૅવ અમેરિકા એક્ટ પસાર કરવાની જરૂર છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ટ્રમ્પ સેફગાર્ડ અમેરિકન વોટર એલિજિબિલિટી (સૅવ) અમેરિકા એક્ટ પસાર કરવાનો આગ્રહ રાખી રહ્યા છે, અને દાવો કરી રહ્યા છે કે આ પગલાથી ચૂંટણીમાં છેતરપિંડી અટકશે. ■

# રેડી ફોર રિડેવલપમેન્ટઃ અમદાવાદની પચીસ ટકા ઈમારતો ૩૦ વર્ષ કરતા જૂની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરોમાં હાઉસિંગ એક મોટો પડકાર છે અને તેના વિવિધ પાસાઓ છે. અમદાવાદમાં પણ કૂદકેને ભૂસકે આગળ વધી રહ્યું છે. વધતી વસ્તીની જરૂરિયાતને પહોંચી વળે તેટલા હાઉસિંગ પ્રોજેક્ટની શહેરમાં જરૂર છે. જોકે બીજી બાજુ મોટા પ્લોટ્સની અછત અને ભાવ પણ ભાગ ભજવે છે. આ બધાના ઉકેલ તરીકે જૂની ઈમારતોના રિડેવલપમેન્ટ માટે શહેરમાં સારી તકો છે, તેમ એક અહેવાલ જણાવે છે.

શહેરની એક જાણીતી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા સર્વે અનુસાર, શહેરમાં ૨૬ ટકા સોસાયટીઓ ૩૦ વર્ષથી જૂની છે. જેમાં ૧૯ ટકા સોસાયટીઓ ૩૦ થી ૪૦ વર્ષ જૂની છે. જ્યારે ૭ ટકા સોસાયટીઓ ૪૦ વર્ષ કરતાં વધારે જૂની છે. વર્તમાન નિયમો મુજબ, કોઈપણ રહેણાંક સોસાયટી કે બિલ્ડિંગનું ૨૫ વર્ષ બાદ રીડેવલપમેન્ટ થઈ શકે છે, જેના કારણે આ તમામ સોસાયટીઓ રીડેવલપમેન્ટ માટે પાત્ર બને છે. જ્યારે બીજી બાજુ રેરામાં નોંધાયેલા વર્તમાન પ્રોજેક્ટ્સ મુજબ, રીડેવલપમેન્ટના ૭૦ ટકા પ્રોજેક્ટ્સ નવરંગપુરા, પાલડી, વાસણા, મણિનગર અને નારણપુરા એમ ૫ વિસ્તારમાં નોંધાયા છે. આ પાંચ વિસ્તારો જ શહેરના કુલ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાં ૭૦ ટકા હિસ્સો ધરાવે છે, એટલે કે આ વિસ્તારોમાં સૌથી વધુ રીડેવલપમેન્ટ થઈ રહ્યું છે. રેરા-રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સના વિશ્લેષણ મુજબ, નવરંગપુરામાં ૪૪ પ્રોજેક્ટ્સ નોંધાયા હતા, ત્યારબાદ પાલડીમાં ૩૬, વાસણામાં ૨૬ અને મણિનગર તેમજ વાસણા/અન્ય વિસ્તારોમાં ૧૮-૧૮ પ્રોજેક્ટ્સ નોંધાયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે રીડેવલપમેન્ટ હાલ અમુક વિસ્તારો પૂરતું સીમિત છે, પરંતુ જો ચોક્કસ શરતો પૂરી થાય તો શહેરમાં આ ક્ષેત્રે વિશાળ સંભાવનાઓ રહેલી છે.

મર્યાદિત રીડેવલપમેન્ટ માટે જવાબદાર મુખ્ય પરિબળ પ્લોટ પર ઉપલબ્ધ મહત્તમ એફએસઆઈ અને હાલમાં વપરાયેલી એફએસઆઈ વચ્ચેનો તફાવત છે. તેમણે કહ્યું, આ તફાવત જેટલો વધારે હશે, તેટલી જ સોસાયટી અને ડેવલપર વચ્ચે મોટા મકાનો મેળવવા માટે વાટાઘાટોની તકો વધશે. ડેવલપર્સ માટે આ પ્રોજેક્ટ્સ ફાયદાકારક છે. કારણ કે ત્યાં પહેલેથી જ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોય છે અને ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સની સરખામણીએ ખર્ચ બચે છે, પરંતુ પાર્કિંગ એક મોટી સમસ્યા છે. ૨૦૦૧ના નિયમો હેઠળ બનેલી સોસાયટીઓને થોડી મુશ્કેલી પડી રહી છે, કારણ કે તેમાં બાલ્કનીઓને એફએસઆઈમાંથી મુક્તિ મળતી નથી, જેથી બિલ્ડરો માટે નેટ ગેઇન માત્ર ૨૦ ટકા જેટલો જ રહે છે. આ સાથે સૂત્રોનું જણાવવાનું હતું કે લોકો પોતાના એરિયામાં જો સારું, સુવિધાજનક મકાન મળી રહેતું હોય તો અન્યત્ર સેટલ થવાનું પસંદ કરતા નથી, આથી રિડેવલપમેન્ટ શહેરના હાઉસિંગ પ્રશ્નોને ઉકેલવાનો એક ઘણો જ સારો વિકલ્પ છે. ■

# અમદાવાદના રિયલ એસ્ટેટ ફ્રોડમાં ₹૧૨૯.૮૦ કરોડની મિલકતોને ટાંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઘર ખરીદનારાઓ અને રોકાણકારો સાથે થયેલા રિયલ એસ્ટેટ ફ્રોડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અમદાવાદ ઝોનલ ઓફિસે મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ મની લોન્ડરીંગ એક્ટર હેઠળ રોનક રવજીભાઈ સોનાણી, વિપુલભાઈ ગોરધનભાઈ ગાંગાણી, મે . કેશવ નારાયણ ગ્રુપ અને અન્યના કેસમાં .૧૨૯.૮૦ કરોડની સ્થાવર મિલકતો પ્રોવિઝનલી એટેચ કરી હોવાની માહિતી મળી હતી. અમદાવાદની ડીસીબી, સેટેલાઇટ, નવરંગપુરા અને બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી પાંચ ફરિયાદના આધારે ઈડીએ તપાસ હાથ ધરી હતી. તપાસમાં આરોપીઓએ સામાન્ય ઘર ખરીદનાર, નાના રોકાણકારો, વેપારીઓ અને મધ્યમવર્ગીય પરિવારોને આકર્ષક પ્રી-લૉન્ચ ભાવે ફલેટ અને દુકાનો આપવાની લાલચ આપી હતી અને ૫૪થી ૧૦૦ ટકા સુધીના ગેરંટી રિટર્નનું વચન આપ્યું હતું. ઈડીની તપાસ મુજબ છારોડી પ્રોજેક્ટમાં આશરે ૨૫૦ અને અક્ષર અનંત પ્રોજેક્ટમાં ૪૪થી વધુ ખરીદદાર-રોકાણકારો પાસેથી નાણાં લેવામાં આવ્યા હતા, પરંતુ ફલેટ-દુકાનો આપવામાં આવી નહોતી અને રકમ પણ પરત કરાઈ નહોતી. પ્રોજેક્ટ માટે જરૂરી રેરા રજિસ્ટ્રેશન અને એનએ મંજૂરી ન હોવા છતાં ગ્રાહકો પાસેથી નાણાં લેવાયા હતા. બાદમાં પ્રોજેક્ટની જમીન ત્રીજા પક્ષોને ટ્રાન્સફર કરવામાં આવી હતી. ઈડીએ છારોડીમાં ૬,૬૦૩.૩૩૨ ચોરસ મીટર, શેલામાં ૭,૨૮૪ ચોરસ મીટર તથા કડી તાલુકાના જેસંગપુરા-અગોલમાં ૩૦,૭૯૮ ચોરસ મીટર જમીન એટેચ કરી છે. ઈડીના જણાવ્યા મુજબ આ કાર્યવાહી મિલકતોના વધુ વેચાણ, ટ્રાન્સફર કે છુપાવાને રોકવા તથા પીડિતોને ભવિષ્યમાં કાયદેસરની પ્રક્રિયા હેઠળ રકમ પરત મેળવવામાં મદદરૂપ થશે. ઈડીએ ઘર ખરીદનારાઓને રેરા રજિસ્ટ્રેશન, મંજૂરીઓ, ટાઇટલ અને જમીનના દસ્તાવેજો ચકાસ્યા બાદ જ રોકાણ કરવા અપીલ કરી છે. ■

# દાહોદ બોગસ સરકારી કચેરી કૌભાંડમાં ઈડીની કાર્યવાહી

## ₹ ૨૨.૭૦ કરોડની મિલકતો એટેચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદના ચકચારી ફેક સરકારી કચેરી કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અમદાવાદ ઝોનલ ઓફિસે મોટી કાર્યવાહી કરી છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), હેઠળ ઈડીએ અબુબકર જાકીરઅલી સૈયદ તથા તેના પરિવારજનો અને સહયોગીઓ સાથે જોડાયેલી જંગમ અને સ્થાવર મિલકતો મળી કુલ ૨૨.૭૦ કરોડની મિલકતો પ્રોવિઝનલી એટેચ કરી છે. દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે ઈડીએ તપાસ શરૂ કરી હતી. તપાસમાં દાહોદ જિલ્લામાં સિંચાઈ અને જળ સંસાધન વિભાગની છ નકલી સરકારી કચેરીઓ ઊભી કરી કથિત કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં સંકળાયેલા.

આરોપીઓએ સરકારી અધિકારીઓ તરીકે ખોટી ઓળખ આપી, બનાવટી સીલ અને સહીનો ઉપયોગ કરી ખોટા દસ્તાવેજો તૈયાર કર્યા હતા અને તેના આધારે સરકારી ગ્રાન્ટ મેળવવામાં આવી હતી. ઈડીની તપાસમાં આરોપીઓએ કાવતરું રચીને ૧૨૧ નકલી કામોની મંજૂરી મેળવી સરકારી ભંડોળ મેળવ્યું હોવાનું બહાર આવ્યું છે. ઈડીની તપાસ મુજબ કથિત કૌભાંડની રકમ સૌપ્રથમ નકલી સરકારી કચેરીઓના નામે ખોલવામાં આવેલા નવ બેન્ક ખાતામાં જમા કરવામાં આવી હતી. ત્યારબાદ આ રકમ ૧૮ મધ્યસ્થી ખાતાઓ મારફતે ટ્રાન્સફર કરવામાં આવી અને અંતે આરોપીઓ સાથે જોડાયેલા વ્યક્તિઓ તથા સંસ્થાઓના ૧૧૮ અન્ય ખાતાઓમાં વહેંચવામાં આવી હતી. ઈડીએ એટેચ કરેલી રૂ. ૨૨.૭૦ કરોડની સંપત્તિમાં જમીનના સાત પાર્સલ, મ્યુચ્યુઅલ ફંડમાં કરાયેલા રોકાણો અને વિવિધ બેન્ક ખાતામાં રહેલી રકમનો સમાવેશ થાય છે. ■

# સુરતમાં પરિવારને ફૂડ પોઈઝનિંગ, પાંચ વર્ષીય બાળકીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછા વિસ્તારમાં ૧૫મી ઑગસ્ટના રોજ રેસ્ટોરાંમાંથી જમવાનું મંગાવી ખાધા બાદ પરિવારના સૌને ફૂડ પોઈઝનિગ થયું હતું, જેમાં પાંચ વર્ષીય બાળકી આર્યાનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય સભ્યો હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. પરિવાર રણુજાધામ સોસાયટીનો રહેવાસી છે. તેની બે બહેન અને માતા-પિતા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. સંબંધીઓના જણાવ્યા અનુસાર, તેમણે ૧૫ ઓગસ્ટની રાત્રે શીતલ રેસ્ટોરન્ટમાંથી કાજુ અને પનીર સહિત બે પંજાબી વાનગીઓનો ઓર્ડર આપ્યો હતો. ખોરાક ખાધા પછી પરિવારના સભ્યો એક પછી એક બીમાર પડવા લાગ્યા હોવાનું કહેવાય છે. પરિવારના સભ્ય ભાવેશભાઈ કલસરિયાએ જણાવ્યું હતું કે અશોકભાઈ ચકુરભાઈ કલસરિયા અને તેમના પરિવારે ૧૫ ઓગસ્ટના રોજ ભોજન લીધું હતું. ૧૬ ઓગસ્ટના રોજ સવારે ૪ વાગ્યાની આસપાસ, અશોકભાઈ અને તેમની એક પુત્રીને પેટમાં તીવ્ર દુખાવો થયો. શરૂઆતમાં તેઓ સ્થાનિક ક્લિનિકમાં ગયા અને દવા અને સારવાર લીધી, પરંતુ તેમની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહીં. બપોર સુધીમાં, પરિવારના અન્ય સભ્યોને પણ સ્વાસ્થ્ય સમસ્યાઓ થવા લાગી. તેમની હાલત વધુ ખરાબ થતાં, પરિવારને સદવિચાર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોકટરોની એક ટીમે તેમની સારવાર શરૂ કરી. જોકે, પરિવારના જણાવ્યા અનુસાર, ઇમરજન્સી વિભાગમાં લાવ્યા પછી આર્યાનું મૃત્યુ થયું હતું. સારવાર હેઠળ રહેલા પરિવારના ચાર સભ્યોની તબીબી તપાસમાં ખોરાકી ઝેર હોવાનું જણાયું છે. તેઓ હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. મૃત્યુનું ચોક્કસ કારણ નક્કી કરવા માટે મૃતક છોકરીના શરીરને પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યું હોવાની માહિતી પણ સૂત્રો દ્વારા મળી હતી. પરિવારે પોલીસ અને વરિષ્ઠ અધિકારીઓને અપીલ કરી હતી કે જો રેસ્ટોરન્ટ તરફથી બેદરકારી કે ઉલ્લંઘન જોવા મળે તો નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. તેમણે મૃત બાળક અને અસરગ્રસ્ત પરિવારના સભ્યો માટે ન્યાયની પણ માંગણી કરી હતી. ■

### આરોગ્ય પ્રધાને આપ્યા કડક નર્દિશ

વરાછા ફૂડ પોઈઝનિંગની ઘટના અંગે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ પાંચ વર્ષીય બાળકીના દુખદ અવસાન અંગે અસરગ્રસ્ત પરિવાર સાથે ટેલિફોનિક વાત કરી સાંત્વના પાઠવી હતી. રાજ્યની તમામ રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટી અંગે તકેદારી રાખવા આદેશ આપ્યા હતા. સુરત જીલ્લા આરોગ્ય અધિકારી અને એસએમસીના અધિકારીને પોસ્ટમોર્ટમ રીપોર્ટ આવ્યા બાદ જરૂરી કાર્યવાહી કરવા તેમજ જવાબદાર શીતલ રેસ્ટોરન્ટને તત્કાલ સીલ કરવાની સૂચના આપી હતી.

# રેલવેને કરોડો રળી આપતા ગુજરાતનાં રેલવે-સ્ટેશનોમાં પાયાની સુવિધાનો અભાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરતના ત્રણથી ચાર રેલવે સ્ટેશન દેશભરના રેલવે સ્ટેશનની સરખામણીમાં ઘણું કમાઈ આપતા હોવા છતાં પાણી અને પંખા જેવી પાયાની પૂરતી સુવિધાઓથી વંચિત હોવાનું કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ)ના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. અમદાવાદ રેલ્વે સ્ટેશન, જે નોન-સબર્બન ગ્રુપ (એનએસજી)-૧ કેટેગરીનું સ્ટેશન છે, તે દેશનું છઠ્ઠું સૌથી વધુ કમાણી કરતું સ્ટેશન છે, જે લગભગ ૩.૮૫ કરોડ મુસાફરો પાસેથી વાર્ષિક રૂ. ૯૩૩.૧૦ કરોડનું ભાડું કમાય છે. સુરત નવમા ક્રમે છે, જે ૫.૦૩ કરોડથી વધુ મુસાફરો પાસેથી રૂ. ૭૨૮.૨૫ કરોડની કમાણી કરે છે. છતાં, કેગના અહેવાલ અનુસાર અમદાવાદમાં પીવાના પાણીના નળ, બેઠક વ્યવસ્થા અને વોટર કુલરની અછત છે, જ્યારે સુરતમાં મુસાફરોની મોટી સંખ્યા માટે પૂરતા પીવાના પાણીના નળ અને પંખાનો અભાવ હોવાનું જણાવવામાં આવ્યું છે. આ સાથે અમદાવાદ સ્ટેશન પર પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીન બે વર્ષથી બંધ પડ્યું છે. આવી જ રીતે વડોદરા, રાજકોટ ભરૂચ, વલસાડ, જામનગરમાં પણ પીવાના પાણીની વ્યવસ્થાથી માંડી બેઠક વ્યવસ્થા અને કચરાપેટીનો અભાવ અહેવાલમાં નોંધવામાં આવ્યો છે. બીજી બાજુ રાધનપુર અને નઝરબાગ જેવા નાના સ્ટેશનો પર પૂરતી સુવિધા હોવાનું જણાયું હતું. કૉંગ્રેસના મીડિયા કન્વીનર ડૉ. મનીષ દોશીએ સમગ્ર દેશના અહેવાલનો સંદર્ભ આપી ટીકા કરતા જણાવ્યું હતું કે ભારતીય રેલ્વેમાં અસુવીધાઓથીને કારણે કરોડો મુસાફરો પારાવાર મુશ્કેલીમાં છે. આધુનિકરણના નામે રેલવે સ્ટ શનોને ભાજપ સરકારે લૂંટના કેન્દ્રો બનાવ્યા છે. રેલવેની સતત દુર્દશા અને યાત્રિકોની ઉપેક્ષાની નૈતિક જવાબદારી સ્વીકારી કેન્દ્રીય રેલવે પ્રધાન રાજીનામું આપે, તેવી માગણી દોશીએ કરી હતી. આ મામલે અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટતા અનુસાર અહેવાલના તારણોને યોગ્ય સંદર્ભમાં સમજવામાં આવે તે જરૂરી છે. પશ્ચિમ રેલવે યાત્રીઓને સુરક્ષિત, સ્વચ્છ, સુવિધાજનક અને બહેતર યાત્રાનો અનુભવ ઉપલબ્ધ કરાવવા માટે નિરંતર પ્રયત્નશીલ છે. સીએજીની ટિપ્પણીઓને ગંભીરતાથી લઈને નર્ધારિત ધોરણો અનુસાર સુવિધાઓને વધુ મજબૂત કરવા તથા ખામીઓને સમયબદ્ધ રીતે દૂર કરવા માટે જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. ■

# સુરત મનપાના આરોગ્ય અને ફૂડ વિભાગનો સપાટો

## ફૂડ કાર્નિવલ સહિત સાત એકમને સીલ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં ખાણી-પીણીના સ્થળે સ્વચ્છતાને મુદ્દે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. સુરત મહાનગરપાલિકા (એસએમસી) ના આરોગ્ય અને ફૂડ વિભાગે જહાંગીરપુરા-દાંડી રોડ પર આવેલા પ્રખ્યાત 'ધ ફૂડ કાર્નિવલ' ફૂડ કોર્ટમાં દરોડા પાડીને સ્વચ્છતાના ગંભીર અભાવ બદલ ફૂડ કાર્નિવલ સહિત કુલ સાત એકમોને તાત્કાલિક અસરથી સીલ કરી દીધા હતા. પાલિકાએ આ તમામ એકમો પર તાળા મારીને રૂ. ૨૨,૦૦૦ નો દંડ પણ ફટકાર્યો હતો. ફૂડ કોર્ટની એક દુકાનના કીચનમાં ઉંદર ફરી રહ્યા હોવાના વીડિયો વાઈરલ થતાં પાલિકાના આરોગ્ય વિભાગે ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન બીક્રીમી, સ્નેક સેન્ડવિચ બાર એન્ડ ફાસ્ટ ફૂડ, સ્વાદ કિચન, મોમો કિંગ, કોલ્લમ સાઉથ કેફે, જોગી કુંભણીયા ભજીયા એન્ડ ખમણ, પોપાયઝ ફેન્સી ઢોસા એન્ડ પાવભાજી, સ્વાદ રિપબ્લિક, અસલી પંજાબ, શ્રી ફાસ્ટ ફૂડ તથા જિયા ચાઇનીઝ વગેરેની તપાસ કરવામાં આવી હતી. આ તમામ ૭ પૈકી ૧ દુકાનમાં ફૂડ લાઈસન્સ/રજિસ્ટ્રેશન વિના વેચાણ થતું હતું. ઉપરાંત, તમામ દુકાનોમાં ગંદકી પણ જોવા મળી હતી. સુરત મનપાની ટીમે ૧૮ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરી રૂ. ૨૨,૦૦૦ દંડ વસૂલ્યો હતો. આરોગ્ય વિભાગે તમામ ૭ દુકાનોને તાત્કાલિક અસરથી બંધ કરાવી હતી. ■

# અમેરિકામાં સેમીકન્ડક્ટર સહિત વિવિધ સેક્ટર્સના અગ્રણીઓ સાથે મુખ્ય પ્રધાને કરી ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે યુ.એસ. પ્રવાસના બીજા દિવસે સેમીકંડક્ટર, એઆઈ, એજ્યુકેશન ટેક, હેલ્થ ટેક, ગેમીંગ અને ડિપટેક સેક્ટર્સના ઈન્ડસ્ટ્રી લિડર્સ સાથે રાઉન્ડ ટેબલ અને વન ટુ વન બેઠકોનો ઉપક્રમ યોજ્યો હતો.



મુખ્ય પ્રધાન અને ગુજરાત ડેલિગેશને ટેકનોલોજી અને સેમીકંડક્ટર સેક્ટરના ૧૦૦થી વધુ લિડર્સ સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજી હતી.

આ ઉપરાંત એજ્યુ ટેક, હેલ્થ ટેક અને ગેમીંગ સેક્ટર્સના અગ્રણી સાથે પણ રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને માત્ર ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન તરીકે નહી પરંતુ ફ્યુચર ટેકનોલોજી, ઈનોવેશન ઈકોસિસ્ટમ અને સપ્લાય ચેઈન નર્મિાણ માટે લોંગટર્મ સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે અપનાવવા ગ્લોબલ કંપનીઝને આહવાન કર્યુ હતું.

એ દિશામાં આગળ વધવા માટે મુખ્ય પ્રધાને આગામી જાન્યુઆરી-૨૦૨૭માં યોજાનારી વાયબ્રન્ટ સમિટમાં સહભાગી થઈને બીટુબી, બીટુજી બેઠકો દ્વારા સહયોગની તકો શોધવા આમંત્રણ પણ પાઠવ્યું હતું.

ટેકનોલોજી અને સેમીકોન લિડર્સ સાથેની બેઠકમાં મુખ્ય પ્રધાને સિલીકોનવેલીની ટેકનોલોજી અને ગુજરાતની મજબૂત ઔદ્યોગિક ક્ષમતાઓ પરસ્પર પૂરક બની શકે છે તેની ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં આવી કંપનીઝ માટે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા ઈનોવેશનથી લઈને મેન્યુફેક્ચરીંગ તેમજ ગ્લોબલ એક્સ્પાન્શન સુધીની એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ ઉપલબ્દ્ધ કરાવવાની રાજ્ય સરકારની નેમ છે. ■

# દમણ દરિયામાં કોસ્ટ ગાર્ડના ચેતક હેલિકૉપ્ટરે માછીમારોના જીવ બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત નજીક કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દરિયાકાંઠે સર્જાયેલી એક ગંભીર દરિયાઈ આપત્તિમાં ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા ઉત્તમ કામગીરી કરવામાં આવી છે. નવસારીના કૃષ્ણપુરથી ઓખા બંદર તરફ જઈ રહેલી 'જય માલા' નામની ફિશિંગ બોટમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતા તે પાણીમાં ડૂબવા લાગી હતી. ધોલાઈ બંદરથી આશરે બે નોટિકલ માઈલ દૂર ફસાયેલી આ બોટમાં સવાર નવ જેટલા માછીમારોના પ્રાણ જોખમમાં મુકાયા હતા. આ અંગે કટોકટીનો સંદેશ મળતા જ દમણ કોસ્ટ ગાર્ડે તાત્કાલિક ધોરણે ત્વરિત બચાવ અભિયાન શરૂ કર્યું હતું. કોસ્ટ ગાર્ડ એર સ્ટેશન, દમણના પાયલોટ બલવિંદર સિંહે સમગ્ર ઘટનાની માહિતી આપતા જણાવ્યું હતું કે, બોટમાં ઘણા કલાકોથી પાણી ભરાઈ જવાના કારણે તે ડૂબી જવાની અણી પર હતી અને તેમાં સવાર તમામ ખલાસીઓનો જીવ જોખમમાં મુકાયો હતો. કટોકટીનો આ એલર્ટ મળતાની સાથે જ એર સ્ટેશન દ્વારા વિના વિલંબે ચેતક હેલિકોપ્ટરને રવાના કરવામાં આવ્યું હતું. કોસ્ટ ગાર્ડની સમયસૂચકતા અને સચોટ આયોજનને કારણે દરિયાના વચ્ચે ફસાયેલા તમામ નવ માછીમારોના જીવ બચાવી લેવામાં સફળતા મળી હતી. ■

# ચાંદલોડિયા રેલવે સ્ટેશનના પુનર્વિકાસનું ૭૦% કાર્ય પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મંડળના ચાંદલોડિયા રેલવે સ્ટેશનના પુનવિકાસનું કામ અંદાજિત રૂ.૪૫.૭૨ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. આ પરિયોજના મારફતે સ્ટેશન પર આધુનિક યાત્રી સુવિધા, સરસ અવરજવર વ્યવસ્થા, અપગ્રેડેડ પ્લેટફોર્મ સુવિધાઓ, નવી સ્ટેશન બિલ્ડીંગ, ફૂટ ઓવર બ્રિજ તથા પાર્કિંગ અને સર્ક્યુલેટિંગ એરિયા જેવી સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.




આ પરિયોજનાનું લગભગ ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીનું કામ ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. યાત્રીઓ પાસેથી મળેલા સૂચનો અને ફીડબેકને પ્રાથમિકતા આપતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ચાંદલોડિયા સ્ટેશન પર યાત્રી સૂચના સિસ્ટમ, કોચ માર્ગદર્શન તથા સ્ટેશનની ઓળખ સંબંધિત સુવિધાઓને વધુ સુદ્રઢ કરવામાં આવી રહી છે. યાત્રીઓ દ્વારા ચાંદલોડિયા બી થી સોમનાથની યાત્રા દરમિયાન કોચનું સ્થાન ઓળખવામાં પડતી મુશ્કેલી અંગે આપેલા ફીડબેકની નોંધ લઈને મંડળ દ્વારા યાત્રી માહિતી વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે. ચાંદલોડિયા રેલવે સ્ટેશનના પુનવિકાસ હેઠળ મુખ્ય સ્ટેશન બિલ્ડીંગનું બાંધકામ ૧૦૦ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. લગભગ ૧૧,૧૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતી સ્ટેશન બિલ્ડીંગમાં બુકિંગ કાઉન્ટર, વીઆઇપી પ્રતીક્ષાલય, પ્રથમ શ્રેણી પ્રતીક્ષાલય, સામાન્ય પ્રતીક્ષાલય, એસી અને નોન-એસી પ્રતીક્ષાલય, બેબી ફીડિંગ રૂમ તથા વિવિધ જરૂરી સંચાલન અને કોમર્શિયલ સુવિધાઓની જોગવાઈ કરવામાં આવી છે. ■

# ₹ ૧,૦૭૧ કરોડના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડનો માસ્ટરમાઇન્ડ આસામથી ઝડપાયોઃ ગુજરાત પોલીસની મોટી સફળતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસની સીઆઈડી ક્રાઈમ અને ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સ (સીસીઈ)ની સંયુક્ત ટીમે એક આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ મોડ્યુલનો પર્દાફાશ કરીને રૂ. ૧,૦૭૧ કરોડના મહાકૌભાંડના માસ્ટરમાઇન્ડ રફીકુલ આલમની આસામ ખાતેથી ધરપકડ કરી હતી. રફીકુલ છેલ્લા ત્રણ વર્ષથી સાયબર ગુનાઓ આચરતો હતો અને તેની સામે સમગ્ર દેશમાં ૧,૦૯૦ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આસામના આસામના બારપોટા જિલ્લામાંથી સીઆઈડી ક્રાઈમ અને સીસીઈની ટીમે સ્થાનિક પોલીસની મદદથી દરોડો પાડીને મુખ્ય આરોપી ૨૫ વર્ષીય રફીકુલ આલમની અટકાયત કરી હતી. બીસીએ સુધી ભણેલા આરોપીએ ડિજિટલ એરેસ્ટ, ટાસ્ક-આધારિત રોકાણની લાલચ અને નકલી શેલ (મ્યુલ) બેંક એકાઉન્ટ્સ દ્વારા નાગરિકો પાસેથી રકમ પડાવતો હતો. પોલીસની તપાસમાં ખુલાસો થયો હતો કે આ આરોપી દેશભરમાં નોંધાયેલા ૧,૦૦૦ હજાર કરતાં પણ વધુ સાયબર ક્રાઈમના કેસમાં સંડોવાયેલો છે અને તેનો આશરે ૧૦૭૧.૫ કરોડ રૂપિયાના ગેરકાયદે નાણાકીય વ્યવહારો સાથે સીધો સંબંધ છે. તપાસ દરમિયાન ૧,૦૦૦થી વધુ બોગસ કે શેલ બેંક ખાતાઓનો ઉપયોગ થયો હોવાનું બહાર આવ્યું છે, જેમાં દેશભરમાંથી સાયબર ફ્રોડના પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. ઠગાઈ આચરી એકત્રિત કરેલી રકમને ક્રિપ્ટોકરન્સી (યુએસડીટી) અને હવાલા મારફતે ચીન તેમજ દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સ દ્વારા કરવામાં આવેલા ટેકનિકલ એનાલિસિસ અને નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (એનસીઆરપી) પર નોંધાયેલી ફરિયાદોના ડેટા આધારે આ સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્કનો ટ્રેસ મેળવવામાં આવ્યો હતો. આરોપી રફીકુલ આલમ અને તેના સાગરીતો ગરીબ તેમજ અજ્ઞાત લોકોના નામે કમિશન આપીને બેંક ખાતા ખોલાવતા અને તે ખાતાઓનો સંપૂર્ણ કંટ્રોલ આંતરરાષ્ટ્રીય હેન્ડલર્સને સોંપી દેતા હતા. પોલીસે આરોપી પાસેથી અનેક મોબાઇલ, સિમ કાર્ડ્સ, નકલી દસ્તાવેજો અને બેંક પાસબુક/ચેકબુક જપ્ત કરી છે. ગુજરાત પોલીસ આરોપીને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર લાવવાની પ્રક્રિયા હાથ ધરી રહી છે, જેથી આ કૌભાંડમાં સામેલ અન્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સાગરીતો સુધી પહોંચી શકાય. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું છે કે તે ચીનમાં બેઠેલા કુખ્યાત સાયબર ગુનેગારોના સંપર્કમાં હતો અને તેમની સાથે વોટ્સએપ તથા ટેલિગ્રામ જેવા લોકપ્રિય મેસેજિંગ એપ દ્વારા સતત સંપર્કમાં રહીને ફાઈનાન્શિયલ ડિટેલ્સ, સ્કેનર, યુઝર આઈડી, પાસવર્ડ અને ક્રિપ્ટો વોલેટની માહિતી શેર કરતો હતો. ■

# મનપાએ બોપલ-ઘુમામાં ત્રણ સ્ટ્રોમવૉટર ડ્રેનેજ પ્રોજેક્ટની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આમ તો વરસાદ ઘણો જ ઓછો થાય છે. માત્ર ૨૩મી જુલાઈએ એક જ દિવસમાં લગભગ ૧૧ ઇંચ આસપાસ વરસાદ વરસ્યો હતો અને અડધું શહેર પાણી પાણી થઈ ગયું હતું. ખૂબ જ પૉશ ગણાતા વિસ્તારોમાં સ્થિતિ વધારે વણસી હતી. આ ઘટનાના બીજા દિવસે ખુદ મુખ્ય પ્રધાન પાણીમાં સોસાયટીની મુલાકાતે ગયા હતા અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહે પણ મનપા કમિશનરને પત્ર લખ્યો હોવાના અહેવાલો હતા. આ તમામ ઘટનાઓ બાદ મનપાએ પાઠ ભણ્યો છે અને હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) એ રૂ. ૧૪૨ કરોડના ત્રણ વરસાદી પાણીના નિકાલ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે, જેનો હેતુ આ વિસ્તારમાં પૂરનો લાંબા ગાળાનો ઉકેલ લાવવાનો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટ્સ શહેરના વરસાદી પાણીના ડ્રેનેજ માસ્ટર પ્લાન હેઠળ હાઇડ્રોલોજિકલ સર્વેક્ષણ પછી ડિઝાઈન કરવામાં આવ્યા છે. મનપાએ જણાવ્યું હતું કે પહેલા ત્રણ કામો માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે, જેનો હેતુ બોપલ, ઘુમા અને રત્ના તળાવના કેચમેન્ટમાંથી વરસાદી પાણીના ઝડપી નિકાલનો છે. આ યોજના કુલ ૧૧.૫૦ ચોરસ કિમીના કેચમેન્ટ વિસ્તારને આવરી લે છે અને તેનાથી લગભગ ૩.૫ થી ૪ લાખ રહેવાસીઓને લાભ થવાની અપેક્ષા છે. પ્રસ્તાવિત કાર્યોમાં નવી વરસાદી પાણીની લાઇનો, કેચ પિટ્સ, ઇન્ટરકનેક્શન અને એવા વિસ્તારોમાં આઉટફોલ્સનો સમાવેશ થાય છે જ્યાં હાલમાં ડ્રેનેજ નેટવર્ક અપૂરતા છે. તળાવોમાં એકઠા થયેલા વધારાના વરસાદી પાણીના ઝડપી નિકાલને સરળ બનાવવા માટે રત્ના તળાવ ખાતે એક નવું વરસાદી પાણી પમ્પિંગ સ્ટેશન બનાવવાની પણ યોજના છે. ■

# સંસ્થા સમાચાર

## મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાનદાર પ્રદર્શન

શ્રી નાગરદાસ ધારસી ભુતા ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી નાગરદાસ ડી. ભૂતા હાઈ સ્કૂલ, અંધેરી (પૂર્વ)એ ફેબ્રુઆરી મહિનામાં ધોરણ ૫ અને ૮ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલી મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૦૨૬ના મેરિટ લિસ્ટમાં શાળાના ૪ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સફળતા શાળાની શિક્ષક ટીમની સતત મહેનત, સમર્પણ અને માર્ગદર્શનનું પરિણામ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતાને વિકસાવવામાં તેમની અવિરત પ્રતિબદ્ધતા આ સિદ્ધિમાં મહત્ત્વપૂર્ણ રહી છે. શાળાએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવા તેમ જ તેમનાં માતા-પિતાને અભિનંદન આપવા માટે સન્માન સમારોહનું આયોજન કર્યું હતું.

## રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા)ના ઉપક્રમે 'રાસ-ગરબા સ્પર્ધા ૨૦૨૬'નું આયોજન મંગળવાર, ૧૩-૧૦-૨૦૨૬ના રોજ સાંજે ૭.૩૦ કલાકે દીનાનાથ મંગેશકર હૉલ, વિલે પાર્લે (પૂર્વ)માં કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં બાળ વિભાગ - પાંચથી ૧૫ વર્ષ, યુવા વિભાગ- ૧૬થી ૪૫ વર્ષ અને વયસ્ક વિભાગ - ૪૬થી ૬૦ વર્ષ એમ ત્રણ વિભાગ છે. આ સ્પર્ધામાં શાળા, કૉલેજો, મંડળો, સંસ્થાઓને ભાગ લેવા માટે આમંત્રણ છે. ફૉર્મ ભરવાની અંતિમ તારીખ સોમવાર, ૨૪-૦૮-૨૦૨૬ છે. સ્પર્ધાની વિસ્તૃત માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

## હિંડોળા

શ્રી ચંદાબેટીજી મહારાજ મદન મોહનજી ટેમ્પલ ટ્રસ્ટ, ૧૦, મંગેશ શેણોય સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ દ્વારા શ્રાવણ માસમાં જાત જાતનાં હિંડોળા રાખવામાં આવ્યા છે. સમય સાંજે ૫.૦૦થી ૫.૩૦ અને ૬.૦૦થી ૬.૩૦. બુધવાર, ૧૯-૦૮-૨૬-ત્રણ છટામાં ત્રણ હિંડોળા; ગુરુવાર, ૨૦-૦૮-૨૬-શાકભાજીના હિંડોળા; શુક્રવાર, ૨૧-૦૮-૨૬-બગીચામાં કમળના હિંડોળા; શનિવાર, ૨૨-૦૮-૨૬-વ્રજ મેં બસે ચારોધામ; રવિવાર, ૨૩-૦૮-૨૬-એલચી અને કેસરના હિંડોળા; સોમવાર, ૨૪-૦૮-૨૬-પવિત્રાના હિંડોળા; મંગળવાર, ૨૫-૦૮-૨૬- ફળના હિંડોળા; બુધવાર, ૨૬-૦૮-૨૬-એલચીના હિંડોળા; ગુરુવાર, ૨૭-૦૮-૨૬-સાચા ગુલાબના હિંડોળા; શુક્રવાર, ૨૮-૮-૨૬-રાખડીના હિંડોળા; શનિવાર, ૨૯-૦૮-૨૬ સૂકા મેવાના હિંડોળા.

## સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

બોરીવલી (પ.)ના યોગીનગરમાં યોગીરત્ન કો. ઓ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ (રજિ.)માં દેશપ્રેમ સાથે અમૂલ્ય રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લાં ૧૫ વર્ષથી સ્વતંત્રતા-પ્રજાસત્તાક દિવસ તેમ જ અન્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરતી આ સોસાયટીમાં વિધિપૂર્વક ધ્વજવંદન કરીને પ્રાસંગિક ભાષણ આપવામાં આવ્યું હતું. સોસાયટીની યુવાપેઢીએ દેશભક્તિનાં ગીતો રજૂ કર્યાં હતાં.

## ભિવંડીમાં ચાતુર્માસ

શ્રી દાન-પ્રેમ-ભુવન-જયઘોષસૂરીશ્વરજી નમઃ સાથે વર્તમાન ગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા સાથે વડીલ મુનિવર્ય શ્રી વિશ્વાનંદ વિજયજી મ.સા. થાણા ભિવંડી અજૂર ફાટા, વસઈ-ખારબાવ રોડના ઓસવાલ પાર્કમાં શ્રીચંદ્રપ્રભ મહાતીર્થધામમાં ૫૦મો ચાતુર્માસ કરવાના છે. મુનિવર્ય શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.એ સમગ્ર મુંબઈમાં પચાસ ચાતુર્માસ શ્રીસંઘોના ગુરુભક્તિભાવ સાથે પૂર્ણ કર્યા છે. ૧૫ વર્ષ પછી અહીં વડીલ મુનિવર્ય શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા., મુનિરાજ શ્રી હેમકીર્તિવિજયજી મ.સા. અને શ્રી વિવેકસાર વિજયજી મ.સા. આદિ થાણા પધાર્યા. શ્રીસંઘમાં ઉલ્લાસભર્યું વાતાવરણ થયું.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) આશાકુમારી | ૫૦,૦૦૦ |
| ૨) પુષ્પ શક્ય | ૧,૩૦,૦૦ |
| ૩) દુષ્યંતકુમાર મિશ્રા | ૮૦,૦૦૦ |
| ૪) બાપન પાલ | ૧,૦૦,૦૦૦ |
| ૫) અભિજિત વાસુદેવ વાનખેડે | ૬,૦૦,૦૦૦ |
| ૬) અબ્દુલ ખાયેર મોન્ડલ | ૮૦,૦૦૦ |
| ૭) મામપિ રોય બર્મન | ૫૦,૦૦૦ |
| ૮) કૈલાશ સંતોષ ઠોકરે | ૧,૫૦,૦૦૦ |
| ૯) જહાંનારા બીબી મોન્ડલ | ૪૦,૦૦૦ |
| ૧૦) સંદીપ ઓઝા | ૧,૦૦,૦૦૦ |
| ૧૧) શકીલા બેગમ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) અબુ બક્કર શેખ | ૫૦,૦૦૦ |
| ૧૩) રેખા સરદાર | ૬૦,૦૦૦ |
| ૧૪) રણજિત ચારા | ૧,૦૦,૦૦૦ |
| ૧૫) મંજુ કોલેય | ૧,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૬) અંચલ રાધેશમ કનૌજિયા | ૩,૦૦,૦૦૦ |
| ૧૭) અલામા બીબી | ૧,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૮) શ્રીમાન કુમાર સ્વાઈન | ૧૨,૦૦,૦૦૦ |
| ૧૯) ગીતા જગદીશ સિંધવાદ | ૬૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ શન્મુખાનન્દ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૨૦) અનીશ ખાન | ૨૫,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# ડ્રાઈવરો સામે કાનૂની પગલાં લેતા પહેલા મરાઠી શીખવાની તક અપાશેઃ સરનાઈક

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ઓટો-રિક્ષા અને ટેક્સીચાલકો માટે મરાઠી ભાષા ફરજિયાત કરવાના નિયમનો અમલ કરતા પહેલા સરકાર તેમને ભાષા શીખવાની તક આપશે, એવી સ્પષ્ટતા રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે મંગળવારે કરી હતી.

તેમણે કહ્યું કે, જે ચાલકોને મરાઠી નથી આવડતી તેમના પરમિટ કે લાયસન્સ તાત્કાલિક રદ કરવામાં નહીં આવે. સરનાઈકે જણાવ્યું કે આ નિર્ણયનો ઉદ્દેશ કોઈની રોજીરોટી છીનવી લેવાનો નથી, પરંતુ મહારાષ્ટ્રમાં જાહેર પરિવહન સેવા આપતા લોકોને રાજ્યની ભાષાનું વ્યવહારુ જ્ઞાન હોય તે સુનિશ્ચિત કરવાનો છે.

સરનાઈકે આ અંગે પત્રકારોને માહિતી આપતા કહ્યું કે મહારાષ્ટ્રમાં લગભગ ૯.૧૬ લાખ ઓટો-રિક્ષા અને ૬૧,૬૫૭ ટેક્સી છે. તેમાંથી મોટાભાગની મુંબઈ મેટ્રોપોલિટન રિજન એમએમઆરમાં ચાલે છે. રાજ્યમાં કુલ મળીને લગભગ ૬ લાખ ઓટો અને ટેક્સીચાલકોને આ મરાઠી શીખવાના અભિયાન હેઠળ લાવવામાં આવશે. જે લોકોને મરાઠી નથી આવડતી તેમને મરાઠી શીખવવાના પ્રયાસો ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે, એમ સરનાઈકે જણાવ્યું હતું.

રાજ્ય સરકારે થોડા મહિના પહેલા શરૂ કરેલા મરાઠી શીખવાના અભિયાનમાં અત્યાર સુધીમાં ૧,૬૫,૬૦૧ ચાલકોએ ભાગ લીધો છે. આ માહિતી સરનાઈકે આપી હતી. તેમણે કહ્યું કે આ અભિયાનને આગળ વધારવા માટે મરાઠી ભાષા વિભાગ પરિવહન વિભાગ અને અન્ય અધિકારીઓ સાથે મળીને કામ કરશે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે જણાવ્યું હતું કે સ્થાનિક સંગઠનો સાથે મળીને ૧૦૫ દિવસના અભિયાન હેઠળ લગભગ ૧.૨૫ લાખ ઓટો-ટેક્સી ચાલકોએ મરાઠીની વ્યવહારુ પ્રાવીણ્ય તાલીમ પૂર્ણ કરી છે. સરનાઈકે કહ્યું હતું કે, અમે કોઈના પરમિટ, લાયસન્સ કે બેજને સસ્પેન્ડ નહીં કરીએ. સૌથી પહેલા તેમને નોટિસ આપવામાં આવશે અને મરાઠી શીખવાની તક આપવામાં આવશે.

નિર્ધારિત સમયમાં જો તેઓ મરાઠી નહીં શીખે તો નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રક્રિયામાં પહેલા ૩૦ દિવસની નોટિસ આપવામાં આવશે. ત્યારબાદ પણ જો ચાલક તેનું પાલન નહિ કરે તો નિયમો મુજબ લાઈસન્સ સસ્પેન્ડ અથવા રદ કરવાની કાર્યવાહી થઈ શકે છે.

પરિવહન પ્રધાને જણાવ્યું હતું કે ૧૯૮૯ના નિયમો મુજબ ડ્રાઈવિંગ લાયસન્સ માટે વ્યવહારુ મરાઠીનું જ્ઞાન જરૂરી છે. એક સર્વેમાં બિન-મરાઠી ચાલકો સાથે વાતચીતમાં મુશ્કેલી હોવાનું સામે આવ્યા બાદ આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. મરાઠી ભાષા પ્રધાન ઉદય સામંતે કહ્યું કે અભિયાનના આગામી તબક્કામાં ચાલકોને વ્યવહારુ મરાઠીથી સાહિત્યિક મરાઠી સુધી લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, "મરાઠી એ માત્ર ભાષાનો મુદ્દો નથી, તે સંસ્કૃતિ અને મહારાષ્ટ્રની ઓળખ સાથે પણ જોડાયેલો છે. જે લોકો મહારાષ્ટ્રમાં રહે છે અને વ્યવસાય કરે છે તેમણે મરાઠી બોલવાનો પ્રયાસ કરવો જોઈએ." તેમણે મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોનો ઉલ્લેખ કરતા કહ્યું કે ત્યાં ભાષાનું આદાન-પ્રદાન સામાન્ય છે.

## ૧૦ હજાર કરોડના કથિત પોન્ઝી કૌભાંડમાં ૩૦ કરોડથી વધુની સંપત્તિ જપ્ત

મુંબઈઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ધ લોની અર્બન મલ્ટિ-સ્ટેટ ક્રેડિટ એન્ડ થ્રિફ્ટ કો-ઓપરેટિવ સોસાયટી (એલયુસીસી) અને અન્ય સંલગ્ન સહકારી સોસાયટીઓ સાથે સંકળાયેલા ૧૦ હજાર કરોડ રૂપિયાના કથિત પોન્ઝી કૌભાંડના સંદર્ભમાં 'સાગા' ગ્રૂપના કથિત ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (સીએમડી) અને પ્રિન્સિપલ કંટ્રોલર સમીર અગ્રવાલ અને મુંબઈ અને ભોપાલમાં તેમના સહયોગીઓ સાથે જોડાયેલા અનેક રહેણાક અને વ્યવસાયિક પરિસરમાં દરોડા પાડ્યા હોવાનું એજન્સીએ મંગળવારે જણાવ્યું હતું. ઈડીના નવી દિલ્હી સ્થિત મુખ્યાલય એકમ દ્વારા ૧૩થી ૧૬ ઓગસ્ટ દરમિયાન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાના પરિણામે ૩૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ સ્થગિત કરવામાં આવી હતી.

## મેટ્રો-૩ને ભૂગર્ભ માર્ગે કોસ્ટલ રોડ સાથે જોડવા ₹ ૭૦૨ કરોડનો પ્રસ્તાવિત ખર્ચ

મુંબઈઃ મહાલક્ષ્મી રેસકોર્સ થઈને સાયન્સ સેન્ટર મેટ્રો-૩ સ્ટેશનને કોસ્ટલ રોડના વર્લી પ્રોમેનેડ સાથે જોડતા ભૂગર્ભ પદયાત્રી માર્ગ (અંડરગ્રાઉન્ડ પેડેસ્ટ્રિયન લિંક)નો રૂ.૭૦૨ કરોડનો ખર્ચ બીએમસી ભોગવશે.

બીએમસી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવેલા આ પ્રસ્તાવ પર બુધવારે ચર્ચા થશે ત્યારે વિરોધ થવાની શક્યતા છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ) આ પ્રોજેક્ટનો અમલ કરશે, જ્યારે નાગરિક સંસ્થા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડશે.

પ્રસ્તાવિત ૧.૫ કિમી લાંબો ભૂગર્ભ પદયાત્રી માર્ગ નહેરુ સાયન્સ સેન્ટર મેટ્રો ૩ સ્ટેશનને મહાલક્ષ્મી રેસકોર્સ અને કોસ્ટલ રોડ પ્રોમેનેડ સાથે જોડશે. આ પ્રોજેક્ટનો હેતુ મેટ્રો સ્ટેશન, રેસકોર્સ પર પ્રસ્તાવિત સેન્ટ્રલ પાર્ક અને કોસ્ટલ રોડ વચ્ચે પદયાત્રીઓ માટે કનેક્ટિવિટી સુધારવાનો છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે રાજ્યના શહેરી વિકાસ વિભાગ, બીએમસી અને એમએમઆરસીએલ વચ્ચે સમજૂતી થઈ છે.

બીએમસી પહેલેથી જ નોંધપાત્ર નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે ત્યારે રૂ. ૭૦૨.૪૪ કરોડનો ખર્ચ બીએમસી દ્વારા ભોગવવાનો નિર્ણય રાજકીય નેતાઓ તરફથી પ્રશ્નો ઊભા કરી રહ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશને મેટ્રો-સંબંધિત કામો માટે પહેલેથી જ રૂ. ૨,૫૦૦ કરોડ ખર્ચ્યા છે, જેનાથી તેના વધતા જતા નાણાકીય બોજ અંગેની ચિંતામાં વધારો થયો છે. કૉંગ્રેસના જૂથ નેતા અશરફ આઝમીએ આ પ્રસ્તાવનો વિરોધ કરતા દલીલ કરી છે કે દરેક માળખાગત પ્રોજેક્ટ માટે બીએમસીને 'એટીએમ' તરીકે ગણી શકાય નહીં. તેમણે બીએમસીની વર્તમાન આર્થિક જવાબદારીઓ તરફ ધ્યાન દોર્યું અને દલીલ કરી કે તેના બદલે રાજ્ય સરકારે આ ખર્ચ ઉઠાવવો જોઈએ.

હવે આ પ્રસ્તાવને લઈને સ્થાયી સમિતિમાં આ પ્રોજેક્ટની જાહેર ઉપયોગિતા, સરકારી એજન્સીઓ વચ્ચે નાણાકીય જવાબદારીની વહેંચણી અને બીએમસી ની તંગ નાણાકીય સ્થિતિ પર ગરમાગરમ ચર્ચા થાય એવી શક્યતા છે. ■

# પશ્ચિમ રેલવેએ ચાર મહિનામાં ગંદકી કરનારા પાસેથી વસૂલ્યો ૨૭.૧૮ લાખનો દંડ

### ડાઘથી છુટકારા માટે અપનાવી નવી જર્મન નેનો ટેકનોલોજી

મુંબઈઃ પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનોમાં પાન-ગુટકાના કારણે થતી ગંદકીને રોકવા માટે હવે કડક દંડ જોગવાઈ સાથે નેનો ટેક્નોલોજીનો પણ સહારો લેવામાં આવ્યો છે. એપ્રિલથી જુલાઈ ૨૦૨૬ દરમિયાન થૂંકવા અને અસ્વચ્છતા ફેલાવવાના ૧૨,૨૬૫ કેસ નોંધીને પશ્ચિમ રેલવેએ ૨૭.૧૮ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. તેમ છતાં ડબ્બાઓમાં ડાઘની સમસ્યા યથાવત્ રહેતા રેલવેએ ડાઘથી કાયમી છુટકારો મેળવવા માટે નવી ટેક્નોલોજી અપનાવવાનો નિર્ણય લીધો છે.

રેલવે અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, માટુંગા રોડ કારશેડ ખાતે આશરે ૫ લાખના ખર્ચે હાથ ધરાયેલા પાઇલોટ પ્રોજેક્ટની સફળતા બાદ હવે દાદર અને મુંબઈ સેન્ટ્રલ કારશેડની કેટલીક લોકલ ટ્રેનોમાં જર્મન નેનો ટેક્નોલોજી આધારિત 'વોલગાર્ડ' અને 'મેટલગાર્ડ' કોટિંગ કરવામાં આવ્યું છે. આ કોટિંગ ટ્રેનના ડબ્બાની અંદરની દીવાલ, દરવાજા અને અન્ય મેટલ સપાટીઓ પર લગાવવામાં આવી રહ્યું છે. આગામી તબક્કામાં આ સુવિધાને અન્ય રેક સુધી વિસ્તારવામાં આવશે. આ કોટિંગની મુખ્ય વિશેષતા એ છે કે તેના કારણે પાન-ગુટખાના ડાઘ સપાટી પરથી ઊંડે સુધી પ્રવેશી શકતા નથી. જેના કારણે અગાઉ જે ડાઘ સાફ કરવામાં લગભગ ૩૦ મિનિટનો સમય લાગતો હતો તે હવે માત્ર ૫ મિનિટમાં સાફ થઈ શકશે. આ ઉપરાંત આ કોટિંગ કાટ, હવામાનની અસર અને સામાન્ય ઘસારાથી પણ રક્ષણ પૂરું પાડે છે તથા અંદાજે ૫ વર્ષ સુધી ટકી રહેવાની શક્યતા છે.દંડની કાર્યવાહીની વાત કરીએ તો પહેલી એપ્રિલથી ૩૧ જુલાઈ ૨૦૨૬ દરમિયાન ચર્ચગેટ-વિરાર ઉપનગરીય માર્ગ પર ચાલતી લોકલ ટ્રેનો અને ૩૪ સ્ટેશનો પર થૂંકવા બદલ કુલ ૧૨,૨૬૫ કેસ નોંધાયા હતા, આમાંથી વિરાર સૌથી વધુ ૧,૨૪૨ કેસ અને ૪.૩૧ લાખ રૂપિયાના દંડ સાથે પહેલા ક્રમે છે. ત્યાર બાદ બોરીવલીમાં ૧,૦૧૬ કેસ અને ૨.૦૯ લાખ, દાદરમાં ૮૦૬, અંધેરીમાં ૭૫૬ અને ચર્ચગેટમાં ૪૮૫ કેસ નોંધાયા હતા.

રેલવે તંત્રની વ્યૂહરચના સ્પષ્ટ છે કે માત્ર ટેક્નોલોજી પર આધાર રાખવામાં આવશે નહીં. સ્વચ્છતા જાળવવા માટે દંડ, જનજાગૃતિ અભિયાન અને નિયમિત સફાઈની કામગીરી પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## નાંદેડમાં શખસની હત્યાઃ બે પકડાયા

નાંદેડઃ નાંદેડ જિલ્લાના જૂના ઝઘડાની અદાવત રાખીને તીક્ષ્ણ હથિયાના ઘા ઝીંકી શખસની હત્યા કરવા બદલ બે જણની ધરપકડ કરવામાં આવી હતી.

જિલ્લામાં સેન્ટ્રલ બસ સ્ટેન્ડ વિસ્તારમાં લોજ નજીક રવિવારે રાતે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા શખસની ઓળખ શેખ સિરાજુદ્દીન શેખ બદ્રુદ્દીન તરીકે થઇ હતી.

શેખ સિરાજુદ્દીનનો અગાઉ એક આરોપી સાથે ઝઘડો થયો હતો, જેની અદાવત રાખીને આરોપીએ તેના મિત્ર સાથે મળીને સિરાજુદ્દીન પર હુમલો કર્યો હતો.

હુમલામાં ગંભીર ઇજા પામેલા સિરાજુદ્દીનને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને તપાસીને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

# મુંબઈમાં મલેરિયાના કેસોની સંખ્યા ૩,૨૭૭ને પાર

### સ્વાઇન ફ્લૂના કેસમાં પણ વધારો

મુંબઈઃ મુંબઈમાં ચોમાસા વચ્ચે મચ્છરોના ઉપદ્રવમાં વધારો થયો છે. શહેરમાં આ વર્ષે ૧૫ ઓગસ્ટ સુધીમાં મલેરિયાના ૩,૨૭૭ દર્દીઓ સામે આવ્યા છે, જે ગયા વર્ષની સમાન અવધિના ૨,૮૫૨ કેસ કરતાં ૪૨૫ વધુ છે. સાથે સ્વાઈન ફ્લૂના કેસોમાં પણ ભારે ઉછાળો નોંધાયો છે.

ગયા વર્ષે ૧૫ ઓગસ્ટ સુધી નોંધાયેલા ૭૨ દર્દીઓની સરખામણીએ આ વર્ષે એચ૧એન૧ ના કેસ ચાર ગણાથી વધુ વધીને ૩૦૯ થયા છે. બીજી તરફ, ડેન્ગ્યૂ, ચિકનગુનિયા અને લેપ્ટોસ્પાયરોસિસના કેસોમાં ઘટાડો થવાને કારણે થોડી રાહત મળી છે. ડેન્ગ્યૂના કેસ ૧,૨૨૭ થી ઘટીને ૧,૦૭૯, ચિક્નગુનિયા ૨૭૯ થી ઘટીને ૩૩, લેપ્ટોસ્પાઇરોસિસના ૩૩૨ થી ઘટીને ૧૮૯ અને ગેસ્ટ્રો ૨,૨૭૪ થી ઘટીને ૧,૭૫૨ થયા છે. કોવિડ-૧૯ના કેસ પણ ૬૬૮ થી ઘટીને ૧૨૪ થયા છે. બીમારીઓ પર નિયંત્રણ મેળવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ઘરે-ઘરે સર્વેક્ષણ, બ્લડ ટેસ્ટ અને વેક્ટર કંટ્રોલ અભિયાન તેજ કરી દીધું છે.

# હિન્દુ મરણ

**દસ ગામ પંચાલ**

ગામ કોપરલી હાલ મુંબઇ સ્વ. કંચનબેન, સ્વ. મણીલાલભાઇ, સ્વ. કેશવભાઇ પંચાલના સુપુત્ર પરેશકુમાર (ઉં. વ. ૫૫) તા. ૧૨-૮-૨૬ બુધવારના કાંદિવલી મુકામે અવસાન પામેલ છે. તે ગૌરીશંકર (છલીયાભાઇ)ના ભત્રીજા. સ્વ. મહેશભાઇ, ભરત, નયનાબેનના નાનાભાઇ. બિલિમોરાના નિલેશકુમાર મોહનભાઇ મિસ્ત્રીના સાળા. સ્વ. દીપાલીબેન, સ્વ. ભાવનાબેનના દીયર. ભાવેશ, પ્રતિકના કાકા. સાદડી રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. જયોત્સનાબેન રજનીકાંત મોદીના પુત્રવધૂ ડિમ્પલબેન (ઉં.વ. ૫૬) તે પ્રકાશભાઇના પત્ની. રાધિકા શશાંક જોશી અને માનસી વિમલ મુંઝાણીના માતુશ્રી. તૃપ્તિબેન રાજેશભાઇ દોશી, વિભા મનીષભાઇ ચીતલીયાના ભાભી. સ્વ. ઇન્દિરાબેન ઠક્કરના દીકરી. તા. ૧૭-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૮-૨૬ ગુરુવારના સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૪.૩૦થી ૬.

**સુરતી દશા પોરવાડ વણિક**

હર્ષદ જીવનલાલ દલાલ (ઉં. વ. ૮૯) તે પ્રતિભાબેનના પતિ. ધવલ અને મિતાના પિતા. પૃથા અને વૈભવના સસરા. શર્વરી અને કૃત્વીના દાદા. સ્વ. રાજેન્દ્રભાઇ અને સ્વ. પ્રમોદભાઇના ભાઇ. રેખા વિનય ચોકસી અને પૂર્ણિમાં પંકજ ચોકસીના બનેવી, સોમવાર તા. ૧૭-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.

**હાલાઇ લોહાણા**

અમેરિકા નિવાસી સ્વ. પુરુષોતમદાસ હેમરાજ કક્કડના ધર્મપત્ની રમાગૌરી (ઉં. વ. ૯૭) તા. ૧૭-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણીબેન ગોવિંદજી નથવાણીના સુપુત્રી. ધીરેન, મનોજ, ચંદ્રિકા, ઉષાના માતુશ્રી. સંગીતા, માલા, દિપકકુમાર, જયેશકુમારના સાસુ. સ્વ. ડાહ્યાભાઇ, સ્વ. નરસિંહભાઇ, સ્વ. નરોત્તમભાઇ, સ્વ. જગજીવનભાઇ, સ્વ. રૂગનાથભાઇ સ્વ. પ્રવીણભાઇ તથા સ્વ. દૂધીબેન, મંછાબેન તથા પુષ્પાબેનના બેન. સ્વ. અમૃતલાલભાઇ, સ્વ. જગજીવનદાસ, સ્વ. નરસિંહદાસ, સ્વ. ચત્રભુજભાઇ તથા સ્વ. જયાબેનના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ડિંડુ મહેશ્વરી વણિક**

અ. સૌ.પુનિતા વ્યોમેશ નાગોરી (ઉં. વ. ૭૧) તે બિનીતના માતુશ્રી. નેહાના સાસુ. રક્ષા જગત નાગોરીના દેરાણી. પરિમલ, જગત, ભરત હીરાલાલ કારાણીના બહેન. ઉમા અજીત મારફતિયા, પૂર્ણિમા હરેન મેસ્વાણીના ભાભી તા. ૧૭-૮-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ભાદરોડ નિવાસી હાલ ઘાટકોપર તે સ્વ. તારામતી પુરશોત્તમદાસ પારેખના સુપુત્ર બળવંતભાઇ (ઉં. વ. ૭૮) સોમવાર, તા. ૧૭-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ઇન્દિરાબેનના પતિ. બિમલના પિતા. રચનાના સસરા. તે સ્વ. કિશનભાઇ, સ્વ. હેમંતભાઇ, દિનેશભાઇ, સ્વ. રમાબેન, સ્વ. અનસુયાબેન, સ્વ. પુષ્પાબેનના ભાઇ. ગુંદરકણવાળા ચત્રભુજ હરજીવનદાસ ચિતલીયાના જમાઇ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

વિજયસિંહ નારાયણદાસ સંપટ (દેવાભાણજીવાળા) (ઉં. વ. ૯૪) તે સ્વ. ગુણવંતીબેનના પુત્ર. સ્વ. દમયંતીબેનના પતિ. સ્વ. ભાનુબેન તથા લક્ષ્મીબેનના ભાઈ. ભરત તથા સ્વ. સ્વાતિના પિતા. ભારતીના સસરા. ૧૬/૮/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

હામાપુર નિવાસી હાલ કાંદિવલી, સોની કાંતિભાઈ મગનભાઈ ધોરડાના ધર્મપત્ની અ.સૌ. વર્ષાબેન (ઉં. વ. ૭૪) ૧૬/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હિતેશ, અમિત, સંદીપ, અલ્પેશના માતુશ્રી. સોનલ, મેઘલ, નીતલ, ભાગ્યશ્રીના સાસુ. વિઠ્ઠલભાઈ કાનજીભાઈ ધાણક આંબાવાળાના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૨૦/૮/૨૬ના રોજ ૧૦.૩૦ થી ૧૨.૦૦. સોનિવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**હાલાઇ ભાટિયા**

હાલ બોરીવલી નિવાસી, અ.સૌ. દીપ્તિ પરેશ આશર (ઉં. વ. ૬૬) તે પરેશ પ્રતાપભાઈ આશરના ધર્મપત્ની. સ્વ. કસ્તુરબેન પ્રતાપભાઈ નારણદાસ આશરના પુત્રવધૂ. સ્વ. મધુરી કનકસિંહ ભાણજીના દીકરી. હિરેન તથા ચારૂ રજનીકાંત ઓઝાના ભાભી. સ્તુતિ રોહન આશર તથા જયતિ અમિત બાબલાના માતુશ્રી. ૧૬/૮/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૦/૮/૨૬ના રોજ ૪.૩૦ થી ૬.૩૦. ફ્રેન્ડ્સ બેન્કવેટ હોલ, હૅપ્પી હોમ સોસાયટી પાસે, જયવંત સાવંત રોડ દહિસર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખરક જ્ઞાતિ**

ગામ તણસા નિવાસી, હાલ વસઈ રોડ, છગનભાઈ નાનુભાઈ સેંતા (પટેલ) અને લાભુબેન સેંતાના મોટાપુત્ર અશોક છગનભાઈ સેંતા (ઉં. વ.૩૭) તા. ૧૬/૦૮/૨૬ના રામશરણ પામેલ છે. તે શોભા સેંતાના પતિ. પર્વ અને રેયાંશના પિતા. વિશાલ અને પૂજાબેનના મોટાભાઈ. હરજીભાઈ અને જકીબેન સોલંકી (દીહોર ગામ)ના જમાઈ. જિવશા અને પ્રત્યુષ સેંતાના મોટાપપ્પા. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦/૦૮/૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. શ્રી સમસ્ત ખરકની વાડી, એવરશાઇન સિટી, વસઈ રોડ ઈસ્ટ, જે બી લુધાણી શાળા સામે.

**પરજીયા સોની**

વડતરા નિવાસી, હાલ ભાયંદર, સ્વ. સોની નરેન્દ્રભાઈ મુળજીભાઈ વાયાના ધર્મપત્ની મૃદુલ્લાબેન (ઉં.વ.૭૨) તા. ૧૫-૮-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે ધરૂભાઈના ભાભી. સ્વ. પંકજ, કેતન, ધર્મેશના માતુશ્રી. રતિલાલ જીવનભાઈ પટણીના દીકરી. સ્વ. પ્રદિપભાઈ, ભરતભાઈના બેન. કોડીનારવાળા જયશ્રીબેન અજીતકુમારના ભાભી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

પ્રતાપસિંહ રામૈયા (ઉં. વ. ૮૧) તે સ્વ. હંસરાજ રામૈયા (મુંદ્રાવાળા) તથા સ્વ. પુષ્પાવંતી (કાંતિબેન) ના પુત્ર, તે હિમતસિહ, સ્વ. વિજયસિંહ, સ્વ. દિલિપસિંહના ભાઈ. પન્ના (ભક્તિ)ના પતિ, મેહુલ તથા સોનલ રાજેશ ગાજરિયાના પિતા. વિધિના નાના, વીરજી ઉમરસિહ પાલેજા (સાંગલીવાળા) ના જમાઈ. સોમવાર ૧૭ ઓગસ્ટે મુંબઈ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૨૦ ઓગસ્ટે સાંજે ૫ થી ૭. બ્રાહ્મણ સમાજ (પહેલે માળે), જોષી લેન, ઘાટકોપર પૂર્વ.

**લોહાણા**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ, ભાવેશભાઈ હરીશભાઈ કારીયા (ઉં. વ. ૫૭) તા. ૧૭-૦૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે જિતીક્ષાબેનના પતિ. કૌસ્તુભના પિતા. જયેશભાઈ, પ્રીતિબેન ધ્વનિશકુમાર શુક્લાના મોટાભાઈ. રીટાબેનના જેઠ. દિવ્યાશ, મહિમા, ઈપ્સાના મામા. સ્વ. હંસાબેન નરેન્દ્રકુમાર બદીયાણીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી ઝાલાવાડી જૈન**

મૂળ વતન જાળીલા રોડ હાલ ગોરેગાંવ, સ્વ. સમજુબેન ભાયચંદના સુપુત્ર નટવરલાલ ડેલીવાળા (ઉં. વ. ૮૯) તે તરલાબેનના પતિ. સ્વ. પરેશભાઇ, સમીરભાઇ, મેહુલભાઇના પિતાશ્રી. બીનાબેન, બીજલ, અલ્પાબેનના સસરા. સ્વ. અમૃતભાઇ, સ્વ. ભોગીભાઇ, વેણીભાઇ, સ્વ. અરવિંદભાઇ તથા મનુભાઇ તથા સ્વ. સવિતાબેન, સ્વ. મંજુબેન તથા સ્વ. કુસુમબેનના ભાઇ. સસુર પક્ષ ગામ લીંબડી હાલ મુંબઇ, સ્વ. લીલાવતી, સ્વ. વલ્લભદાસ ગોસાલીયાના મોટા જમાઇ. તા. ૧૭-૮-૨૬ના સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, સાદડી થતા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ટંકારા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હિંમતલાલ વનેચંદ દોશીના ધર્મપત્ની લીલમબેન હિંમતલાલ દોશી (ઉં. વ. ૮૭) તા. ૧૭-૮-૨૬ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રતિલાલ દલીચંદ મહેતાના પુત્રી. સ્વ. પ્રવિણચંદ્ર, સ્વ. ચંદનબેન, સ્વ. મંજુબેન અને ગજેન્દ્રભાઇના બેન. સ્વ. જશવંતી રમણીકભાઇ, સ્વ. મંજુલા રસિકલાલ, પ્રફુલ્લા નવીનચંદ્ર, સ્વ. નીલા મહેન્દ્રભાઇ, સંધ્યા ગુણવંતરાયના જેઠાણી. ત્વચા દાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

મૂળ લાઠી સોનગઢ નિવાસી સ્વ. ચંચળબેન પ્રેમચંદ ભાયાણીના સુપુત્ર સ્વ. ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણીના ધર્મપત્ની. સ્વ. વાસંતીબેન (ઉં. વ. ૯૪) તા. ૧૪-૮-૨૬ શુક્રવારના સોનગઢ મુકામે દેહપરિવર્તન પામેલ છે. તે સ્વ. નગીનદાસ પ્રેમચંદ ભાયાણી અને પ્રવીણચંદ્ર પ્રેમચંદ ભાયાણીના ભાભી. ધનલક્ષ્મીબેન નગીનદાસ ભાયાણીના દેરાણી. અરુણાબેન પ્રવિણચંદ્ર ભાયાણીના જેઠાણી. પિયર પક્ષે સ્વ. કાલિદાસ હકમચંદ કામદારના દીકરી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ મુલુંડ સ્વ. લીલાવંતીબેન કાંતિલાલ શાહનાં સુપુત્ર જયંતભાઇ (સુરાભાઇ) (ઉં. વ. ૮૭) તે નિરુબેનનાં પતિ. ડો. જગત અને રાધાના પિતા. અ. સૌ. જૈનિશાનાં સસરા. વસંતભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. ભરતભાઇ, અ. સૌ. જયોતિબેન પ્રફુલભાઇ શાહના ભાઇ. સાસરા પક્ષે ભાવનગરવાળા પ્રવીણચંદ્ર માણેકલાલ શાહનાં જમાઇ સોમવાર, તા. ૧૭-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

વઢવાણ નિવાસી હાલ વિલેપાર્લે, અતુલ રમણીકલાલ કોઠારી (ઉં. વ. ૬૯) તે સ્વ. કમળાબેન તથા સ્વ. રમણીકલાલ હિંમતલાલ કોઠારીના પુત્ર. ભારતીબેનના પતિ. જય તથા તન્વીના પિતા. બકુલભાઈના ભાઈ. અરવિંદભાઈ તથા મહેશભાઈ ચીમનલાલ ચુનીલાલ સંઘવીના બનેવી. ૭/૮/૨૬ના અમેરિકા મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલા. દશા શ્રી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, દિનેશભાઈ જયંતીલાલ દોશી (ઉં. વ. ૮૫) સોમવાર તા. ૧૭/૮/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તેઓ દેવીબેનના પતિ. પ્રશમના પિતા. પિનલના સસરા. સ્વ. જયસુખભાઈ, સ્વ. સોમીબેન તથા સ્વ. સ્મિતાબેન મહેશ શાહના ભાઈ. સ્વ. ભગવાનજીભાઈ વલ્લભજીભાઈ ગાંધીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વાંકાનેર નિવાસી, સ્વ. મોહનલાલ ધરમશી ટોલિયાના સુપુત્ર. હાલ મુંબઈ, નરેન્દ્રભાઈ તે સ્વ. રીટાબેનના પતિ. પરાગ - ચાર્મિ, ચિ. સેજલ - વિકાસભાઈ, જલ્પાના પિતા. શ્રેયના નાના. ચંદ્રકાન્તભાઈ, સ્વ. દેવેન્દ્રભાઈ, ભરતભાઈ, સ્વ. વિભાબેન, સ્વ. કુમુદબેનના ભાઈ. સ્વ. છોટાલાલ અમૃતલાલ પારેખના જમાઈ. તા. ૧૬-૮-૨૬ના રવિવારે દેહાંત થયેલ છે. પ્રાર્થનાસભા ગુરૂવારે તા. ૨૦-૮-૨૬ના સાંજના ૪ થી ૬. શ્રી શેઠ રામજી અંદરજી વાડી, ૩૦૯, ચંદાવરકર રોડ, માટુંગા ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબિયાના નલીની જયંતીલાલ નંદુની સુપુત્રી વિરલ (ઉં. વ. ૪૧) તા. ૧૬-૮-૨૬નાં અવસાન પામેલ છે. ભાવનગરના ચારૂલતાબેન ચંપકલાલ સોની (ધંધુકીયા)ના પુત્રવધુ. જીતેન્દ્રના ધર્મપત્ની. ધાર્મીના માતા. શિલ્પા અને પારસના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પારસ નંદુ, બી વિંગ, ન્યુ સન સાઇન બિલ્ડિંગ, ગડકરીનગર, ચંદનસાર રોડ, વિરાર (ઇસ્ટ).

ભુજપુરના ચંદ્રાબેન મોણશી દેઢીયા (ઉં.વ. ૭૪) તા. ૧૬-૮-૨૬ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન રામજીના પુત્રવધૂ. મોણશીના ધર્મપત્ની. પિયુષ, સમીર, જ્યોતિના માતાજી. પાનબાઇ ડુંગરશી નાગશીના સુપુત્રી. ઝવેરબેન જેંતીલાલ, દમયંતી વિવેક, ડો. સુરેન્દ્ર, મહેન્દ્ર, ઉષા સુરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. સરનામુ : પિયુષ દેઢીયા, ૨૦૧, મેરી વિલા, સિધ્ધી સદન કોલોની, ભગવતી હો.ની સામે, બોરીવલી (વે.).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ઇન્ટરવલ


feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
નિલેશ વાઘેલા

## આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સ ટેકનોલૉજી ભારતીય રોજગાર ક્ષેત્ર માટે... કેટલું જોખમી?

**આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સઃ** ભારતમાં રોજગાર સામે કેટલું જોખમી? આ સવાલ અચાનક ફરી સપાટી પર કેમ આવ્યો એવો સવાલ થાય એ સ્વાભાવિક છે. વાત એમ છે કે તાજેતરમાં આ સવાલ ફરી ચર્ચાના ચગડોળે ચઢ્યો છે. ગોલ્ડમેન સાશે તાજેતરમાં એક વિધાન કર્યું છે કે ભારતમાં રોજગાર માટે એઆઇ મોટું જોખમ નથી! એ જ સાથે આ માટેના કારણોની પણ ચર્ચા કરી છે.

આ ચર્ચાને બાજુએ મૂકીને તથ્યોના ઊંડાણમાં જઇએ તો કેટલીક બાબતો પર ધ્યાન આપવું જરૂરી લાગે છે. આપણે એ વાત નોંધવી રહી કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) હવે કોઇ નવી ટૅકનોલૉજી રહી નથી. દરેક વેપાર, ઉદ્યોગ અને સેવાક્ષેત્રે તેનો પગપેસારો એકધારો અને ઝડપથી વધી રહ્યો છે. જોકે, ભારતના રોજગાર ક્ષેત્ર પર તેની અસર માત્ર મોટા પાયે નોકરીઓ ગુમાવવાના ભય સુધી મર્યાદિત નથી.

નિષ્ણાતો માને છે કે, નજીકના ભવિષ્યમાં એઆઇના કારણે ભારતમાં વ્યાપક બેરોજગારી સર્જાય તેવી શક્યતા ઓછી છે, પરંતુ તેનો અર્થ એ નથી કે ભારતીય કર્મચારીઓ એઆઇના કારણે થતા ફેરફારોથી સુરક્ષિત છે. વાસ્તવિક જોખમ ચોક્કસ પ્રકારની નોકરીઓમાં ધીમે ધીમે ઘટાડાના રૂપમાં જોવા મળી શકે છે, ખાસ કરીને સર્વિસ સેક્ટરમાં!



ભારતના રોજગારનું માળખું એઆઇથી થતી મોટા પાયાની અસર સામે ચોક્કસ હદ સુધી રક્ષણ આપે છે. દેશની મોટી સંખ્યામાં વસતિ હજુ પણ શારીરિક, યાંત્રિક અને ફિલ્ડ આધારિત કામ સાથે જોડાયેલી છે, જ્યાં એઆઇ માટે માનવશ્રમનું સ્થાન લેવું સરળ નથી. બાંધકામ અને રિટેલ વેપાર જેવા ક્ષેત્રો રોજગારમાં મોટો હિસ્સો ધરાવે છે અને તેમાં હજુ પણ માનવ હાજરી, હાથથી કરવામાં આવતું કામ, ગ્રાહકો સાથેનો સીધો સંપર્ક અને સ્થાનિક જ્ઞાન જરૂરી છે.

આ ભારત માટે મહત્વનો ફાયદો છે. ખાસ કરીને એવા દેશોની સરખામણીમાં જ્યાં મોટી સંખ્યામાં લોકો અત્યંત કોમ્પ્યુટરાઇઝ્ડ અને પુનરાવર્તિત ઑફિસ આધારિત કામ કરે છે. એઆઇ રિપોર્ટ લખી શકે છે, માહિતીનું વિશ્લેષણ કરી શકે છે અને દસ્તાવેજોની પ્રક્રિયા કરી શકે છે, પરંતુ તે બિલ્ડિંગનું કન્સ્ટ્રક્શન કરી શકતું નથી અથવા રિટેલ સ્ટોરમાં અનેક પ્રકારના શારીરિક કામ સરળતાથી કરી શકતું નથી. જોકે આ ક્ષેત્રે પણ એઆઇ ટૅકનોલૉજી વિકાસ સાધી રહી છે.

અલબત્ત ભારતના સર્વિસ સેક્ટર સામે મોટો રોજગાર પડકાર ઊભો થઈ રહ્યો છે. આઇટી, કોલ સેન્ટર, બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ, ટેલિકોમ્યુનિકેશન, ફાઇનાન્સ અને અન્ય નોલેજ આધારિત સેવાઓમાં લાખો નોકરીઓ મુખ્યત્વે પુનરાવર્તિત ડિજિટલ કાર્યો પર આધારિત છે. આ જ એવા ક્ષેત્રો છે જ્યાં એઆઇ ઝડપથી વધુ સક્ષમ બની રહ્યું છે.

કોલ સેન્ટર ક્ષેત્ર ખાસ કરીને જોખમમાં છે. એઆઇ આધારિત સિસ્ટમ ગ્રાહકોના પ્રશ્નોના જવાબ આપી શકે છે, માહિતીની પ્રક્રિયા કરી શકે છે અને સતત સ્વચાલિત સેવા પૂરી પાડી શકે છે. ટૅકનોલૉજી વધુ વિકસશે તેમ કંપનીઓને સામાન્ય ગ્રાહક સેવા માટે ઓછા કર્મચારીઓની જરૂર પડી શકે છે. આ અસર પાછળથી બેક-ઓફિસ પ્રોસેસિંગ, ડેટા એન્ટ્રી, મૂળભૂત નાણાકીય વિશ્લેષણ અને અન્ય પુનરાવર્તિત વહીવટી કાર્યો સુધી પહોંચી શકે છે.

ભારત માટે આ મહત્ત્વનો મુદ્દો છે, કારણ કે સર્વિસ સેક્ટર લાંબા સમયથી સંગઠિત રોજગારના સૌથી મજબૂત સ્ત્રોતોમાંનું એક રહ્યું છે. ભારતના આઇટી અને આઉટસોર્સિંગ ઉદ્યોગની સફળતા મોટી અને પ્રમાણમાં ખર્ચ-અસરકારક વર્કફોર્સ પર આધારિત રહી છે. એઆઇ હવે આ મોડલને પડકાર આપી રહ્યું છે, કારણ કે કંપનીઓ ઓછા કર્મચારીઓ સાથે વધુ ઉત્પાદન ક્ષમતા હાંસલ કરી શકે છે.

જોકે, એઆઇને માત્ર નોકરીઓ ખતમ કરનારી ટૅકનોલૉજી તરીકે જોવી યોગ્ય નથી. તેની ઉત્પાદન ક્ષમતા વધારવાની ક્ષમતા નવી આર્થિક તકો ઊભી કરી શકે છે. એઆઇ અપનાવતી કંપનીઓ વધુ કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક બની શકે છે તથા નવા બજારોમાં વિસ્તરણ કરી શકે છે. ઉત્પાદન ક્ષમતામાં વધારો નવા ઉત્પાદનો અને સેવાઓની માગ ઊભી કરી શકે છે, જેના કારણે ભવિષ્યમાં એવા ક્ષેત્રોમાં રોજગાર સર્જાઈ શકે છે જે આજે મોટા પાયે અસ્તિત્વમાં નથી.

આથી મુખ્ય પ્રશ્ન એ નથી કે એઆઇ કેટલી નોકરીઓ ખતમ કરશે, પરંતુ ભારતીય કર્મચારીઓ એઆઇથી ઓછા પ્રભાવિત થનારી નોકરીઓ તરફ કેટલી ઝડપથી આગળ વધી શકે છે.

અહીં ભારત સામે સૌથી મોટો પડકાર છે. દર વર્ષે લાખો યુવાનો વર્કફોર્સમાં પ્રવેશ કરે છે અને ઘણા લોકો પ્રથમ અનુભવ મેળવવા માટે એન્ટ્રી-લેવલ નોકરીઓ પર આધાર રાખે છે. જો એઆઇ આવી રૂટીન અને શરૂઆતની નોકરીઓની સંખ્યા ઘટાડશે, તો શિક્ષણથી રોજગાર સુધી પહોંચવાનો પરંપરાગત માર્ગ વધુ મુશ્કેલ બની શકે છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની પ્રગતિને રોકવી તેનો ઉકેલ નથી. તેના બદલે ભારતે રિસ્કિલિંગ, વ્યાવસાયિક શિક્ષણ અને પ્રેક્ટિકલ ડિજિટલ ક્ષમતાઓ પર વધુ ભાર મૂકવો પડશે. કર્મચારીઓને એઆઇ મેનેજમેન્ટ, સાયબર સુરક્ષા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ક્રિયેટિવ ક્ષેત્રો, માનવ કેન્દ્રિત સેવાઓ અને વિશેષ ટેક્નિકલ કુશળતા જેવી ભૂમિકાઓ માટે તૈયાર કરવા પડશે.

કંપનીઓની પણ જવાબદારી છે કે તેઓ એઆઇનો ઉપયોગ માત્ર કર્મચારીઓની સંખ્યા ઘટાડવાના સાધન તરીકે નહીં, પરંતુ વર્કફોર્સમાં પરિવર્તન લાવવા માટે કરે. સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગોએ સાથે મળીને એ સુનિશ્ચિત કરવું પડશે કે એઆઇથી મળતા ઉત્પાદન ક્ષમતાના લાભો વ્યાપક આર્થિક તકોમાં પરિવર્તિત થાય.


તેથી ભારતમાં અચાનક એઆઇ આધારિત રોજગાર સંકટ સર્જાય તેવી શક્યતા ઓછી છે, પરંતુ આ પડકાર ધીમે ધીમે શરૂ થઈ શકે છે, પહેલા પુનરાવર્તિત સર્વિસ સેક્ટરની નોકરીઓથી અને પછી વધુ કુશળ તથા જટિલ ભૂમિકાઓ સુધી પહોંચી શકે છે.

એઆઇ કદાચ ભારતના રોજગાર બજારને રાતોરાત નષ્ટ નહીં કરે. તેનું મોટું જોખમ એ છે કે તે રોજગારના નિયમોમાં એટલી ઝડપથી ફેરફાર કરી શકે છે કે કર્મચારીઓ, સંસ્થાઓ અને નીતિનિર્માતાઓ કદાચ તેની સાથે તાલમેલ બેસાડી ન શકે. એઆઇ યુગમાં ભારતની સફળતા ટૅકનોલૉજીનો વિરોધ કરવામાં નહીં, પરંતુ તેની સર્જનક્ષમતાના લાભો સાથે માનવ સંસાધનમાં પણ એટલું જ મહત્ત્વાકાંક્ષી રોકાણ કરવામાં રહેશે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

## એક કૌભાંડ તાજને નામે ય...!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



હિન્દી નાટક 'તાજમહેલ કા ટેન્ડર' હોય કે બોલિવૂડની 'બંટી ઔર બબલી'ની થીમ હોય. આના લેખકોની અસાધારણ કલ્પનાને વાસ્તવિકતામાં ફેરવી નાખવાનો અજબ ગજબ કસબ આપણા રાજકારણીઓ બતાવતા રહે છે. વાત કરીએ આવા જ એક અકલ્પ્ય કિસ્સાની, જેના મૂળમાં છે ઐતિહાસિક વારસા સમાન તાજમહેલ.

પ્રોજક્ટનું સત્તાવાર નામ તાજ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટ, જે હોબાળા બાદ તાજ કોરિડોર કૌભાંડ તરીકે ઓળખાયો. વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં ઉત્તર પ્રદેશના આગ્રામાં બહુજન સમાજ પાર્ટીની સરકારે આ પ્રોજેક્ટ જાહેર કર્યો હતો. મુખ્ય પ્રધાન માયાવતીના શાસનમાં આ પ્રસ્તાવિત માળખાકીય સુવિધા પ્રોજેક્ટ બહુ ગાજ્યો હતો, એકદમ ખોટા કારણોસર.

માયાવતી સરકારની આ પહેલનો હેતુ બહુ ઉમદા હતો. મૂળ અને સત્તાવાર પ્લાન તો તાજમહેલ અને આગ્રાના કિલ્લા વચ્ચે આવેલી યમુના નદીના પૂર પ્રદેશની આશરે ૭૫ એકર જમીન પાછી મેળવીને ત્યાં પાર્ક, પગદંડી, એમ્ફિથિયેટર અને પ્રવાસીઓ માટેની સુવિધાઓ વિકસાવવાનો હતો. આ થકી ઐતિહાસિક વારસાગત ઇમારત કમ સ્મારકની સલામતી અને જાળવણી માટે આવક ઊભી કરવાનો હોવાનું જાહેર થયું હતું. જો કે દેખીતો ધ્યેય ભલેને ગમે તેટલો આવકાર્ય કે અનિવાર્ય હોય પણ એના અમલમાં કાયદા, નિયમ અને નિર્ધારિત ધારાધોરણનું પાલન થવું જ જોઈએ.

આજની માફક તે સમયે પણ પ્રદૂષણ અને શહેરી અતિક્રમણ સહિતની સમસ્યાઓ હતી, જેને લગતા દરેક નિયમોનું એકએક માળખાકિય વિકાસ પ્રોજેક્ટમાં અનિવાર્યપણે ધ્યાન રાખવું જ પડે.

તાજ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટના અમલી દરમિયાન પ્રક્રિયાત્મક જાણતા કે અજાણતા ક્ષતિઓને કારણે ભારે વિરોધ જાગ્યો. ટીકા શરૂ થઈ. ઉગ્ર ટીકા વધતી ગઈ. આ બધું એકદમ ચોંકાવનારું હતું.

પર્યાપ્ત તપાસ કર્યા કે કરાવ્યા વગર અને તેમાં સ્પર્ધાત્મક ટેન્ડર વિના રાજ્યની જ માલિકીની કંપની એન. પી. સી. સી.(નેશનલ પ્રોજેક્ટ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન) લિમિટેડને સીધો રૂ.૧૭૫ કરોડનો કોન્ટ્રાક્ટ આપી દેવાયાની બુમરાણ પણ મચી ગઈ હતી. સમાવેશ થતો હતો. આટલું જ નહિ, મોટા રાજકીય માથાઓને વ્યક્તિને કમિશન ચુકવાયાના અને નાણાંની અનધિકૃત રીતે હેરફેર કરવાના આક્ષેપો પણ ગાજ્યા હતા.

આ સંજોગોમાં તાજ હેરિટેજ કોરિડોર પ્રોજેક્ટમાંથી તાજ કોરિડોર કૌભાંડ બની ગયેલો મામલો રાજકીય સમરાંગણમાં ફેરવાયા વગર રહે?

(ક્રમશઃ) ■



## પાકિસ્તાનઃ સ્વતંત્રતા દિવસની ઉજવણી વચ્ચે વિભાજનની આશંકાનું ગંભીર સંકટ

feedback@bombaysamachar.com
પ્રાસંગિક
અમૂલ દવે

પાકિસ્તાને હાલમાં તેના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી છે. દેશભરમાં લીલા અને સફેદ રંગના રાષ્ટ્રીય ઝંડા ફરકાવીને, લશ્કરી પરેડ અને દેશભક્તિના ભાષણો સાથે જશ્ન-એ-આઝાદી મનાવવામાં આવ્યો. સરકારી સ્તરે ભવ્ય કાર્યક્રમો યોજીને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ આ ચમકદાર ઉજવણીની પાછળ દેશની અંદર ઊંડા અને ગંભીર સંકટો છુપાયેલા છે. બલૂચિસ્તાનમાં સશસ્ત્ર વિદ્રોહ, પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં વ્યાપક જનવિરોધ અને પાયાની આર્થિક તંગીના કારણે પાકિસ્તાન ફરી એકવાર વિભાજનની આશંકાઓ અને ગંભીર આંતરિક અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે.

બલૂચિસ્તાન એ પાકિસ્તાનનો ભૌગોલિક રીતે સૌથી મોટો પ્રાંત છે, જે કુદરતી ગેસ અને ખનિજ સંપત્તિથી અત્યંત સમૃદ્ધ છે, પરંતુ તેનો ઇતિહાસ હંમેશાં વિવાદિત રહ્યો છે. ૧૯૪૭માં બ્રિટિશ રાજના અંત સાથે, ૧૨ ઓગસ્ટ ૧૯૪૭થી ૨૭ માર્ચ ૧૯૪૮ સુધી 'ખાનતે કલાત' નામનું અર્ધ-સ્વતંત્ર રાજ્ય ટૂંકા સમય માટે સ્વતંત્ર રહ્યું હતું. ત્યારબાદ તત્કાલીન શાસક ખાન અહમદ યાર ખાને પાકિસ્તાન સાથે જોડાણના કરાર પર હસ્તાક્ષર કર્યા. બલૂચ નેતાઓ અને અનેક ઇતિહાસકારોનું માનવું છે કે આ જોડાણ લશ્કરી દબાણ હેઠળ કરાવવામાં આવ્યું હતું, જ્યારે પાકિસ્તાની સરકાર તેને પૂર્ણપણે કાયદેસર ગણાવે છે. આ ઐતિહાસિક અસંતોષને કારણે ત્યારથી જ બલૂચિસ્તાનમાં અલગતાવાદી આંદોલન સતત ચાલી રહ્યું છે.

વર્તમાન સમયમાં બલૂચ લિબરેશન આર્મી (બીએલએ) આ વિદ્રોહનું મુખ્ય નેતૃત્વ કરી રહી છે. આ સંગઠનને અમેરિકા સહિત અનેક દેશોએ આંતરરાષ્ટ્રીય આતંકવાદી જૂથ તરીકે જાહેર કરેલું છે. તેના સક્રિય સભ્યોની સંખ્યા લાખોમાં નહીં, પરંતુ હજારોમાં અંદાજવામાં આવે છે. ૨૦૨૬માં બલૂચિસ્તાનમાં હિંસાની ઘટનાઓમાં અભૂતપૂર્વ વધારો થયો છે. જુલાઈ મહિના દરમિયાન બલૂચિસ્તાન પાકિસ્તાનનો સૌથી વધુ હિંસક પ્રાંત બની ગયો હતો. બીએલએ દ્વારા પાકિસ્તાની સેના, સ્થાનિક પોલીસ અને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી) હેઠળ ચાલી રહેલા ચીની પ્રોજેક્ટ્સ પર વારંવાર લક્ષ્યાંકિત હુમલા કરવામાં આવ્યા છે. ઓગસ્ટ ૨૦૨૬માં પણ અનેક મોટા હુમલાઓ થયા, જેમાં પાકિસ્તાની સૈનિકોના મોત થયા હતા. વળતી કાર્યવાહીમાં સેનાએ પણ અનેક વિદ્રોહીઓને મારી નાખ્યા છે. સ્થાનિક લોકો પોતાના મૂળભૂત અધિકારો, સ્થાનિક સંસાધનો પર પોતાના નિયંત્રણ અને વધુ સ્વાયત્તતાની માંગ કરી રહ્યા છે. આ નિરંતર ચાલતો વિદ્રોહ દેશ માટે મોટો પડકાર બની ગયો છે અને રાજકીય વિશ્લેષકો ચેતવણી આપી રહ્યા છે કે પરિસ્થિતિ નિયંત્રણ બહાર જશે તો ૧૯૭૧ જેવી વિભાજનની સ્થિતિ સર્જાઈ શકે છે.

બીજી તરફ, પાકિસ્તાનના અમાનવીય કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં પણ જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ૨૦૨૬માં હજારો લોકો પોતાની પાયાની સુવિધાઓ માટે શેરીઓ પર ઉતરીને ભારે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. વીજળીના અસહ્ય બિલ, ખોરાકની અછત, શિક્ષણ અને રોજગારીના અભાવ સામે લોકોમાં ભારે અસંતોષ છે. અનેક આંદોલનકારીઓ પાકિસ્તાની સેનાને વિસ્તાર છોડી જવાની ખુલ્લેઆમ માગ કરી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે પીઓકે પાકિસ્તાનનો અધિકૃત ભાગ નથી. આ શાંતિપૂર્ણ આંદોલનકારીઓને સરકારે ઉપદ્રવી ગણાવી દમનકારી કાર્યવાહી કરી છે, જેનાથી તણાવ વધુ ઉગ્ર બન્યો છે.

આ ઘટનાક્રમ વચ્ચે, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પોતાના સ્વતંત્રતા દિવસના ભાષણમાં જણાવ્યું હતું કે PoK એ ભારતનો અભિન્ન ભાગ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો ૨૦૧૯માં આર્ટિકલ ૩૭૦ હટાવાયો ન હોત, તો PoKના લોકો જમ્મુ-કાશ્મીર સાથે ફરી જોડાવા માટે સ્વયં આંદોલન કરી રહ્યા હોત. તેમણે જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં પીઓકેના પ્રતિનિધિઓ માટે આરક્ષિત રાખવામાં આવેલી બેઠકોનો ઉલ્લેખ કરતા ઉમેર્યું કે સીમા પાર રહેતા લોકો આપણા પોતાના જ છે.

આ તમામ આંતરિક અને ભૌગોલિક રાજકીય તણાવ ઉપરાંત પાકિસ્તાન હાલમાં તેના સૌથી ખરાબ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. દેશનું જાહેર દેવું પહાડ જેવડું થઈ ગયું છે અને દેવાના વ્યાજની ચુકવણીમાં જ મોટાભાગનું બજેટ વપરાઈ જતાં વિકાસ કાર્યો અટકી પડ્યા છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈએમએફ)ના બેલઆઉટ પેકેજથી થોડી ક્ષણિક સ્થિરતા મળી છે, પરંતુ નાણાકીય સ્થિતિ અત્યંત નાજુક છે. કમરતોડ મોંઘવારી, બેરોજગારી અને અસહ્ય વીજળીના બિલોએ સામાન્ય નાગરિકોનું જીવવું મુશ્કેલ બનાવી દીધું છે. નાણાકીય સંકટને કારણે કેન્દ્ર સરકાર પ્રાંતોને પૂરતા સંસાધનો આપી શકતી નથી, જેનાથી પ્રાંતિય અસંતોષ વધુ તીવ્ર બની રહ્યો છે.

આ બધા વચ્ચે પાકિસ્તાનની સ્વતંત્રતા દિવસની ઉજવણી ભલે રાષ્ટ્રીય એકતાનો આડંબર કરતી હોય, પરંતુ બલૂચિસ્તાન અને પીઓકે જેવા વિસ્તારોમાં સળગતો અસંતોષ તેની ભૌગોલિક અખંડિતતા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરે છે. પાકિસ્તાન અગાઉ પણ વિભાજનની દર્દનાક પ્રક્રિયામાંથી પસાર થઈ ચૂક્યું છે, જ્યારે ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન અલગ થઈને બાંગ્લાદેશ બન્યું હતું. હવે પશ્ચિમમાં બલૂચિસ્તાન અને ઉત્તરમાં પીઓકે વધી રહેલો વિદ્રોહ ફરી એ જ ઈતિહાસ પુનરાવર્તિત થવાના સંકેત આપી રહ્યો છે. જો પાકિસ્તાન સરકાર વહેલી તકે આર્થિક સુધારા, પ્રાંતિય સ્વાયત્તતા અને સ્થાનિક લોકો સાથે સાર્થક સંવાદ નહીં સાધે તો ભવિષ્યમાં દેશના વધુ ટુકડા થવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. સ્વતંત્રતાની ખરી ઉજવણી ત્યારે જ શક્ય બનશે જ્યારે તમામ પ્રદેશોના લોકોને સમાન અધિકાર અને વિકાસ મળશે. હાલમાં પાકિસ્તાન જે અસ્થિર માર્ગ પર છે, તે સમગ્ર દક્ષિણ એશિયાની પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે ગંભીર ચિંતાનો વિષય છે. ■

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર


રવિ નાયક

# શું તમે જાણો છો રોબર્ટ ક્લાઈવનો કાચબો ને ડાર્વિનની કાચબીની અવનવી કથા?!


કાચબાઓમાં અનેક પ્રજાતિ જોવા મળે છે. નાના કાચબા ત્રીસથી માંડીને પચાસ કે એંસી વર્ષ લાંબું આયુષ્ય ભોગવે છે. જ્યારે જમીન પર રહેતા વિશાળ કદના કાચબા તો મનુષ્ય કરતાંય બમણું આશરે દોઢસો વર્ષનું આયુષ્ય ભોગવી જાણે! દોઢસો વર્ષ એટલે કેટલો લાંબો સમયગાળો... આટલા સમય દરમિયાન કદાચ આખા કાળખંડને કરવટ બદલતો જોઈ શકાય.

હજી હમણાં જ આપણે એંસીમો સ્વાતંત્ર્ય દિન ઊજવ્યો. ઇતિહાસને લઈને આમેય આપણે ઉદાસીન છીએ. કોણ રાજ કરી ગયું અને કોણ તારાજ કરી ગયું, એનો ઇતિહાસબોધ આપણને બહુ પચતો નથી. બ્રિટિશ સલ્તનતનો પાયો નાખનાર રોબર્ટ ક્લાઇવનું નામ અભ્યાસક્રમમાં આવતું એટલે કાચું-પાકું યાદ છે. એક પછી એક આવતી જનરેશનોનાં ભાતભાતનાં નામ પાડવાની આપણને મજા આવે છે. જેન-ઝી, જેન-આલ્ફા... ઇત્યાદિ ઇત્યાદિ, પણ આ બધી જનરેશન્સ ક્યાંથી આવી અને કઈ રીતે વિકસી એનું પાયાનું જ્ઞાન આપનાર ચાર્લ્સ ડાર્વિન પણ અભ્યાસક્રમમાંઆવતું એક નામ માત્ર છે. એ સિવાય બીજા કશાની બહુ ચિંતા આપણે કરતા નથી.

આ પરિસ્થિતિમાં રોબર્ટ ક્લાઇવ અને ચાર્લ્સ ડાર્વિનને નજીકથી જોનારા-સ્પર્શ કરનારા જીવો હજી અત્યાર સુધી, એટલે કે એકવીસમી સદીના આરંભ સુધી જીવિત હતા એમ કહીએ તો કોણ માનશે? પણ વાત સાચી છે. આ જીવો એટલે ડાર્વિન અને ક્લાઇવ સાથે રહેલા બે કાચબા. વાતની શરૂઆત રોબર્ટ ક્લાઇવથી કરીએ.



રોબર્ટ ક્લાઇવ



હેરિયેટ

૧૭૫૭માં ક્લાઇવ પ્લાસીનું યુદ્ધ જીત્યો એ સાથે ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસે સત્તા આવી. એવું કહેવાય છે કે રોબર્ટ ક્લાઇવે બંગાળ જીત્યું એના માનમાં કોઈકે એને ચાર કાચબા ભેટમાં આપ્યા. જી હા, ભેટમાં બીજું કશું નહીં, પણ પ્રમાણમાં આળસુ ગણાતો ઢાલવાળો જીવ કાચબો. એ જમાનામાં કદાચ જીવતા પ્રાણીઓ ભેટ આપવાનો રિવાજ હશે. ક્લાઇવે બરાકપુર ખાતેના પોતાના એસ્ટેટમાં આ ચારેય જળચરોને રાખવાની વ્યવસ્થા કરી. જોકે ઇતિહાસના ગ્રંથોમાં કોઈકે આ રીતે ક્લાઇવને કાચબા ભેટ આપ્યા હોવાની વાતને કોઈ મજબૂત આધાર મળતો નથી. આમ છતાં ક્લાઇવની બરાકપુર એસ્ટેટમાં ચાર કાચબા હતા એ નક્કી. એ પૈકીના એક કાચબાનું નામ 'અદ્વૈત' પાડવામાં આવેલું. જો ક્લાઇવે પોતે કાચબા ખરીદ્યા હોત તો કોઈક અંગ્રેજી નામ પાડ્યું હોત એટલે કાચબા કોઈ સ્થાનિક હિન્દુ મહાજન તરફથી ભેટમાં અપાયા હોવાની મજબૂત શક્યતા છે.

મજાની વાત એ છે કે રોબર્ટ ક્લાઇવનો એ 'અદ્વૈત' નામનો કાચબો ઠેઠ એકવીસમી સદીના પ્રથમ દશક સુધી જીવિત રહ્યો! ક્લાઇવના તાબામાં આવ્યો ત્યારે અદ્વૈતની આયુ કદાચ ચાર-પાંચ વર્ષની હશે. અને ઇસ ૨૦૦૫માં એનું મૃત્યુ થયું. એ હિસાબે અદ્વૈત ઓછામાં ઓછું અઢીસો વર્ષ જીવ્યો! દાવા મુજબ બસો પંચાવન વર્ષ જીવેલો અદ્વૈત સમગ્ર જીવનકાળ દરમિયાન એકલો-અટૂલો રહ્યો અને કોઈ સંતાન પેદા ન કર્યું. કદાચ એ જેમના તાબા હેઠળ રહ્યો, એ તમામ મનુષ્યોને બિચારા કાચબાનો સંસાર શરૂ કરાવવાનો વિચાર જ નહીં આવ્યો હોય. એનું વજન અઢીસો કિલોગ્રામ હતું. કોઈક કારણોસર પીઠમાં ઈજા થઈ અને ઘા પાકવાથી થયેલું ઇન્ફેક્શન લીવરને અસર કરી ગયું. એમાં અદ્વૈતે જીવનલીલા સંકેલી લીધી.



જોનાથન

હેરિયેટ નામની કાચબીની કથા 'યોગ્યતમની ચિરંજીવિતા' (સર્વાઇવલ ઑફ ધી ફિટેસ્ટ) જેવો સિદ્ધાંત આપનાર મહાન વિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિન સાથે જોડાયેલી છે. સજીવોની વિવિધ પ્રજાતિઓના અભ્યાસ માટે ચાર્લ્સ ડાર્વિને 'બીગલ' નામના જહાજમાં દુનિયાનાં અનેક સ્થળોનો પ્રવાસ કરેલો. ૧૮૩૫માં પ્રવાસ શરૂ થયો અને આખી દુનિયામાં ફરીને સંશોધનકાર્ય પૂરું કર્યા બાદ ડાર્વિને ઇસ ૧૮૩૯માં એક જર્નલ પ્રકાશિત કરી ડાર્વિને આ જર્નલનું નામ પણ 'ધી વોયેજ ઑફ ધી બીગલ' જ રાખ્યું.' બીગલ'ના કૅપ્ટન હતા જ્હોન ક્લેમેન્ટ્સ વિકહામ. સ્વાભાવિક છે કે લાંબી મુસાફરી દરમિયાન ડાર્વિનને એમની સાથે સારી એવી ઓળખાણ થઈ ગઈ હશે.

હવે થયું એવું કે ઉત્તર અમેરિકા નજીકના ગેલાપેગોસ ટાપુના વિસ્તારમાંથી ચાર્લ્સ ડાર્વિને સંશોધન હેતુ કેટલાક નાના અને તાજા કાચબા એકઠા કર્યા. આમાંના કેટલાક કાચબાઓ લાંબી મુસાફરી દરમિયાન જહાજના પ્રવાસીઓ માટે ખોરાક તરીકે ઉપયોગમાં લેવાઈ ગયા, અન્ય કેટલાક બીજાં કારણોસર મરણને શરણ થયા. બાકીના કાચબા સંશોધન માટે ઉપયોગમાં લેવાયા, પણ એમાંની એક કાચબી 'બીગલ'ના અધિકારી જ્હોન ક્લેમેન્ટ્સ વિકહામે પોતાની પાસે રાખી લીધી.

એ રીતે ગણીએ ઇસ ૧૮૪૧થી એ કાચબી વિકહામના તાબા હેઠળ હતી. ૧૮૬૦માં વિકહામ નોકરીમાંથી નિવૃત્ત થયા અને પોતાના વતન પેરિસ જતાં પહેલાં કાચબીનો હવાલો ઑસ્ટ્રેલિયાના ક્વિન્સલૅન્ડ ખાતેના એક બોટાનિકલ ગાર્ડનને સોંપતા ગયા. પાછળથી એનો કબજો ઑસ્ટ્રેલિયા ઝૂ નામની સંસ્થાએ લીધો.

આ આખી કથામાં મજાની વાત એ છે કે ૧૯૬૦ સુધી તો લોકો આ કાચબીને 'નર' સમજતા રહ્યા. એનું નામ પણ 'હેરી' પાડવામાં આવેલું. પાછળથી ચોખવટ થતાં નામ બદલીને હેરિયેટ કરવામાં આવ્યું. મિસ હેરિયેટ ઠેઠ ૨૦૦૬ સુધી જીવી.

હાર્ટ ફેઈલ થઈ જવાથી એનું મૃત્યુ થયું ત્યારે એની અંદાજિત ઉંમર હતી આશરે ૧૭૬ વર્ષ. ઠેઠ ૧૮૩૨માં જન્મેલા 'જોનાથન' નામના અન્ય એક કાચબાદાદા તો આજની તારીખેય સેન્ટ હેલેના ખાતે જીવિત છે. મોતિયાને કારણે આંખની રોશની ગઈ પણ સાંભળવાની શક્તિ હજી બરકરાર છે. સ્થાનિક પ્રજાને આશા છે કે 'જોનાથન' આયુષ્યની ડબલ સેન્ચ્યુરી જરૂર ફટકારશે! ■

## સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

### રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ભૂખ્યાનો ભગવાન ભૂલો પડે તો ક્યાં જાય?**
* ગૂગલ શોધી ના શકે ત્યાં...

**લોહી ઉકાળા ના ગમે તો?**
* ટાંટિયાની કઢી કે મગજના દહીંથી ચલાવી લેવાનું.

**કાળા માણસને મોઢું કાળું ક્યારે લાગે?**
* બીજાના દર્પણમાં જુવે ત્યારે...

**પ્રેમમાં વચન ભંગ થાય તો?**
* દિલની અદાલતમાં કેસ ચલાવી સંતોષ માનવો...

**ભૂલચૂક લેવી- દેવી એટલે શું?**
* યાદ આવે તો જ આપવું - લેવું.

**નાકના સવાલનો ઉકેલ શું?**
* આંખમાં શરમ ભરવી....

**પાસાં પોબારા ના પડે તો?**
* પાછળ જોયા વિના આંખ મીંચીને પોબારા ગણી જવા ...

**કાળી કમાણી કેવી હોય?**
* પૈસા ઉડાડી શકાય એવી....

**લગ્ન પહેલાં ચાંદનો ટુકડો લાવવાની વાત ને લગ્ન પછી?**
* ધોળા દિવસે તારા દેખાડવાની પ્રવૃત્તિ.

**ગધેડાને ક્યારે તાવ આવે?**
* તમારા જેવા આવા વાહિયાત સવાલ કરે ત્યારે..

**કોક્રોચ પાર્ટીની જેમ મચ્છરની પાર્ટી ક્યારે બનશે?**
* મલેરિયા વિભાગ પરવાનગી આપશે ત્યારે...

**ડિસ્કો ડાન્સ વધારે ક્યાં દેખાય?**
* ખાડાવાળા રોડ પર.

**અણગમતી રાણી કઈ?**
* ઉઘરાણી... ■

feedback@bombaysamachar.com

તસવીરની આરપાર

ભાટી એન.

# મચ્છુ-પાતાળિયો નદી સંગમથી ખીલ્યું વાંકાનેરનું મનમોહક સૌંદર્ય...

સમગ્ર ગુજરાતમાં મેઘરાજાએ મન મૂકીને વરસાવેલી મેઘમહેરે સૌરાષ્ટ્રની ધરતીને પણ લીલીછમ ચાદર ઓઢાડી દીધી છે. થોડા સમય પહેલાં જે મચ્છુ નદીનું પટ સુકાઈને નિર્જીવ ભાસતું હતું, ત્યાં આજે વરસાદી નીરનું વેગવંતું વહેણ જીવનનો સંદેશ આપી રહ્યું છે. મોરબી જિલ્લાની જીવનદાયી મચ્છુ નદી બંને કાંઠે છલકાતી વહી રહી છે ત્યારે વાંકાનેરની ધરતીનું સૌંદર્ય જાણે વરસાદના જળબિંદુઓથી નવેસરથી શણગારાયું હોય તેવું અનુભવાય છે.

વાંકાનેર શહેરમાં મચ્છુ અને પાતાળિયો નદીનો સંગમ વરસાદી ઋતુમાં કુદરતની અદ્‌ભુત કલાત્મકતાનું જીવંત ચિત્ર બની ઊભો રહ્યો છે. બે નદીઓના નીર સંગમ તરફ આગળ વધતાં અલગ અલગ રંગછટાઓ ધારણ કરી જાણે એકબીજાને મળવા આતુર બે પ્રવાહોનો મિલનોત્સવ સર્જે છે. આ દૃશ્યમાં જળની નિર્મળતા, હરિયાળીની તાજગી અને વાદળોની ગહનતા ભળીને વાંકાનેરને એક અવિસ્મરણીય કુદરતી સૌંદર્ય અર્પે છે. સ્થાનિકો ઉપરાંત પ્રકૃતિપ્રેમીઓ માટે પણ આ સંગમસ્થળ મનને મોહી લેતું આકર્ષણ બની ગયું છે.



આ મનોહર દૃશ્યને આશરે ૩૦૦ ફૂટની ઊંચાઈએથી ડ્રોન કેમેરામાં કેદ કરતાં વાંકાનેરનું સમગ્ર રૂપ જાણે કોઈ ચિત્રકારે આકાશમાંથી દોર્યું હોય તેમ નજરે પડે છે. ચારે તરફ પથરાયેલી હરિયાળી, વહેતી જળરાશિ અને બંને નદીઓનો સંગમ શહેરની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે.

વરસાદે નદીઓને નવજીવન આપ્યું છે અને સાથે વાંકાનેરના કુદરતી વૈભવને પણ નવી અભિવ્યક્તિ આપી છે. આકાશી નજરે કેદ થયેલું આ દૃશ્ય માત્ર એક તસવીર નહીં, પરંતુ મેઘમહેરથી સજીવ બનેલી વાંકાનેરની ધરતી અને કુદરત વચ્ચેના અતૂટ નાતાનું મનમોહક દસ્તાવેજ બની રહે છે. ■




**કાં અહીં જ બેસી રહેવું છે? કોની સાથે આટલીબધી વાર વાત કરી તેં? મને છોડ તો હું ચાલ્યો જાઉં. ભાડમાં જાઓ સોનલ અને તું...!**

**સનત** સમજ્યો કે ડ્રાઈવર નબળો પડ્યો છે, તેણે તરત બીજો પ્રશ્ન કર્યો. 'રાજસ્થાન તો કેટલું ફેલાયેલું પડ્યું છે, રાજસ્થાનમાં ક્યાં લઈ જાશ તું?'

'જો મને જે કામ સોંપાયું હતું એટલી જ ખબર છે. રાજસ્થનમાં ક્યાં જવું છે તેની મને ખબર નથી.' સનત સમજી ગયો કે ડ્રાઈવરને ખબર છે પણ તે કહેવા માગતો નથી. તેણે તરત કહ્યું, 'તો હું આ બેઠો. તું પણ બેસી રહે મારી સાથે. જ્યાં સુધી તું બધું સાચું નહીં કહે ત્યાં સુધી હું તારી સાથે ચાલવાનો નથી.' કહીને સનત પલાંઠીવાળીને રોડની ધાર ઉપર બેસી ગયો. ડ્રાઈવર તમતમી ગયો. તેને થયું તે સનતને એક લાત મારી દે. તેમ છતાં તે મૂંઝાઈને ઊભો રહ્યો. સનતનો ચહેરો જોતાં તેને લાગ્યું કે આ માણસ કોઈ પણ હદ સુધી જઈ શકે છે, તેની સામે પડવા જેવું નથી. આમ તો એને કહેવામાં આવ્યું હતું કે કોઈ લલ્લુ જેવો ઈજનેર છે. જરાક ધમકી આપીશ તો મુતરી પડશે.

બીજી તરફ સનત પણ વિચારમાં હતો કે જો પોતાને અહીં એકલો મૂકીને ડ્રાઈવર ગાડી દોડાવી જશે તો શું થશે? સાથે સોનલ અને પોતાની બેય બેગ જશે. ખીસ્સામાં ઝાઝા પૈસા પણ નથી. આ અજાણ્યા વિસ્તારમાં પોતે કરશે શું? તેની નજર ડ્રાઈવરની હરકત ઉપર હતી. તેણે નક્કી જ કરીએ લીધું હતું કે ડ્રાઈવર જો ગાડી ભગાવે તો પોતે દોડીને બેસી જશે. તે ધીમેથી ઊભો થયો અને જીપનું ખુલ્લું બારણું પકડીને ઊભો રહ્યો. ડ્રાઈવર હજુ તેના તરફ જોઈ રહ્યો હતો. તેને નવાઇ લાગતી હતી કે ડ્રાઈવરે હજુ બળપ્રયોગ કેમ ન કર્યો હોય? કદાચ ડ્રાઈવર પાસે પીસ્ટલ હોય અને તે તાકીને ઊભો રહે તો પોતાની પાસે કોઈ વિકલ્પ જ ન બચે, પછી જેમ ડ્રાઈવર કહે તેમ જ કરવું પડે. એક કાર સ્પીડથી આવી અને તેની બાજુમાંથી પસાર થઈ ગઈ. તે ધીમેથી ઊભો થયો અને જીપની બાજુમાં ઊભો રહ્યો. ડ્રાઈવર પણ ભારે મૂંઝવણમાં દેખાતો હતો. તેને લાગ્યું આ માણસ નહીં જ માને. કંટાળેલો ડ્રાઈવર નજીક આવ્યો અને ગાડીના મીટર ડેશબોર્ડ પર રાખેલો તેનો સેલફોન ઉપાડ્યો. તેણે ક્રૂરતાથી સનત સામે જોઈ અને ગાડીની ચાવી કાઢી લીધી. સનત સમજ્યો કે ડ્રાઈવરે ચાવી શા માટે કાઢી લીધી છે. એને એ પણ વિચાર આવ્યો કે ડ્રાઈવર પોતાને ગોળી મારી દેવાના ગપ્પા મારતો હતો. જો એની પાસે ગન હોત તો તે ક્યારનીય કાઢી લીધી હોત. ડ્રાઈવરે પછાડીને દરવાજો બંધ કર્યો પછી જરા દૂર જઈ ફોન પર વાત કરવા લગ્યો. સનતને થયું આ ડ્રાઈવર સાવ મૂર્ખ નથી. અચાનક સનતને જુદી જાતનો વિચાર આવ્યો અને એને અમલમાં મુકવાની તક પણ તેની પાસે હતી. ડ્રાઈવર પીઠ ફેરવીને ફોન ઉપર વાત કરતો હતો. એ બેય વચ્ચે પચીસેક ડગલાનું અંતર હતું. સનતને અચાનક જ કંઈક યાદ આવ્યું. તે જીપની અંદર બેઠો અને પોતાની બેય બેગ સરકાવી લીધી. ઝડપથી પગ ઉપાડતો રસ્તાની ધારે ઊભેલા વડના ઝાડ તરફ ચાલ્યો ગયો. એ બાજુ જૂની એક ઓરડી હતી. એની નજર ફોનથી વાત કરતા ડ્રાઈવર તરફ જ હતી. જો ડ્રાઈવર તેને બેગ સાથે જતો જોઈ જશે તો હમણા જ પાછળ દોડશે. સનત બારણા વગરની ઓરડીની અંદર ગયો. તે સાથે જ અવાવરું ઓરડીની અંદરથી ચામાચીડિયાં ઊડીને બહાર આવ્યાં. તેનું મગજ ભયંકર ઝડપથી વિચારી રહ્યું હતું. તેને નવાઈ લાગતી હતી કે ડ્રાઈવર તેને ભૂલી ગયો છે કે શું? ડ્રાઈવર હજુ ફોન પર વાત કરતો હતો. જરાય અવાજ ન થાય તેમ તેણે બેય બેગ ઓરડીના એક ખૂણામાં મૂકી દીધી અને ઝડપથી બહાર આવીને જીપનું બારણું પકડી ઊભો રહ્યો. ઓચિંતું એને ગાડીની અંદર કંઈક દેખાયું. એક નાનકડો થેલો ડ્રાઈવરની પાછળની સીટ ઉપર પડ્યો હતો. એને સમજાયું કે એ થેલો ડ્રાઈવરનો છે. એ થેલાનો રૂપકડો આકાર એને ખેંચતો હતો. તેણે કુતૂહલવશ એ થેલો ઉપાડ્યો. ડ્રાઈવર પર નજર રાખી તેણે ઝડપથી થેલાની ઝિપ ખોલી અંદર હાથ નાખ્યો. થેલામાં કપડાં હોય તેવું લાગ્યું. જરાક ઊંડે હાથ નાખતા તેની આંગળીઓને કોઈ કઠણ વસ્તુનો સ્પર્શ થયો. તેણે એ ચીજને બહાર કાઢી તો એને જોઈને એના કપાળે પરસેવો વળી આવ્યો. એ નાનકડી પીસ્ટલ હતી. પહેલા એને વિચાર આવ્યો કે એ મૂકી દે, પણ તરત એની અંદરનો હિંસક પુરુષ જાગૃત થઈ ગયો. તેણે પીસ્ટલ ખીસ્સામાં મૂકી અને ઝડપથી ઝિપ બંધ કરી થેલો જ્યાં હતો ત્યાં જ મૂકી દીધો. ડ્રાઈવર હજુ ફોન ઉપર વાત કરી રહ્યો હતો. તેણે ઊંડા શ્વાસ લીધા. કપાળ ઉપર વળી આવેલો પરસેવો હથેળીથી સાફ કર્યો. ડ્રાઈવર આવે તો તેને ઉપસેલું ખીસ્સું દેખાય નહીં તે રીતે બારણાને અડીને ઊભો રહ્યો. આ પહેલા તે કદી હથિયારને અડ્યો ન હતો. તેના ધબકારા વધી ગયા હતા. ધ્યાનથી જોવામાં આવે તો સમજાઈ જાય જે એના મોં ઉપર કંઈક જુદા વિચારોનું દબાણ છે. રોડ પરથી એક સાથે બે જીપ દોડી ગઈ. થોડો અજવાશ થયો અને ફરી અંધારું છવાઈ ગયું. તેને એવું લાગ્યું જાણે તેની અંદર હિંમતનો સંચાર થઈ રહ્યો છે. એની પાસે પણ હથિયાર છે. એ ધારે તો આ ડ્રાઈવરનું ઢીમ ઢાળીને દિલ્હી તરફ ગાડી ભગાવી શકે છે. તેણે જોયું કે વાત પતાવીને ડ્રાઈવર ગાડી તરફ આવી રહ્યો હતો. નજીક આવેલા ડ્રાઈવરે કશું બન્યું ન હોય તેમ દરવાજો ખોલી સ્ટીયરિંગ પકડીને બેસી ગયો. તેણે કહ્યું, 'કાં અહીં જ બેસી રહેવું છે? કોની સાથે આટલીબધી વાર વાત કરી તેં? મને છોડ તો હું ચાલ્યો જાઉં. ભાડમાં જાઓ સોનલ અને તું.'

ડ્રાઈવરે જીપની બત્તી ચાલુ કરી અને સનતની સામે જોઈ રહ્યો. સનતને લાગ્યું જાણે હમણા જ હુમલો કરશે. ડ્રાઈવરે જુદું જ કહ્યું, 'એ લોકો અહીં જ આવે છે. એ આવે એટલે તારા શું હાલ કરું છું એ જોજે.'

ડ્રાઈવરની વાત સાંભળી સનતને ઝાટકો વાગ્યો. તેને થયું કે જો સોનલને પેલા લઈ ગયા હશે અને ફરી નહીં લાવે તો કોઈ અર્થ નહીં સરે. તેણે તરત ડ્રાઈવરને કહ્યું, 'તેં જેની સાથે વાત કરી એની સાથે મારે વાત કરવી છે. જો તું વાત નહીં કરાવે ગરબડ થશે. પછી તારો માલિક તને ગાળો દે કે મારી નાખે તો મને ન કહેતો.'

ડ્રાઈવર ફરી મૂંઝાઈને સનત સામે જોઈ રહ્યો. ફોન કરવો કે ન કરવો તેની અવઢવ એના ચહેરા ઉપર દેખાઈ પછી તેણે ફોન જોડ્યો અને સનતને આપી દેતા કહ્યું, 'લે વાત કર. રીંગ જઈ રહી છે.' સનત ફોન લઈને જરા દૂર ચાલ્યો ગયો. ફોન ઉપાડતાં જ વાઘ ઘૂરકતો હોય અવાજ આવ્યો, 'મૈને કહા ના કી આ રહા હું, અબ ક્યા હૈ સલીમ?'

'જુઓ મને ખબર નથી તમે કોણ છો, પણ હું સલીમ નહીં સનત છું. ફોન કાપતા નહીં પ્લીઝ. તમે કારણ વગરની દોડાદોડ કરો છો. મારી પાસે સોનલની બેગ છે, પણ એમાં એના બે જોડ કપડાં સિવાય કશું જ નથી. બેગ જોઈતી હોય તો હું તમારા ડ્રાઈવરને આપી દઉં. તમે અહીં આવતા હો તો સોનલને તેડી આવજો.'

'અરે શું બકી રહ્યો છો તુ? કંઈ નથી મતલબ બેગ ખાલી છે? એ તો કહી રહી હતી કે જે છે એ મારી બેગમાં છે. તું કહે છે કશું નથી. હવે તો એને લાવવી જ પડશે. ઓયે ઈનજીનિયર સાંભળ. તું આજે કારણ વગર મરવાનો છે એ નક્કી. સોનલ તારી કંઈ લાગતી નથી એમ? આજે હું લઈ આવું છું તારી માશુકાને. લે છેલ્લીવાર વાત કરી લે તારી લયલા સાથે.' કહીને તેણે સોનલને ફોન આપી દીધો. સામેથી સોનલે હલ્લો કહ્યું. સનતના ચહેરા પર એક સ્મિત આવી ગયું. તેણે એકદમ ધીમેથી કહ્યું, 'સોનલ બોલતી નહીં, ફક્ત સાંભળવાનું છે. લોકોને તારી બેગ શા માટે જોઈએ છે એજ મને સમજાતું નથી. અગત્યની વસ્તુઓ તો તેં કાઢી લીધી છે. મેં આખી બેગ તપાસી લીધી છે. એમાં એવું કંઈ નથી જેના માટે કોઈ તને ઉપાડી જાય. એ લોકોએ તારું અપહરણ શા માટે કર્યું છે તે મને સમજાતું નથી. પણ આજે તારે કોઈ પણ હિસાબે અહીં આવવાનું છે. તું ચિંતા કરતી નહી. મારી પાસે પણ હથિયાર છે. એની લાંબી વાત છે. મને ખબર છે તારા ઉપર જોખમ છે, પણ આપણે આજે મળવું જરૂરી છે. એને ફોન આપીએ દે.'

સનતે ફોન કટ કરી ડ્રાઈવરને આપી દીધો અને સડકની ધાર ઉપર પલાંઠીવાળીને બેસી ગયો. નવરા પડેલા ડ્રાઈવરે સિગારેટ સળગાવી. આ જોઈ સનતને સીગારેટ યાદ આવી. સિગારેટની સાથે તેને સોનલ યાદ આવી ગઈ. તેણે ડ્રાઈવર સાથે વાત કરવાના બહાને જ કહ્યું, 'એય ભાઈ ભલે હું તારો મિત્ર નથી, પણ મને સિગારેટ પીવડાવી શકે ને?'

ડ્રાઈવરના હોઠ ઉપર વ્યંગભર્યું સ્મિત આવ્યું, તેણે તુચ્છકારથી કહ્યું, 'મને શું ખબર તું સિગારેટ પીતો હોઈશ. ભિખારી સાલ્લો લે પી.' કહીને તેણે સનતને સિગારેટ અને માચીસ આપ્યા. કઈ બ્રાન્ડ છે તે જોયા વગર સનતે સિગારેટ સળગાવી. ઊંડો કસ લેતાં પહેલીવાર તેને લાગ્યું કે તે મર્દ છે અને કોઈ મર્દાનગીભર્યું કામ કરવાનો સમય આવ્યો છે. તે બધું ભૂલીને સિગારેટ પીતો રહ્યો. ડ્રાઈવર બોનેટ પર બેસીને આકાશને જોયા કરતો હતો. એકાદ કલાક પસાર થઈ ગયો. એ રસ્તા પરથી માંડ પાંચેક વાહન પસાર થયાં. ડ્રાઈવરના ફોનની રીંગ વાગી. તેણે સનત સામે એક નજર નાખી અને સડકની સામેની બાજુ જઈ વાત કરવા લાગ્યો. પાંચેક મિનિટ પછી તેણે સનતને કહ્યું, 'સાલ્લે તુમને મુજે બહોત પરેશાન કિયા હૈ. અબ દેખના તેરા કૈસા હાલ કરતા હું. વો લોગ આ રહે હૈં'

સનતના શરીરમાંથી વીજળી દોડી ગઈ. લગભગ પાંચેક મિનિટ પછી કોઈ કારના આવવાનો અવાજ સંભળાયો. સનતે પેન્ટના ખીસ્સા પર હાથ ફેરવી લીધો. તેના કપાળની નસો તંગ થવા લાગી. બોલેરો જીપ ઉત્તર તરફ મોં કરીને ઊભી હતી. એ કાર પશ્ચિમ તરફથી આવી રહી હતી. કારના ડ્રાઈવરે અંદરની બત્તી બે વાર ચાલુ કરી અને ઓલવી નાખી. સનતે ધારીને જોયું. સોનલ ડ્રાઈવરની બાજુવાળી સીટ પર બેઠી હતી. યુ ટર્ન લેવા કારને સાઈડમાં લઈને ડ્રાઈવરે પશ્ચિમ દિશા તરફ ઊભી રાખી. પેલી કાર અને બોલેરો જીપ વચ્ચે પચીસેક ડગલાનું અંતર હતું. બોલેરોના ડ્રાઈવરે ગાડી ચાલુ કરી નાખી. ઝડપથી કારનું બારણું ખૂલ્યું અને એક કદાવર માણસ બહાર આવ્યો. જીપ તરફ આવતાં એક ગંદી ગાળ ફેંકતા કહ્યું, 'આજ છે ને પેલો સુવ્વર?' સનત બેય હાથ ખીસ્સામાં નાખીને ઊભો રહ્યો. પણ અચાનક જુદું જ બન્યું.

પેલો કદાવર માણસ જે કારમાંથી ઊતર્યો તે કાર એકાએક એજ દિશામાં ભાગી જે તરફથી આવી હતી. બેબાકળા બની ગયેલા કદાવર માણસે જોરથી બૂમ પાડી, 'સલીમ જલદી કર સાલ્લી કમજાત ભાગી ન જાય.' તે દોડીને જીપમાં ગોઠવાયો. ટાયરની ચિચિયારીથી હવા છેદ છેદ થઈ ઊઠી. (ક્રમશઃ)■

હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી


સંજય છેલ
feedback@bombaysamachar.com

# ૧૦૦ ગ્રામ સહાનુભૂતિ મળશે?

કમાલની વાત છે કે આજના જમાનામાં હજી બ્રેકિંગ ન્યૂઝ નથી ફેલાયા કે મારા પગનું હાડકું ભાંગી ગયું છે! અખબારમાં ઘણા ધમાકેદાર સમાચારો ને નાની-નાની વાતો છપાતી રહે છે, જેમ કે ક્યાંક ઇરાન-અમેરિકાનું યુદ્ધ તો ક્યાંક એક પત્નીએ બીજા પતિને ત્રીજીવાર મારી નાખ્યો વગેરે વગેરે..

આ બધા વચ્ચે  મારા પગ ભાંગવાના સમાચારને જાણીબૂઝીને દબાવવામાં આવ્યા છે. આમાં મને કોઈ વિદેશી તાકાતનું કાવતરું લાગે છે. વળી છેક મોરિશિયસમાં વિશ્વ હિન્દી સંમેલન યોજવાનો શું ફાયદો? મારી પાસે હજુ સુધી ત્યાંના પ્રધાનમંત્રી શિવસાગરજીનો આમંત્રણ પત્ર પણ નથી આવ્યો, છતાં હું મોરિશિયસ હિંદી સંમેલનમાં જવાનો જ હતો, પણ યાત્રાના ૩ દિવસ પહેલાં જ મારો પગ ભાંગી ગયો. હું પૂછું છું કે બીજા કયા હિન્દી લેખકનો પગ ભાંગ્યો છે? કોણ પોતાની ભાષા માટે પગ તોડાવે? ઍક્ચ્યુઅલી, મારા આ ભાંગેલા પગનું હિન્દી આંદોલનમાં મોટું મહત્ત્વ છે. મેં ભલે સારું નહીં લખ્યું હોય, પણ કમસે કમ  સારી રીતે પગ તો તોડાવ્યો છેને? બાકીના લેખકો કેટલા બકવાસ છે કે જે ના તો સારું લખે છે કે ના તો હાથ-પગ તોડાવવાની તસ્દી લે છે.

કોઈ અકસ્માત કે નુકસાન થાય ત્યારે બિચારો લેખક શું ઇચ્છે? થોડીઘણી પ્રસિદ્ધિ. હું એવું ક્યાં કહું છું કે મારો કોઈ મહાન લેખક તરીકે પ્રચાર કરો? હું તો બસ એટલું જ ઇચ્છું છું કે મારા પગ ભાંગવાની વાત સમાજમાં ફેલાય અને સાથે સાથે એવી પણ ચર્ચા થાય કે હું એક લેખક છું. બસ. જાણ્યે અજાણ્યે મેં ઘણાને કવિ બનાવ્યા છે. એક જમાનામાં હું અખબારમાં કામ કરતો હતો. ત્યાં એક સજ્જન કવિતા લખતા, પણ એમને કોઈ કવિ માનતા નહોતા. એક રાત્રે એમના ઘરે ચોરી થઈ ગઈ. મેં એ સમાચારને હેડિંગ આપ્યું: 'કવિના ઘરે ચોરી'. બીજા દિવસે કવિ મારી પાસે આવ્યા ને બહુ ખુશ હતા! કહેવા લાગ્યા કે હું તમારો આ ઉપકાર જિંદગીભર નહીં ભૂલું. મેં પૂછ્યું કે શું ચોરાયેલો સામાન પાછો મળી ગયો? એમણે કહ્યું, 'ના..ના.. પણ તમે મને કવિ તરીકેની ઓળખ આપી, મારું નામ રોશન કર્યું.' એમને એમના ચોરાયેલા માલનું જરાય દુઃખ નહોતું. ૩-૪ હજારનો સામાન ગયો તો શું થયું? પણ એ નુકસાનના જોરે 'કવિ' તરીકે સમાજમાં જાણીતા તો થઈ ગયા. પ્રખ્યાત થવા તે કૂતરા પાસે પણ કરડાવે, જેથી છાપાંમાં છપાય કે 'કવિને કૂતરો કરડ્યો'.




પણ પછી મેં મારા તરફથી કોઈ કચાશ નહીં છોડી. ગમે તે વિષય પર લખું, એમાં મારા ભાંગ્યા પગનો ઉલ્લેખ અચૂક કરી દઉં. પછી ભલે એમાં થોડી બેવકૂફી દેખાય. આવું ભોળપણ એ સાહિત્યનું જરૂરી લક્ષણ છે... લોકો પૂછે નહીં તો પણ હું સામેથી જ પત્ર લખતો- 'પ્રિય ભાઈ, તબિયત સુધારા પર છે. હવે થોડો ઘણો ચાલી શકું છું.'

એક દિવસ કાનપુરથી એક સજ્જન આવ્યા. જે આગળ જઈને દુર્જન સાબિત થયા. હું તો ફૂલાઈ ગયો કે આટલે દૂરથી લોકો મારી ખબર કાઢવા આવે છે! મેં પૂરી અદાથી એમને કહ્યું, હવે પગ ધીમે ધીમે સાજો થઈ રહ્યો છે. બાકી દુઃખાવો તો હજી છે જ. એ  વિચારમાં પડી ગયા ને પૂછવા લાગ્યા,

તમે કોની વાત કરો છો? કોના પગમાં દુઃખાવો છે?

આ સાંભળીને મારી હાલત કફોડી થઈ ગઈ! મેંએમને વિગતવાર કહ્યું ત્યારે માંડ માંડ સમજ્યા ને બોલ્યા, અરે! મને તો ખબર જ નહોતી. મેં પૂછ્યું, 'કેમ? કાનપુરમાં તમને ગિરીરાજ કિશોર કે કામતાનાથે નથી કહ્યું?

પેલા ભાઈએ કહ્યું, ના ભાઈ! હું તો એમને ઓળખતોય નથી.

મને થયું કે પેલા બંને સાહિત્યકારો કાનપુરમાં કરે છે શું? કોઈ એમને ઓળખતુંયે નથી? પેલાએ કહ્યું, અમે તો અહીં તિવારીજીના છોકરા સાથે દીકરીનાં લગ્ન નક્કી કરવા આવ્યા છીએ. અમને કોઈએ કહ્યું કે તમે તિવારીને બરોબર ઓળખો છો, એટલે થયું તમારો અભિપ્રાય પૂછીએ. આ સાંભળતાં જ મારા મગજનો પારો છટક્યો અહીં એક લેખકનો પગ ભાંગ્યો છે ને આને લગ્નની પડી છે? મને તો થયું કે એ છોકરીનું સગપણ ગમે તેમ કરીને તોડાવી નાખું ને જઈને કહી દઉં કે પેલો છોકરો શરાબી ને જુગારી છે પણ એટલી મારી હિંમત નહીં થઈ.

સાચી સહાનુભૂતિ ખાલી દયા ખાવા ખાતર જ નથી અપાતી, ઘણીવાર તો એવી ચટપટી હોય કે સાંભળીને મોંમાં પાણી આવી જાય! હિંદીના મહાન કવિ 'નિરાલા'ના અવસાન પછી એક જાણીતા સાહિત્યકારે મને કહેલું- બિચારા નિરાલાજી, જીવનભર દુઃખ વેઠીને આખરે મોતને ભેટ્યા. આટલી મહાન પ્રતિભાનો આટલો કરુણ અંત? પહેલાં લાગ્યું કે એ ભાઈ સ્વ. નિરાલાજી માટે દુઃખી થઈ રહ્યા છે, પણ પછી તરત જ બોલ્યા  હવે તો મરે જ ને! બધાં પાપ તો ખુલ્લેઆમ કરતા હતા - દારૂ, વેશ્યાગમન... સાંભળીને મને થયું કે મારી સામે કોઈ રોગી બેઠો છે જે અંદરથી સાવ સડી ગયો છે.

સહાનુભૂતિનું પણ એક અજબ સંકટ હોય છે. એકવાર એક સજ્જનના પરમ મિત્ર હૉસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા હતા. ડૉક્ટરોએ કહી દીધેલું કે હવે એ માંડ અડધો કલાકના મહેમાન છે.

પેલાએ ઑફિસમાંથી અડધા દિવસની રજા લીધી અને મરનાર મિત્રની સ્મશાનયાત્રામાં જવા તૈયાર થઈને ઘરમાં બેસી રહ્યા. પણ ૨૩ કલાક વીતી ગયા છતાંય કોઈ ખબર નહીં! એટલે પેલા ખીજાઈને બોલ્યા, આ તે કેવી મુસીબત? આપણને તો કહેલું કે અડધા કલાકમાં ખેલ ખતમ! પણ ૩૩ કલાક થઈ ગયા પણ ઓલી બાજુથી કોઈ પત્તો જ નથી! મરનારની પણ આ હદ બહારની બેદરકારી કહેવાય!

બીમારીની અસીમ કૃપાઓથી લોકો શું શું નથી મેળવી લેતા હોતા. મારા એક કવિ મિત્ર જે સમાજસેવક પણ હતા ને વળી ખાસ્સા લોકપ્રિય પણ ખરા, તે ગંભીર રીતે બીમાર પડ્યા.. જ્યારે પણ કોઈ સ્ત્રી એમની ખબર પૂછવા આવે, એટલે તરત જ તેઓ માથું પકડીને નિઃસાસો નાખવા લાગેઃ ઓહ, મારું માથું ફાટી જશે એવું લાગે છે! પેલી સ્ત્રી સહજભાવે જ તરત આવીને તેમનું માથું પ્રેમથી દબાવવા લાગતી. જે સ્ત્રીઓના પ્રેમ માટે તેઓ યુગોથી તરસતા હતા, તેમની પાસે જ તેમણે માથું  દબાવવાનું સુખ મેળવી લીધું! પણ રોજનું આ જોઈને કવિની પત્નીએ ગુસ્સાથી કહી દીધું,

આ તમારું માથું ફક્ત કોઈ સ્ત્રી આવે ત્યારે જ કેમ દુઃખવા લાગે છે? જ્યારે હું આસપાસ હોઉં છું ત્યારે તો ક્યારેય નથી દુખતું! મારા મિત્ર પણ એવા પહોંચેલા હતા કે તરત બોલ્યા, અરે પાગલ! તને જોઈને તો મારું મોત પણ ભાગી જાય છે, તો પછી આ માથાનો શું હિસાબ?

એક દિવસ એક અજાણ્યો માણસ મને બહુ ગમી ગયો. એણે કહ્યું, અરે, આ પગ-બગની ચિંતા શું કરો છો? સૌ સારાવાનાં થઈ જશે. બોલો, નવું કંઈક લખી રહ્યા છો? મેં જવાબ આપ્યો, હા ભાઈ, રેડિયો પર લોકસભાની ચૂંટણીના તાજાં પરિણામો સાંભળી રહ્યો છું ને સાથે સાથે લખી પણ રહ્યો છું- મારી ઘરની સામે પેલું મોટું ઝાડ ઊભું છે ને? જરા સરખી પવનની લહેરખી આવે છે તો એનાં પાંદડાં એવી રીતે ખરી પડે છે જેમ સત્તાપક્ષના ઉમેદવારો ચૂંટણીમાં પછડાઈ રહ્યા હોય! અને જે પીળા પડેલાં પાંદડા દેખાય છે ને, સમજો કે એમની જામીન પણ જપ્ત થઈ ગઈ છે!

પેલા ભાઈએ આશ્ચર્યથી કહ્યું, અરે વાહ, તમે તો એકદમ રાજકીય કટાક્ષ લખી રહ્યા છો!


મેં કહ્યું, કરેક્ટ, આ દેશમાં કટોકટી અને સેન્સરશિપના ત્રાસથી હુંયે બીજા કાયર લેખકોની જેમ ચૂપચાપ બેસી રહ્યો હતો. હવે મારાથી ચૂપ નથી રહેવાતું. મારે જગતને જણાવવું જ પડશે કે મારો પગ ભલે ભાંગ્યો હોય પણ માટીપગો નથી. અસલી બહાદુર લેખક તો ફક્ત હું જ છું, હોં? ■

---

અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## નગદ નારાયણ માટે નારાયણીના ખેલ



'યુદ્ધસ્ય કથા રમ્યાઃ' ભલે કહેવાતું હોય, પણ રશિયન યુદ્ધની કથા જાણશો તો અરેરાટી થશે, શરમ આવશે, ક્રોધ ચડશે... જગત આખામાં પૈસો એ હદે પ્રિય અને પાવરફુલ થઈ ગયો છે કે માણસ છેલ્લી પાટલીએ બેસવા તૈયાર થઈ જતાં અચકાતો નથી, બલકે હોંશે હોંશે તૈયાર થઈ જાય છે. ભૌતિકવાદને ભગવાન સમજતી રશિયન મહિલાઓ અંગત સ્વાર્થ માટે ભલાભોળા પુરુષોને પટાવી એની સાથે પરણી રશિયા-યુક્રેન યુદ્ધમાં ધકેલી દે છે. એક મિનિટ, દેશદાઝ - દેશભક્તિની કોઈ વાત નથી કે 'મરજો ને કાં મારજો પૂંઠ ન દેજો લગાર' જેવી શીખ દેતી વીર ભામિનીની પણ વાત નથી. વાત છે ખુવારીના વળતરના લાલચની. ચાર વર્ષથી ચાલી રહેલા યુક્રેન વિરુદ્ધના યુદ્ધમાં માર્યા ગયેલા રશિયન સૈનિકોની પત્ની અથવા પરિવારના સૌથી નિકટના લોકોને સરકાર તરફથી એક ચોક્કસ રકમની આર્થિક સહાય આપવામાં આવે છે. આ રકમ ૫૦ લાખ રૂબલથી ૮૦ લાખ રૂબલ (આશરે ૫૭ લાખ રૂપિયાથી ૯૧ લાખ રૂપિયા) જેટલી માતબર હોય છે. યુદ્ધ મોરચે ગયેલી વ્યક્તિ શહીદ થાય તો તેના પરિવારને પરેશાની ભોગવવી ન પડે એ આશય છે. જોકે કેટલાક ક્રૂર લોકો ઉમદા દેખાતા આ હેતુનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી રશિયન મીડિયામાં 'બ્લૅક વિડો'ના વ્યથિત કરી દેતા કિસ્સા જોવા-જાણવા મળી રહ્યા છે. અનેક મહિલા સામેથી પુરુષનો સંપર્ક કરી તેમને ફોસલાવીને લગ્ન કરી લે છે અને ચાર દિન કી ચાંદની પૂરી થાય એટલે ભરથારને ભૂમિના રક્ષણ માટે યુદ્ધમાં મોકલી દે છે. ન કરે નારાયણ એ સૈનિક મૃત્યુ પામે તો નારાયણી આર્થિક વળતર મેળવી લે છે. 'સબસે બડા રૂપૈયા' બહુ સાચી વાત છે, હેં ને!

## નેપાળનો રાષ્ટ્રીય ધ્વજ નોખો છે



'હર ઘર તિરંગા' એ ભારત સરકારનું રાષ્ટ્રીય અભિયાન છે જેનો હેતુ લોકોમાં દેશભક્તિની ભાવના જગાવવાનો અને રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન વધારવાનો છે. આ વર્ષે  વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને 'હર ઘર તિરંગા' અભિયાનને દરેક ઘરમાં ઉત્સવ તરીકે ઊજવવાની અપીલ કરી છે. રાષ્ટ્રધ્વજ માટે તિરંગો શબ્દનો ઉપયોગ ઘણી વાર થાય છે, કારણ કે ઘણા દેશના ફ્લૅગમાં ત્રણ રંગનો સમાવેશ જોવા મળે છે. વિવિધ દેશના રાષ્ટ્રધ્વજના રંગોની માહિતી અનુસાર  વિશ્વના સ્વતંત્ર દેશોના ૧૯૨ ધ્વજ છે અને એમાંના સૌથી વધારે ત્રણ રંગના છે. આપણા પાડોશી દેશ નેપાળના ધ્વજની બેજોડ છે. એનો રાષ્ટ્રીય ધ્વજ દુનિયાનો એવો એકમાત્ર ફ્લેગ છે જે દેખાવમાં ચોરસ આકારનો નથી. બે ત્રિકોણાકારના સુમેળથી તૈયાર થયેલો આ ધ્વજ અગાઉ દેશ પર રાજ કરનાર રાણા વંશનાં બે જૂથનું પ્રતિનિધિત્વ કરે છે. આ બે ત્રિકોણ આકાર ગઈ સદીમાં પહેલીવાર જોડવામાં આવ્યા હતા. જોકે દેશના સત્તાવાર ધ્વજ તરીકે એનો સ્વીકાર ૧૯૬૨માં થયો હતો જ્યારે બંધારણીય સરકાર અસ્તિત્વમાં આવી હતી. આ ધ્વજ પર સૂર્ય અને ચંદ્રનાં પ્રતીક છે. જ્યાં સુધી સૂરજ અને ચંદ્રમાનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી નેપાળ અને નેપાળના લોકોનું અસ્તિત્વ રહેશે એવી માન્યતા છે.

## અઢી અબજના ઑર્ડર, પેમેન્ટ ઝીરો




મનુષ્યનું મગજ ખરેખર ગજબનાક છે. એવા એવા ખેલ દેખાડે કે લોકો ચકરાવે ચડી જાય. આ અજબ દુનિયામાં ગજબ ઘટનાઓ સતત બનતી રહે છે. બત્રીસ વર્ષની જાપાનીઝ મહિલાનાં કરતૂતો એનું વિશિષ્ટ ઉદાહરણ છે. રેસ્ટોરાંમાં કામ કરતી એક સન્નારીની ધરપકડ કરવા આવી ત્યારે એનો 'ગુનો' સાંભળી અનેક લોકોને ચક્કર આવી ગયાં. ૨૦૨૪ અને ૨૦૨૫ એ બે વર્ષ દરમિયાન મૅડમે ઘરે બેઠાં બેઠાં ૪.૩ અબજ બિલિયન યેન (આશરે અઢી અબજ રૂપિયા)ની કિંમતની વિવિધ પ્રોડક્ટનો ઑનલાઇન ઑર્ડર આપ્યો, પણ એમાંથી એકની પણ ડિલિવરી લીધી નહીં. મતલબ ઝીરો પેમેન્ટ. આ કામ કરવા માટે તેણે અલગ અલગ ૨૩૮ એકાઉન્ટનો ઉપયોગ કર્યો. ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ ન કરવા માગતા લોકો માટે જાપાનમાં કન્વિનિયન્સ સ્ટોરની સગવડ છે, જ્યાં ખરીદદાર પ્રોડક્ટ મગાવી શકે છે. આ મહિલાએ એક જ કંપનીને લક્ષ્ય બનાવી એની અનેક પ્રોડક્ટ સ્ટોરમાં મગાવી, પણ ડિલિવરી લીધી નહીં. અમુક સમય સુધીમાં જો ગ્રાહક પ્રોડક્ટ ન લઈ જાય તો ઑર્ડર કૅન્સલ થઈ જાય. દેખીતી રીતે કંપનીને કોઈ નુકસાન ન થાય, પણ પ્રોડક્ટ દુકાન સુધી પહોંચાડવાનો અને પછી પાછી લઈ જવાનો ખર્ચ તો ભોગવવો જ પડે ને. એટલું જ નહીં મૅડમે કેટલીક પ્રોડક્ટ કૅશ ઑન ડિલિવરી'ના વિકલ્પ સાથે ઑર્ડર કરી, પણ ઘરે માણસ આવે ત્યારે રિજેક્ટ કરી દેતી હતી. મહિલાની આ હરકતોને કારણે કંપનીને ૭૫ લાખ મિલ્યન યેન (આશરે ૪૫ લાખ રૂપિયા)નો ફટકો પડ્યો  'ખાયા પિયા કુછ નહીં ગ્લાસ તોડા બારહ આના'  જેવો ઘાટ થયો. મહિલાના ઑર્ડરને કારણે 'આઉટ ઑફ સ્ટૉક'ની જાહેરાત કરવી પડી અને જે લોકો ખરીદવા માગતા હતા એ લોકો વંચિત રહી ગયા એ અલગ. કંપનીએ પોલીસમાં ફરિયાદ કરતાં એક વર્ષ ચાલેલી તપાસ પછી તાજેતરમાં આ મહિલાની ધરપકડ કરવામાં આવી છે. આવી હરકતનું કારણ પૂછતાં મહિલાએ કહ્યું કે પોતે બહુ સ્ટ્રેસ અનુભવતી હતી અને આ કામથી એને માનસિક રાહત મળતી હતી.!

## પાણીની અછતે બે હજાર વર્ષ જૂનો બ્રિજ બતાવ્યો



આફતમાં અવસર કહેવત તમે જાણતા હશો. મુશ્કેલીમાં મોકો શોધી કાઢવો કે મળી જવો એ આ કહેવતનો ભાવાર્થ છે. 'પ્રૉબ્લેમ સૉલ્વિંગ' રાષ્ટ્રની ખ્યાતિ ધરાવતા યુરોપિયન દેશ ઈટલીમાં એક સમસ્યાએ સંસ્કૃતિ સાથે સાક્ષાત્કાર કરાવ્યો હોવાની ઘટના તાજેતરમાં બની છે. રોમ ભડકે બળતું હતું ત્યારે રાજા નીરો વાંસળી (કે વાયોલિન ?!)  વગાડતો હતો એ અસાધારણ શરમજનક ઐતિહાસિક ઘટનાના સમયમાં રોમમાં એક બ્રિજ હતો જે રાજાના નામ પરથી નીરો બ્રિજ તરીકે ઓળખાતો હતો. ઈટલીની સૌથી લાંબી એવી ટીબર નદી પર બાંધવામાં આવેલા આ બંધને નદીને કારણે ખ્યાતિ મળી હતી. આ નદીના કાંઠે રોમ વસ્યું હતું અને એ રોમન સામ્રાજ્યની જીવાદોરી તરીકે પંકાઈ હતી. કાળક્રમે બ્રિજનો વપરાશ ઘટતા અને નદીની સપાટીમાં ખાસ્સો વધારો થવાને પગલે એ બ્રિજ પાણીમાં ગરક થઈ ગયો. આશરે ૧૯૫૦ વર્ષના વહાણાં વીતી ગયા પછી આ બ્રિજે ફરી દર્શન દીધાં છે. ઈટલીમાં આ વર્ષે મેઘરાજા રિસાઈ ગયા હોવાથી અનેક જળસંગ્રહની સપાટી નીચે ઊતરી ગઈ છે. ટીબર નદી પણ એમાં અપવાદ નથી રહી. નદીમાં નીરની અછતને પગલે જળનું સ્તર એટલું નીચે ઊતરી ગયું છે કે બ્રિજ સપાટી પર દેખાઈ રહ્યો છે. આ ઘટના વાઇરલ થવાને કારણે એન્ટિક બ્રિજ ટુરિસ્ટ સ્પોટ બની ગયો છે. ગાઇડ પણ પુલ અને નદીના ઇતિહાસની સાથે સાથે નીરોની કહાણી સંભળાવી બે પૈસા રળતો થઈ ગયો છે. સંસ્કૃતિની કેવી કેવી કૃતિ હોઈ શકે એની કલ્પના પણ ન થઈ શકે.

## લ્યો કરો વાત

*'બચ્ચે મન કે સચ્ચે' અમથું નથી કહેવાતું. માસૂમિયત તેમના ચહેરા પર જ નહીં તેમની વાણીમાં પણ ટપકતી દેખાય છે. એમની નિખાલસતાનો તો જવાબ નહીં. સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલો એક કિસ્સો આનું સમર્થન કરે છે. વાંચ્યા પછી હસવું આવશે અને વિચારે પણ ચડી જશો. સ્કૂલના વર્ગમાં બાળકોને સવાલ પૂછવામાં આવ્યો કે 'જંગલોમાંથી વન્યજીવોની સંખ્યા કેમ ઘટી રહી છે? મોટા ભાગનાં બાળકોએ શિકાર, પ્રદૂષણ જેવાં કારણ લખ્યાં. એક બાળકે લખ્યું કે 'ખૂબ ઝાડ કપાઈ રહ્યાં છે અને જનાવરોને કિડનેપ કરી પ્રાણી સંગ્રહાલયમાં મોકલી દેવામાં આવી રહ્યા છે. એટલે જાનવરોની સંખ્યા ઘટી રહી છે.' આ માસૂમ જવાબ વાંચી ટીચરને પહેલા તો ખૂબ હસવું આવ્યું પણ પછી ગંભીરતાથી વિચાર કરવા લાગ્યા. સોશ્યલ મીડિયા પર આ પોસ્ટ તેજીથી ફેલાઈ ગઈ અને હળવી અને ગંભીર પ્રતિક્રિયાઓ આવી.* ■

---

feedback@bombaysamachar.com

કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# આશા ને પાસા સાથે સરખાવે છે...

**'આયો આડર ગુરે, વ્યો ગુરે વોરાંણી'** 'આયો' એટલે 'જે આવે તે', 'આડર'નો અર્થ થાય છે આદર, 'ગુરે' એટલે માગે, 'વ્યો'નો અર્થ છે 'જે જાય તે' 'વોરાંણી' એટલે વિદાય... શબ્દાર્થ છેઃ જે આવે તે આદર માગે અને જતી વખતે વિદાય માગે! પરંતુ તેનો તદ્દન ટૂંકો ભાવાર્થ છેઃ વ્યક્તિને માન આપવું.

આપણે ઘણી બધી આશાઓ સાથે જીવતા હોઈએ છીએં, પણ આશાનાં પરિણામ પારખી શકાતાં નથી. ચોવક કહે છેઃ **'આશા નેં પાસા, કડેં અવરા કડેં સવરા.'** અહીં આશાને 'પાસા' સાથે સરખાવવામાં આવી છે અને 'પાસા' એટલે આમ તો જુગાર રમવામાં વપરાતી 'ધાણી'ના પાસા... પણ અહીં જીવનમાં થતાં કર્મોનાં પરિણામ સાથે વધારે સંબંધ હોય તેવું લાગે છે, કારણ કે ચોવકનો શબ્દાર્થ છેઃ આશા અને પાસા ક્યારેક અવળા તો ક્યારેક સવળા પડતા હોય છે. પરિશ્રમનાં ફળ સાથે પણ સરખાવી શકાય.

આશા ફળે ત્યારે - અધધધ આપે અને અવળી થાય ત્યારે નિરાશા આપી જાય છે. અહીં જે 'કડેં' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનો અર્થ થાય છે 'ક્યારેક' અને 'અવરા - સવરા'નો મતલબ છે 'અવળા-સવળા'!

એક બહુ સરસ ચોવક છેઃ **'ઓસાંણ વડો હથિયાર'** 'ઓસાંણ'નો અર્થ થાય છેઃ 'જુસ્સાપૂર્વકની નવી હિમ્મત. 'વડો'એટલે મોટો કે (અહીં) મોટું. ચોવકનો શબ્દાર્થ છેઃ હિમ્મત એજ મોટું હથિયાર છે.

કોઈ એક કાર્યમાં નિષ્ફળ ગયા પછી ફરી તેમાં સફળતા મેળવવા માટે જુસ્સાપૂર્વક નવી હિંમત સાથે એ કાર્યની શરૂઆત કરવી જોઈએ. નિરાશ થઈને બેસી ન રહેવાય.

આ ચોવક માણજો મિત્ર. ચોવક છેઃ **'કડેંક માટી મટતેં, કડેંક મટ માટી તેં'** 'કડેંક' શબ્દનો અર્થ થાય છે 'ક્યારેક' અને 'માટી' એટલે 'માટી'. 'મટતેં' એટલે માટલાં પર...

ચોવકનો સરળ શબ્દાર્થ છેઃ ક્યારેક માટી માટલાં પર તો ક્યારેક માટલું માટી પર! પરંતુ તેનો ભાવાર્થ જુદો જ છે, જેને નથી માટલા સાથે સંબંધ કે નથી માટી સાથે સંબંધ! અર્થને સંબંધ છે, જીવનમાં સમય પ્રમાણે થતી ઊથલપાથલ સાથે! - સમય પ્રમાણે ઊભા થતા સંજોગો સાથે, કે હાલત સાથે!

ઘણા લોકો એવા જોવા મળે છે કે જેને કામ કરવું ગમતું જ નથી. તેમની માનસિકતા જ એવી છે. જેને આપણે 'કામનો કૂડો' કહેતા હોઈએ છીએં. તેવા લોકોની માનસિકતા દર્શાવતી ચોવક છેઃ **'કમ કરે કેર કમી થ્યો આય?'** મતલબ કે કામ કરીને કોણ કર્મઠ થયું છે? 'કમ' એટલે કામ. 'કરે' એટલે કરીને, અને 'કેર'નો અર્થ થાય છે કોણ? 'કરમી' કર્મઠના અર્થમાં વપરાયેલો શબ્દ છે. 'થ્યો આય?' એટલે થયું છે? મજાકમાં પણ આ ચોવકનો ઉપયોગ થાય છે પણ તેનો મૂળ અર્થ તો એ જ કે 'કામ ન કરવાની માનસિકતા.'

પરંતુ બીજી ચોવક છે જે કામની શક્તિને ઉજાગર કરે છે. કહે છે કેઃ **'કમ તિતે કરમ'** કમ એટલે કામ, 'તિતે'નો અર્થ છે 'ત્યાં.' 'કરમ' એટલે કર્મ (ધર્મ) ચોવક કહે છે કે, જ્યાં કામ છે ત્યાં જ કર્મ (ધર્મ) છે! અહીં કામનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

ગુજરાતીમાં આપણે એક કહેવત વારંવાર પ્રયોજતા હોઈએ છીએં કે 'જેવું કરો તેવું પામો' એ જ અર્થમાં એક ચોવક છેઃ **'કરણી તેડી ભરણી'** 'કરણી'નો અર્થ થાય છે કર્મ, 'તેડી' એટલે તેવી. સરળ ભાવાર્થ છેઃ 'જેવું કરશો તેવું પામશો' કર્મનાં ફળ!

'કરમ'ને ભાવિના અર્થમાં પ્રયોજીને ચોવક બની છેઃ **'કરમ કો' ઉપટી નાંય ન્યારેં'** 'કો' એટલે કોઈ. 'ઉપટી'નો અર્થ થાય છેઃ ખોલીને, 'નાંય' એટલે નથી અને 'ન્યારેં'નો અર્થ છે 'જોવું કે જોયું. મૂળમાં અર્થ એવો છે કે, ભાવિથી અજાણ હોવું. શબ્દાર્થ છેઃ ભવિષ્યના પેટારાને કોઈ ખોલીને જોઈ શકતું નથી.' ■

**રાષ્ટ્રીય ખેલ પુરસ્કારોની જાહેરાત**

# અર્જુન અવૉર્ડ વિજેતાઓમાં એકેય ક્રિકેટર નથી, એકેયને ખેલરત્ન નહીં

નવી દિલ્હીઃ કેન્દ્રના ખેલકૂદ પ્રધાનમંડળે ૨૦૨૫ના વર્ષ માટે દેશના એક પણ ઍથ્લીટ માટે ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કારની જાહેરાત નથી કરી, જ્યારે ૧૭ ઍથ્લીટના નામ અર્જુન પુરસ્કાર માટે જાહેર કર્યા છે જેમાં એક પણ ક્રિકેટર નથી. છ મહિના પહેલાં સિલેક્શન પૅનલે જે નામોની ભલામણ કરી હતી એના અભૂતપૂર્વ પુનઃમૂલ્યાંકન બાદ નવા નામો જાહેર કરવામાં આવ્યા છે. ડિકેથ્લોન તથા હાઈ જમ્પર તેજસ્વિન શંકર, વર્લ્ડ કપ વિજેતા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, ઍથ્લીટ પ્રિયંકા ગોસ્વામી બૅડમિન્ટન ખેલાડી ગાયત્રી ગોપીચંદ સહિત ૧૭ ખેલાડીને અર્જુન પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે.

**૧૨ વર્ષે ફરી ખેલરત્ન નહીં**

હૉકી-સ્ટાર હાર્દિક સિંહને ભારતીય ખેલનો સર્વોચ્ચ ખેલરત્ન પુરસ્કાર આપવામાં આવે એવી ભલામણ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અરુણકુમાર મિશ્રાના વડપણ હેઠળની સિલેક્શન પૅનલે કરી હતી, પરંતુ એ નામ રદ કરવામાં આવ્યું હતું. તમામ પુરસ્કારો દર વર્ષે જાહેર કરવામાં આવતા હોય છે, પરંતુ ખેલરત્ન પુરસ્કાર જાહેર ન કરવામાં આવ્યો હોય એવું છેલ્લે ૨૦૧૪માં (૧૨ વર્ષ પહેલાં) બન્યું હતું.

અર્જુન પુરસ્કાર માટે કમિટીએ કુલ ૨૪ નામની ભલામણ કરી હતી જેમાંથી ૧૭ નામ પસંદ કરવામાં આવ્યા છે. ૨૦૨૪ની સાલમાં વિક્રમજનક ૩૨ ઍથ્લીટને અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ફરી એક વખત એકેય ક્રિકેટરને અર્જુન પુરસ્કાર માટે પસંદ નથી કરવામાં આવ્યો. છેલ્લે ૨૦૨૩માં મોહમ્મદ શમીને આ પુરસ્કાર અપાયો હતો.

**અર્જુન પુરસ્કાર વિજેતાઓમાં કોણ-કોણ?**

તેજસ્વિન શંકર (ઍથ્લેટિક્સ), મોહમ્મદ અજમલ (ઍથ્લેટિક્સ), પ્રિયંકા ગોસ્વામી (ઍથ્લેટિક્સ), ત્રિશા જૉલી (બૅડમિન્ટન), ગાયત્રી ગોપીચંદ (બૅડમિન્ટન), નરેન્દ્ર (મુક્કાબાજી), વિદિત ગુજરાતી (ચેસ), દિવ્યા દેશમુખ (ચેસ), ધનુષ શ્રીકાંત (દિવ્યાંગોની નિશાનબાજી), લાલરેમસિયામી (હૉકી), રાજકુમાર પાલ (હૉકી), સુજીત (કબડ્ડી), પૂજા (કબડ્ડી), રુદ્રાંશ ખંડેલવાલ (દિવ્યાંગોની નિશાનબાજી), એક્તા ભ્યાન (દિવ્યાંગોની ઍથ્લેટિક્સ), અરવિંદ સિંહ (રોવિંગ) અને અખિલ શેઓરન (નિશાનબાજી).

**એકમાત્ર લાઇફટાઇમ પુરસ્કાર કોને?**

એકમાત્ર અર્જુન પુરસ્કાર (લાઇફટાઇમ), ૨૦૨૫ની જાહેરાત કરવામાં આવી છે અને એ અવૉર્ડ ભૂતપૂર્વ ફૂટબોલર આઇ. અરુમનાયગમને આપવાની જાહેરાત કરાઈ છે, જે ખેલાડીઓ પછીની પેઢી માટે પ્રેરણારૂપ બન્યા હોય તેમ જ નિવૃત્તિ પછી પોતાના ખેલકૂદ ક્ષેત્રે કોઈને કોઈ રીતે યોગદાન આપ્યું હોય છે. અરુમનાયગમ ૧૯૬૨માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ફૂટબૉલ ટીમના ખેલાડી હતા.

**દ્રોણાચાર્ય પુરસ્કારના વિજેતા કોણ?**

પ્રશિક્ષક તરીકે ખેલકૂદમાં અસાધારણ યોગદાન આપનાર તેમ જ ઍથ્લીટો-ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ઇવેન્ટમાં વધુ સારું પર્ફોર્મ કરવા માટેનું સફળ કોચિંગ આપનાર ત્રણ કોચને દ્રોણાચાર્ય પુરસ્કાર આપવામાં આવશે અને એમાં પરવીર સિંહ (ઍથ્લેટિક્સ), છોટે લાલ યાદવ (બૉક્સિંગ) તથા નેહા નંદકુમાર ચવ્હાણ (શૂટિંગ)નો સમાવેશ છે. ■

# શ્રીલંકાના ખેલાડીએ મૅચની મધ્યમાં ડેબ્યૂ કર્યું ને પહેલા જ બૉલમાં આઉટ!

ગૉલઃ મોટા ભાગના ક્રિકેટરોને કોઈ મૅચના આરંભમાં કે સિરીઝની શરૂઆતમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરવા મળતું હોય છે, પરંતુ શ્રીલંકાના ૨૬ વર્ષની ઉંમરના રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન પાસિન્દુ સૂરિયાબંદારાની કમનસીબી જાણશો તો તમને તેના પર સહાનુભૂતિ થશે. મંગળવારે ભારત સામેની ટેસ્ટના ચોથા દિવસે સવારે દિનેશ ચંદીમલ ફીલ્ડિંગ દરમ્યાન ઈજા પામ્યો હતો. તેને ખભા ઉપરાંત ગરદનમાં ગંભીર ઈજા થઈ હતી. માથામાં કે ગરદનમાં ઈજા થાય તો એ પ્રકારની ઈજા કંકશન તરીકે ઓળખાય છે. ચંદીમલે તરત મેદાન છોડીને જતા રહેવું પડ્યું હતું અને તેના સ્થાને (આઇસીસીના નિયમ અનુસાર) પાસિન્દુ સૂરિયાબંદારાને તેના સ્થાને રમવા બોલાવવામાં આવ્યો હતો. કંકશનની ઈજાના બનાવ વખતે બીજા ખેલાડીને મૅચમાં રમાડી શકાય છે.



એક તરફ ચંદીમલને સ્કૅન માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો અને બીજી બાજુ સૂરિયાબંદારાને બીજા દાવમાં વનડાઉનમાં બૅટિંગ માટે મોકલવામાં આવ્યો હતો. ૧૩ રનના કુલ સ્કોર પર મોહમ્મદ સિરાજ ઓપનર નિશાન ફર્નાન્ડોને પૅવિલિયનમાં પાછો મોકલી ચૂક્યો હતો અને સૂરિયાબંદારા હજી તો માંડ ક્રીઝમાં આવ્યો ત્યાં તો પોતાના પહેલા જ બૉલમાં એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો. સ્પિનર માનવ સુથારે તેને બરાબર જાળમાં ફસાવ્યો હતો.

૨૬ વર્ષના સૂરિયાબંદારાનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ પહેલો જ બૉલ હતો. માનવ સુથારની આંગળીની કરામતથી શ્રીલંકાના પીઢ ખેલાડીઓ વાકેફ નથી ત્યાં સૂરિયાબંદારાની શું વાત કરવી! અમ્પાયરે તો અપીલમાં તેને આઉટ ન આપ્યો એટલે કૅપ્ટન શુભમન ગિલે રિવ્યૂ માગી હતી જેમાં થર્ડ અમ્પાયરે આઉટ જાહેર કર્યો હતો. સૂરિયાબંદારા મંગળવાર પહેલાં ૬૮ ફર્સ્ટ ક્લાસ મૅચમાં ૧૪ સેન્ચુરીની મદદથી ૪,૯૦૦ જેટલા રન કર્યા હતા, પણ માનવ સુથાર સામે તેને એ અનુભવ કામ ન લાગ્યો. જોકે સવારે તેણે રવીન્દ્ર જાડેજાનો ખૂબ જ સરસ ડાઇવિંગ કૅચ ઝીલ્યો હતો. ■

# આજે હૉકીમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન


ઍમ્સ્ટલ્વીનઃ મેન્સ હૉકીના વર્લ્ડ કપમાં ભારતનો આજે પાકિસ્તાન સામે મુકાબલો (સાંજે ૬.૩૦ વાગ્યાથી) છે. વર્તમાન હૉકી વર્લ્ડ કપમાં ભારતે શનિવારની પ્રથમ મૅચમાં વેલ્સને ૩-૧થી હરાવ્યું ત્યાર બાદ સોમવારે ઇંગ્લૅન્ડ સામે ભારતનો ૨-૪થી પરાજય થયો હતો. પાકિસ્તાનની મેન્સ ટીમ ઇંગ્લૅન્ડ સામે ૧-૪થી હારીને ભારત સામે રમવા આવી રહી છે. પાકિસ્તાન ૨૦૧૮ની સાલ પછી પહેલી વખત વર્લ્ડ કપમાં રમી રહ્યું છે. આજની ભારત-પાકિસ્તાન હૉકી મૅચ ઍમ્સ્ટલ્વીનના વાગ્નેર સ્ટેડિયમમાં રમાવાની છે. ૧૯૭૩ની ૩૧મી ઑગસ્ટે (૫૩ વર્ષ પહેલાં) આ જ સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રોમાંચક હૉકી મુકાબલો થયો હતો. ભારતે ત્યારે વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પાકિસ્તાનને ૧-૦થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ■

# રિષભ પંત ૧૦૦ સિક્સર ફટકારનારાઓમાં ફાસ્ટેસ્ટ

ગૉલઃ ગઈ કાલે રિષભ પંત ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો હતો. આ રેકૉર્ડ બુકમાં બેન સ્ટોક્સ (૧૩૮), બ્રેન્ડન મેકલમ (૧૦૭) અને ઍડમ ગિલક્રિસ્ટ (૧૦૦) પહેલા ત્રણ ક્રમે અને પંત ચોથા સ્થાને છે. ખૂબીની વાત એ છે કે ચારેયમાં પંત ૧૦૦ સિક્સર ફટકારવાની બાબતમાં ફાસ્ટેસ્ટ છે. વિકેટકીપર ગિલક્રિસ્ટે ૯૨ ટેસ્ટના ૧૩૦ દાવમાં ૬,૫૭૮ બૉલમાં (ડેબ્યૂ પછીના ૨,૯૩૩ દિવસમાં) ૧૦૦ સિક્સર ફટકારી હતી. વિકેટકીપર મૅકલમે ૯૮ ટેસ્ટના ૧૭૦ દાવમાં ૯,૭૫૬ બૉલમાં (૪,૨૯૨ દિવસમાં), બેન સ્ટૉક્સે ૮૨ ટેસ્ટના ૧૫૧ દાવમાં ૯,૦૪૨ બૉલમાં (૩,૧૨૨ દિવસમાં) ૧૦૦ છગ્ગા માર્યા હતા, જ્યારે પંતે ૫૧ ટેસ્ટના ૮૯ દાવમાં ૪,૯૧૮ બૉલમાં (૨,૯૧૯ દિવસમાં) ૧૦૦ સિક્સર ફટકારી હતી. ■

# અમ્પાયરને લમણાંમાં વાગ્યો બૉલ, આઇસીયુમાં દાખલ

નવી દિલ્હીઃ દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ) રોમાંચક મૅચોને લીધે હમણાં ખાસ કંઈ ચર્ચામાં નથી, પણ ઈસ્ટ દિલ્હી રાઇડર્સ અને ન્યૂ દિલ્હી ટાઇગર્સ વચ્ચેની મૅચમાં એવી કમનસીબ ઘટના બની જેની વિગતો કંપારી છૂટી જાય એવી છે. આ બનાવમાં બૉલ વાગતાં અમ્પાયરને ગંભીર ઈજા થઈ હતી.



ન્યૂ દિલ્હી ટાઇગર્સ ટીમ લક્ષ્યાંક ચેઝ કરી રહી હતી એ દરમ્યાન ૧૮મી ઓવર આશિષ મીના નામના બોલરે કરી હતી, જેના એક બૉલમાં લક્ષ્ય થરેજા નામના બૅટ્સમૅને પાવરફુલ શૉટ ફટકાર્યો હતો અને બૉલ સામે ઊભેલા અમ્પાયર ધર્મેશ ભારદ્વાજને વાગ્યો હતો. બૉલ એટલી તેજ ગતિએ હતો કે અમ્પાયર ઈજાથી બચી નહોતા શક્યા.

બૉલ તેમને જમણી બાજુએ લમણામાં વાગ્યો હતો જેને પગલે તેમને તાબડતોબ હૉસ્ટિપલમાં ઇન્ટેન્સિવ કેર યુનિટ (આઇસીયુ)માં દાખલ કરવામાં આવ્યા હતા.

કૉમેન્ટેટરે જણાવ્યું કે અમ્પાયર ધર્મેશ ભારદ્વાજને બૉલ વાગ્યો હોવાની આ બીજી ઘટના છે. ■

# ભારતને છ વિકેટની જરૂર, હવે તો શ્રીલંકાને મેઘરાજા જ બચાવી શકે

## ૩૭૨ રનના લક્ષ્યાંક સામે યજમાન ટીમના ચાર વિકેટે ૮૪ રન

ગૉલઃ ભારતે અહીં મંગળવારે યજમાન શ્રીલંકાને સિરીઝની પ્રથમ ટેસ્ટ (સવારે ૧૦.૦૦ વાગ્યાથી)માં ચોથા દિવસે પરાજયની દિશામાં વધુ ધકેલ્યું હતું અને બુધવારે ભારતને જીતવા માટે ફક્ત છ વિકેટની જરૂર છે. શ્રીલંકાએ ૩૭૨ રનના પડકારરૂપ લક્ષ્યાંક સામે ૮૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. શ્રીલંકાએ હજી બીજા ૨૮૮ રન બનાવવાના બાકી હતા. કૅપ્ટન ધનંજય ડિસિલ્વા ૩૧ રને અને સાથી ખેલાડી સોનલ દિનુશા પચીસ રને રમી રહ્યો હતો. બુધવારના અંતિમ દિવસે મેઘરાજા નહીં નડે તો ભારતના વિજયની મોટી સંભાવના છે. ભારતે પ્રથમ દાવમાં ૧૭૮ રનની જે સરસાઈ લીધી હતી એ હવે ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે.

ગૉલમાં વરસાદ પડવાની આગાહી છે, પણ ભારતીય બોલર્સ (ખાસ કરીને સ્પિન ત્રિપુટી માનવ સુથાર, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ) ટીમને વહેલાસર વિજય અપાવીને ૧-૦થી સરસાઈ અપાવી દેવા કોઈ કસર બાકી નહીં રાખે. પ્રથમ દાવમાં આ ત્રિપુટીએ ૧૧માંથી આઠ વિકેટ લીધી હતી. માનવે એ ઇનિંગ્સમાં ચાર, જાડેજાએ ત્રણ અને કુલદીપે એક વિકેટ મેળવી હતી. ઉલ્લેખનીય છે કે માનવે મંગળવારે શ્રીલંકાના બીજા દાવની ચારમાંથી બે વિકેટ મેળવી હતી. બે મહિના પહેલાં અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ રમીને તેણે મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો અને આ વખતે પણ સતત બીજો અવૉર્ડ જીતવા માટે દાવેદાર કહી શકાય.

**પંતનો પરચો અને પછી બોલર્સની બોલબાલા**

રિષભ પંત (૬૬ રન, ૬૯ બૉલ, ૧૦૩ મિનિટ, બે છગ્ગા, આઠ ચોગ્ગા) મંગળવારના બીજા દિવસનો હીરો હતો. તેણે તેમ જ પ્રથમ દાવના સેન્ચુરિયન દેવદત્ત પડિક્કલે ૪૪ રન તેમ જ કે. એલ. રાહુલે ૩૫ રનના સાધારણ યોગદાન સાથે ભારતને બીજા દાવમાં ૧૯૩ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો જેના થકી ભારત યજમાન ટીમને ૧૭૮ રનની સરસાઈ ઉમેરીને ૩૭૨ રનનો લક્ષ્યાંક આપી શક્યું હતું. શ્રીલંકાએ ૮૪ રનમાં જે ચાર વિકેટ ગુમાવી એમાંથી બે વિકેટ સ્પિનર માનવ સુથારે અને એક-એક વિકેટ સિરાજ તથા ક્રિષ્નાએ લીધી હતી.

**ભારતના વિજયની સંભાવના કેમ વધુ?**

જો વરસાદ વિઘ્નો ઊભા ન કરે તો બુધવારે ભારતના વિજયની સંભાવના વધુ હોવાના બે કારણ છેઃ (૧) શ્રીલંકાને જીતવા ૩૭૨ રનનો લક્ષ્યાંક મળ્યો છે અને ગૉલમાં સૌથી વધુ સફળ ચેઝનો આંકડો ૩૪૪ રનનો છે જે પાકિસ્તાને ૨૦૨૨ની સાલમાં મેળવ્યો હતો. (૨) ગૉલમાં ૧૯૯૮ પછી અત્યાર સુધીમાં ૨૦૦-પ્લસનો લક્ષ્યાંક માત્ર બે વખત મેળવવામાં આવ્યો છે. (૩) શ્રીલંકાએ મંગળવાર સાંજ સુધીમાં જે ચાર વિકેટ ગુમાવી એ ચારેય બૅટ્સમેન પાસે શ્રીલંકાને જીતવાની સૌથી વધુ અપેક્ષા હતીઃ નિશાન ફર્નાન્ડો (છ રન), લાહિરુ ઉડારા (૧૬ રન), પાસિન્દુ સૂર્યાબંદારા (૦) અને કામિન્દુ મેન્ડિસ (બે રન).

**યશસ્વી જયસ્વાલનો ઝીરો**

મંગળવારે લંચ વખતે ભારતનો બીજા દાવનો સ્કોર ચાર વિકેટે ૧૧૬ રન હતો. પહેલા દાવનો સેન્ચુરિયન દેવદત્ત પડિક્કલ લંચ પહેલાં ૪૪ રને આઉટ થયો હતો. જોકે યશસ્વી જયસ્વાલ (૦) બીજી ઈનિંગ્સના ત્રીજા જ બૉલ પર શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.





## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RECEPTION | મંદી |
| RECEPTIVE | વિશ્રાંતિ |
| RECESS | સ્વાગત |
| RECESSION | નુસખો |
| RECIPE | ગ્રહણશીલ |

## શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. જ્યારે દિશામાં વિજય (૪)
૩. હુકમ પ્રમાણે વર્તનારું, તાબેદાર (૪)
૬. મહાવરો, આદત (૨)
૭. ચીરો, તીરાડ (૨)
૮. મિજબાની, ઉજાણી (૩)
૧૧. પુરુષ (૨)
૧૨. --- ખીચડી દાંતે વળગી (૩)
૧૩. પરિણામ, ફળ (૩)
૧૪. દીવાલ (૨)
૧૫. કરચલો (૨)
૧૮. લક્ષ્મી (૩)
૨૦. આક્ષેપ (૩)
૨૧. કાંજી (૨)
૨૪. વહેતા પાણીમાં થતું કૂંડાળું (૩)
૨૫. વિશિષ્ટ, અસાધારણ (૨)
૨૬. નામાની ચોપડી (૨)
૨૭. કાગળ-કપડું વગેરે કાપતાં પડતો કચરો (૪)
૨૮. તવંગર, પૈસાદાર (૪)

**ઊભી ચાવી**

૧. પ્રાણપ્રિય (૪)
૨. બ્રહ્મ સત્ય --- મિથ્યા (૩)
૩. રહેઠાણ (૩)
૪. સસ્તું, ફાયદો થાય તે મુજબનું (૪)
૫. કાંઠો, કિનારો (૨)
૯. કર્તવ્ય (૩)
૧૦. કોયડો, સમસ્યા (૩)
૧૩. નમેલું (૨)
૧૫. યુક્તિ, તદબીર (૨)
૧૬. બરડાની ઊભી હાડમાળા (૩)
૧૭. વિશ્રાંતી, આરામ (૩)
૧૯. જાગીર, દેશીરાજ્ય (૪)
૨૨. સબળ, જોરાવર (૪)
૨૩. સ્નાન (૩)
૨૪. ભાર (૩)
૨૫. રાખ, ભસ્મ (૨)

**ગયા વખતનો ઉકેલ**



## માતૃભાષાની મહેક

આગ એટલે બળતરા, અસહ્ય પીડા. લાક્ષણિક અર્થ સાથેય વપરાય છે. જેમકે, ગુસ્સાની આગ, ઇશ્કની આગ, વિષયવાસનાની આગ, અદેખાઇની આગ, ભૂખની આગ. પેટમાં આગ લાગવી એટલે ભૂખ લાગવી. ભાવમાં આગ લાગવી એટલે માલની કિંમતમાં બહુ ફેરફાર થવો.

## ગુજરાત મોરી મોરી રે

'વખત અનુસાર વર્તન કરે એ ડહાપણવાળો કહેવાય' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

તે સમય સાવધાન વરતે

## ઈર્શાદ

*હજુ આંખ ખૂલે ન ખૂલે અડધું પડધું, મનજી*
*થઈ જાય બધાં સપનાં ભડથું ભડથું, મનજી.*

- રમેશ પારેખ

## ઓળખાણ પડી?

હિમાલયમાં જોવા મળતા વૃક્ષની ઓળખાણ પડી? એનું લાકડું પેકિંગ કરવાનાં ખોખાં તેમ જ ઘર બાંધવા વપરાય છે



અ) સીસમ  બ) દેવદાર  ક) સાગ  ડ) બર્મિક

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કર્મે નીપજ્યું કથીર' કહેવતમાં કથીર શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) કોથમીર  બ) નસીબ  ક) તુચ્છ  ડ) મિલકત

## માઈન્ડ ગેમ

સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં કઈ રમતમાં નીરજ ચોપડાને સિલ્વર મેડલ મળ્યો હતો એ જણાવો.

અ) ડિસ્કસ થ્રો  બ) બોક્સિંગ  ક) જવેલીન થ્રો  ડ) હાઈ જમ્પ

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૫ | | ૭ | | | |
| ૯ | | ૫ | | ૬ | | | ૨ | |
| ૩ | ૮ | | | | | | | ૭ |
| | | ૨ | | | | | ૯ | |
| | ૪ | | ૬ | | ૫ | | ૭ | |
| | ૬ | | | | | ૨ | | |
| ૭ | | | | | | | ૧ | ૩ |
| | ૨ | | | ૧ | | ૭ | | ૮ |
| | | | ૭ | | ૩ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૮ | ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ |
| ૬ | ૧ | ૫ | ૯ | ૮ | ૭ | ૩ | ૨ | ૪ |
| ૪ | ૯ | ૭ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૬ |
| ૭ | ૮ | ૨ | ૩ | ૫ | ૯ | ૬ | ૪ | ૧ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૩ | ૮ |
| ૧ | ૩ | ૬ | ૮ | ૭ | ૪ | ૫ | ૯ | ૨ |
| ૯ | ૫ | ૩ | ૧ | ૪ | ૮ | ૨ | ૬ | ૭ |
| ૮ | ૬ | ૪ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૭ | ૧ | ૬ | ૯ | ૫ | ૪ | ૮ | ૩ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RECALL | સંભારવું |
| RECEDE | પીછેહઠ |
| RECEIPT | પહોંચ |
| RECEIVE | સ્વીકારવું |
| RECENT | તાજેતરનું |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ભભૂત લગાવ્યે ભાગ્ય ન છૂપે

**ઓળખાણ પડી?**
DYNAMITE TREE

**માઈન્ડ ગેમ :**
જુડો

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
પાદર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) ભરત કજરિયા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ એન. સંઘવી (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) વિપીન શાહ (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) અરવિંદ કામદાર (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) વિણા સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) કમલ માતલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦)નંદુભાઈ અ. ગોઠી (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) રમેશભાઈ દલાલ (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) પ્રવીણ વોરા (૪૬) મહેશ દોશી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) કુંદન કે. મારુ

# શિવસેનાનું ભાવિ નક્કી કરતા પહેલા વિધાનસભ્યોની ગેરલાયકાતની અરજીનો નિર્ણય લેવો જોઈએઃ ઉદ્ધવ ઠાકરેની સુપ્રીમ કોર્ટને રજૂઆત

નવી દિલ્હીઃ શિવસેનાના ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા જૂથે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે રાજકીય પક્ષ કયો જૂથ બનાવે છે તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય તેમના છાવણી છોડી ગયેલા વિધાન સભ્યો સામે ગેરલાયકાતની કાર્યવાહી પર નિર્ણય પછી લેવો જોઈએ.

આ અંગેની રજૂઆતો ઠાકરે જૂથનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમલ્યા બાગચી અને વી. મોહન્નાની ખંડપીઠ સમક્ષ કરી હતી.

એકનાથ શિંદેની આગેવાની હેઠળની છાવણીને અસલી શિવસેના તરીકે માન્યતા આપવા અને તેને પક્ષનું નામ અને ધનુષ - બાણ પ્રતીક ફાળવવાના ચૂંટણી પંચના નિર્ણય સામે ઠાકરે જૂથની અરજીઓ પર છઠ્ઠા દિવસે ખંડપીઠ અંતિમ દલીલો સાંભળી રહી હતી.

સિબ્બલે દલીલ કરી હતી કે ચૂંટણી પંચ અને મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકરે રાજકીય પક્ષ સાથે વિધાનસભા બહુમતીની ભેળસેળ કરી કાયદાનું મૂળભૂત રીતે ખોટું અર્થઘટન કર્યું છે. તેમણે ચૂંટણી પંચના હસ્તક્ષેપના સમય અંગે એક મહત્ત્વપૂર્ણ મુદ્દો ઉઠાવી દલીલ કરી કે બળવાખોર વિધાનસભ્યો સામે ગેરલાયકાતની કાર્યવાહી પૂર્ણ થયા પછી જ ચૂંટણી પેનલે નક્કી કરવું જોઈએ કે કયો જૂથ અસલી પક્ષ છે. જો એ વિધાનસભ્યો ગેરલાયક ઠરે તો વિધાનસભામાં તેમને ગણતરીમાં ન લેવા જોઈએ.

વરિષ્ઠ વકીલે એવી પણ દલીલ કરી હતી કે રાજકીય પક્ષની રચના નક્કી કરવાની પ્રક્રિયા ગેરલાયકાત અરજીઓના નિર્ણય પર આધારિત હોવી જોઈએ. અન્યથા જ્યારે પણ કોઈ જૂથ ગેરલાયકાતથી બચવા માટે ચૂંટણી પંચનો સંપર્ક કરશે ત્યારે આ સમસ્યા ઊભી થશે. ગેરલાયકાતની નોટિસમાં અટવાયેલા બળવાખોર વિધાન સભ્યોની સંખ્યા ૧૬થી વધીને ૨૨ થઈ ગઈ અને અંતે વિવિધ ઉલ્લંઘન સાથે ૩૯ થઈ ગઈ, જેમાં સ્પીકરની ચૂંટણી અને ત્યારબાદ વિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન પક્ષના વ્હીપનો ભંગ કરવાનો સમાવેશ પણ થાય છે.

સિબ્બલે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસે લેવાયેલા સ્પીકરના નિર્ણયનો વિરોધ કર્યો હતો. એમાં ગેરલાયકાતની અરજીઓ ફગાવી દેવામાં આવી હતી અને વિધાનસભામાં બહુમતી હોવાના આધારે શિંદે જૂથને અસલી શિવસેના તરીકે માન્યતા આપવામાં આવી હતી. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રમાં ૨૮ ઓગસ્ટથી 'ધર્મ સ્વાતંત્ર્ય કાયદો' લાગુ

## ધર્મપરિવર્તન કરાવનારને થશે સાત વર્ષ સુધીની જેલ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે 'મહારાષ્ટ્ર ધર્મ સ્વાતંત્ર્ય કાયદો, ૨૦૨૬' અંગેનું ઓફિશિયલ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડી દીધું છે, જે આગામી ૨૮મી ઓગસ્ટથી સમગ્ર રાજ્યમાં લાગુ થશે. મહારાષ્ટ્રમાં બળજબરીપૂર્વક, લાલચ આપીને કે છેતરપિંડીથી કરાવાતા ધર્મ પરિવર્તન પર કડક પ્રતિબંધ મૂકતો 'મહારાષ્ટ્ર ધર્મ સ્વાતંત્ર્ય કાયદો, ૨૦૨૬' આગામી ૨૮મી ઓગસ્ટના શુક્રવારથી સમગ્ર રાજ્યમાં લાગુ થવા જઈ રહ્યો છે. રાજ્ય સરકારે આ અંગેનું ઓફિશિયલ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડી દીધું છે.

આ કાયદો તમામ ધર્મના નાગરિકોને સમાન રીતે લાગુ પડશે. આ કાયદા હેઠળ ગેરકાયદે કે જબરદસ્તીથી કરાવવામાં આવતા ધર્મ પરિવર્તનને બિનજામીનપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે અને તેમાં સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

**કાયદાની મુખ્ય જોગવાઈઓ અને કડક નિયમો**

બિનજામીનપાત્ર ગુનો અને સજાઃ કોઈનું પણ દબાણપૂર્વક, છેતરપિંડી કે લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવવા પર સાત વર્ષ સુધીની જેલની સજા થશે અને આ ગુનો બિનજામીનપાત્ર રહેશે.

**મરજીથી ધર્મ બદલવો હોય તો ૬૦ દિવસની નોટિસ**

જો કોઈ વ્યક્તિ પોતાની સ્વેચ્છાએ ધર્મ પરિવર્તન કરવા ઈચ્છતી હોય, તો તેણે નિર્ધારિત સત્તામંડળ (જિલ્લા વહીવટીતંત્ર)ને ૬૦ દિવસ અગાઉથી અરજી કરવી ફરજિયાત રહેશે.

**બાળકના ધર્મ અંગે ઐતિહાસિક જોગવાઈ**

ગેરકાયદે કે અમાન્ય ધર્મ પરિવર્તન બાદ થયેલા લગ્ન કે સંબંધથી જન્મનાર બાળકનો ધર્મ તેની માતા લગ્ન કે સંબંધ પહેલાં જે ધર્મ પાળતી હતી તે જ માનવામાં આવશે. અન્ય રાજ્યો કરતાં મહારાષ્ટ્રના આ કાયદામાં બાળકના ધર્મને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

**દંડ અને સજાની વિગતવાર જોગવાઈઓ**

લગ્નના બહાને ધર્મ પરિવર્તનઃ લગ્નના બહાને ગેરકાયદે ધર્મ પરિવર્તન કરાવનારને સાત વર્ષની જેલ અને એક લાખનો દંડ થઈ શકે છે.

સગીર, મહિલા, એસસી-એસટી કેટેગરીમાં કડક દંડઃ જો ધર્મ પરિવર્તન કોઈ સગીર, માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિ, મહિલા અથવા અનુસૂચિત જાતિ (એસસી) કે અનુસૂચિત જનજાતિ (એસટી)ની વ્યક્તિનું કરાવવામાં આવ્યું હશે, તો સાત વર્ષની કેદ અને રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ થશે.

**સામૂહિક ધર્મ પરિવર્તન**

સામૂહિક ધર્મ પરિવર્તનના ગુનામાં સાત વર્ષની જેલ અને રૂપિયા પાંચ લાખનો દંડ થશે. વારંવાર ગુનો આચરનારાઓ માટે ૧૦ વર્ષની જેલ અને ₹. ૫ લાખના દંડની જોગવાઈ છે.

### સરકારવતીથી પ્રધાને શું કહ્યું?

રાજ્યના ગૃહ રાજ્યના પ્રધાન પંકજ ભોઈરે જણાવ્યું હતું કે, આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવાનો અને લાલચ, છેતરપિંડી કે બળજબરીથી થતાં ગેરકાયદે ધર્મ પરિવર્તનને કાયદાકીય રીતે રોકવાનો છે.

# ફડણવીસ હવે કોઈ પણ પ્રધાનનો નિર્ણય બદલી શકશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે નવા નોટિફિકેશન દ્વારા મુખ્ય પ્રધાનની સત્તામાં વધારો કર્યો છે. હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ખાસ સંજોગોમાં રાજ્યના ગમે તે પ્રધાન ના નિર્ણયને પલટી શકશે. મહાયુતિ સરકારનું નેતૃત્વ કરી રહેલા ફડણવીસ વધુ શક્તિશાળી બનતા ગઠબંધનના દળો વચ્ચેના સંબંધો પર પણ અસર પડી શકે છે.

રાજ્ય સરકારે શુક્રવારે 'મહારાષ્ટ્ર સરકારી કાર્યપદ્ધતિ નિયમ ૨૦૨૬'ની અધિસૂચના જાહેર કરી હતી. તે મુજબ સીએમ જાહેર હિતમાં કોઈપણ પ્રધાનના નિર્ણયમાં સીધી દરમિયાનગીરી કરી શકે છે અથવા તેને બદલી શકે છે.

અત્યાર સુધી કોઈ પ્રધાન દ્વારા લેવાયેલા નિર્ણયને બદલતી વખતે સીએમને લેખિતમાં નોટિસ આપવી પડતી હતી. દરેક વિભાગનું પ્રાથમિક કામ તે વિભાગના પ્રધાનની જવાબદારી ગણાતી હતી, પરંતુ નવા નિયમ મુજબ હવે સીએમ કોઈ પણ વિભાગના કાગળો માંગી શકશે. આવી સ્થિતિમાં મંત્રી અને વિભાગના સચિવે તે કાગળો સીએમને ઉપલબ્ધ કરાવવા ફરજિયાત રહેશે.

'મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ રૂલ્સ ઓફ બિઝનેસ, ૨૦૨૬' માં કહેવામાં આવ્યું છે કે ક્વાસી-જ્યુડિશિયલ કેસો સિવાયના કોઈપણ મામલામાં સીએમ જાહેર હિતમાં લેખિતમાં કારણ આપીને કોઈ પણ મંત્રીના નિર્ણયને પલટી શકે છે.

નોટિફિકેશનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કોઈ પણ વિભાગ ફાઇનાન્સ વિભાગની પૂર્વ મંજૂરી વિના એવો કોઈ ઓર્ડર જારી નહીં કરી શકે, જેમાં મહેસૂલમાં છૂટ આપવી, જમીન આપવી, ખનીજ કે વન અધિકારની લીઝ કે લાઇસન્સ આપવાનો સમાવેશ થતો હોય. આ નિર્ણય રાજ્યના ચીફ સેક્રેટરી રાજેશ અગ્રવાલે જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા લીધો છે.

હાલ મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મહાયુતિની સરકાર છે. સરકારમાં એકનાથ શિંદેની આગેવાનીવાળી શિવસેના અને સુનેત્રા પવારની આગેવાનીવાળી એનસીપી સામેલ છે. ભાજપ સૌથી મોટો પક્ષ છે, પરંતુ બહુમતથી થોડો દૂર છે. નવા નિયમથી સીએમને વધુ કાનૂની અધિકાર મળતા આવનારા દિવસોમાં મહાયુતિના ઘટક દળોના સંબંધો પર અસર પડી શકે છે. ઘણીવાર ફાઈલો અટકવાના વિવાદ પણ ચર્ચામાં રહ્યા છે.

૨૦૨૩માં બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેન્ચે 'ચંદ્રપુર ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય' કેસમાં જણાવ્યું હતું કે સીએમ પાસે રૂલ્સ ઓફ બિઝનેસ હેઠળ સંબંધિત ઈન્ચાર્જ મંત્રીના નિર્ણયની સમીક્ષા કે ફેરફાર કરવાની સ્વતંત્ર સત્તા નથી.

૨૦૨૨માં પણ એક કેસમાં તત્કાલીન સીએમ એકનાથ શિંદેએ ભાજપના તત્કાલીન કોઓપરેશન મિનિસ્ટરના ઓર્ડર પર રોક લગાવી હતી. તે સમયે કોર્ટે આ મુદ્દે ટિપ્પણી કરી હતી. ૨૦૨૬માં હવે આ જોગવાઈ બદલીને નવા નિયમ પ્રમાણે સીએમને પૂર્ણ સત્તા અપાઈ છે.

# નાગપુરમાં ૧૨થી વધુ શાળાઓને મળ્યા બૉમ્બની ધમકીના ઈમેઈલ

## કોર્ટ અને ઓફિસોમાં પણ વિસ્ફોટનો તેમાં ઉલ્લેખ કરાયો

નાગપુરઃ નાગપુરમાં મંગળવારે સવારના ૧૨થી વધુ શાળાઓને બોમ્બબ્લાસ્ટની ધમકીના ઇમેઇલ મળતાં ખળભળાટ મચી ગયો હતો. ઇમેઇલમાં શાળાઓ બાદ કોર્ટ તેમ જ ઓફિસમાં પણ વિસ્ફોટ થશે, એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ધમકીભર્યા ઇમેઇલ મળ્યા બાદ પોલીસની અનેક ટીમોએ શાળાઓમાં જઇને વ્યાપક તપાસ હાથ ધરી હતી, પરંતુ કોઇ પણ શાળામાંથી વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ મળી ન આવી નહોતી. જીમેઇલ અકાઉન્ટથી મોકલવામાં આવેલા ઇમેઇલમાં ૩૧ ઑગસ્ટે શાળાઓમાં બોમ્બબ્લાસ્ટ થશે, એવો દાવો કરવામાં આવ્યો હતો. ધમકીભર્યા ઇમેઇલને ગંભીરતાથી લઇને તેની જાણ પોલીસને કરવામાં આવી હતી, જેને પગલે પોલીસની અનેક ટીમો તૈયાર કરાઇ હતી અને તેમને તાત્કાલિક શાળાઓમાં મોકલવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

શાળાની ઇમારત તથા પરિસરમાં સઘન તપાસ હાથ ધરી હતી. જોકે કોઇ પણ શાળામાં વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ઇમેઇલમાં જણાવ્યું હતું કે ૩૧ ઑગસ્ટે બપોરના ૧.૧૧ વાગ્યે શાળાઓમાં વિસ્ફોટ થશે. ત્યાર બાદ બપોરે ૨.૧૧ વાગ્યે કોર્ટમાં અને બપોરે ૩.૦૦ વાગ્યે ઓફિસોમાં વિસ્ફોટ થશે. ઇમેઇલમાં ખાલિસ્તાન, આરએસએસ, ભાજપ તેમ જ અનેક રાજકીય નેતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.(પીટીઆઇ)

# ટાટા સન્સની એજીએમ મુલતવી

મુંબઈઃ ૧૮૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવતી જૂથની હોલ્ડિંગ કંપની ટાટા સન્સની વાર્ષિક સામાન્ય સભા કોરમના અભાવે (ઓછામાં ઓછા સભ્યો હાજર ન રહ્યા હોવાથી) મંગળવારે મુલતવી રાખવામાં આવી હોવાની જાણકારી સૂત્રોએ આપી હતી.

સર રતન ટાટા ટ્રસ્ટ (એસઆરટીટી) અને સર દોરાબજી ટાટા ટ્રસ્ટ (એસડીટીટી)) પ્રતિનિધિ નિયુક્ત કરવામાં અસમર્થ હોવાને કારણે કોરમનો અભાવ હતો અને ૧૦૦ વર્ષથી વધુ સમયમાં પહેલી વાર એજીએમ મુલતવી રાખવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એસઆરટીટી અને એસડીટીટી ટાટા ટ્રસ્ટની બે મુખ્ય પરોપકારી સંસ્થા છે જે હોલ્ડિંગ કંપનીમાં સામૂહિક રીતે ૫૧ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે.

એસઆરટીટીને મહારાષ્ટ્ર ચેરિટી કમિશનર તરફથી કોઈ મહત્ત્વના નિર્ણયો ન લેવા કે મીટિંગ ન કરવા સૂચના આપવામાં આવી હોવાથી મંગળવારે બપોરે અઢી વાગ્યે યોજાનારી એજીએમ માટે પ્રતિનિધિને નોમિનેટ કરી નહોતો શકાયો.

એસઆરટીટીની મુશ્કેલીઓથી ઊભી થતી સમસ્યા છતાં, ટાટા સન્સે મંગળવારે એજીએમ નવી તારીખે રાખવાનો કે મુલતવી રાખવાનો વિકલ્પ પસંદ કર્યો ન હતો. કંપનીની આગામી એજીએમ ક્યારે યોજાશે તે અંગે કોઈ સ્પષ્ટતા નહોતી.

આ એક મહત્ત્વપૂર્ણ વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) હોવાનું માનવામાં આવતું હતું કારણ કે તેમાં ટાટા સન્સના વર્તમાન ચેરમેન એન ચંદ્રશેખરનના ડિરેક્ટરપદ અંગે ચર્ચા થવાની શક્યતા હતી. ચંદ્રશેખરનએ આગામી ફેબ્રુઆરીમાં તેમનો કાર્યકાળ પૂરો થાય ત્યારે પુનઃનિયુક્તિ માટે વિચારણા ન કરવાની રજૂઆત કરી છે.

આ મિટિંગમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરાં થયેલાં નાણાકીય વર્ષ માટે કંપનીના સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય નિવેદનો પર વિચારણા અને મંજૂરી આપવાની અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સામાન્ય કંપનીના શેર પર ડિવિડન્ડ જાહેર કરવાની પણ સંભાવના હતી. (પીટીઆઈ)

# ઘાટકોપરમાં પુત્રવધૂની હત્યાના આરોપસર સાસુની ધરપકડ

## બે વર્ષ પહેલાં કરાયેલી પોલીસ ફરિયાદ અને કોર્ટ કેસનો આરોપી સાસુને ગુસ્સો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં એક જ કૉમ્પ્લેક્સની બીજી બિલ્ડિંગમાં રહેતી પુત્રવધૂની કથિત હત્યા કરવાના આરોપસર પોલીસે ૬૦ વર્ષની સાસુની ધરપકડ કરી હતી. પુત્રવધૂ અને તેનાં પિયરિયાં દ્વારા બે વર્ષ અગાઉ કરાયેલી પોલીસ ફરિયાદ અને કોર્ટ કેસનો આરોપી સાસુના મનમાં રોષ ધરબાયેલો હતો. આ જ કારણસર તેણે ઘાતકી પગલું ભર્યું હોવાનું કહેવાય છે.

ઘાટકોપર પૂર્વમાં લક્ષ્મીનગરના ત્રિવેણી એપાર્ટમેન્ટની ડી વિંગના ત્રીજા માળે આવેલા ફ્લૅટમાં રહેતી સપના પ્રમોદ ગંજી (૩૫)ની રવિવારની સાંજે કથિત હત્યા કરવામાં આવી હતી. આ મામલે સપનાના પિતા રાજેન્દ્ર વલ્લાલે નોંધાવેલી ફરિયાદને આધારે પંતનગર પોલીસે સપનાની સાસુ ધનલક્ષ્મી ગંજી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર સપનાના સસરાએ ફરિયાદી રાજેન્દ્રને રવિવારની મધરાતે ૧૨ વાગ્યાની આસપાસ ફોન કર્યો હતો. સપના બાથરૂમમાં પડી ગઈ હોવાથી તેના માથામાં ગંભીર ઇજા થઈ છે. સારવાર માટે તેને અમે રાજાવાડી હૉસ્પિટલમાં લઈ આવ્યા હોવાની જાણ સસરાએ ફોન પર કરી હતી. નાલાસોપારાના નિળેમોરે ગાંવમાં રહેતા રાજેન્દ્ર પત્ની સાથે ટૅક્સીમાં હૉસ્પિટલ પહોંચ્યા ત્યારે સપના મૃત્યુ પામી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે સપનાના શરીર પર ઇજાનાં નિશાન જોતાં પિતાને રાજેન્દ્રને શંકા ગઈ હતી. તેમણે સપનાની સાસુ ધનલક્ષ્મીને પૂછતાં તેણે કથિત ઉડાઉ જવાબ આપ્યા હતા.

ધનલક્ષ્મીએ કહ્યું હતું કે સપના દારૂના નશામાં બૂમાબૂમ કરતી હોવાની જાણ નોકરાણીએ કરી હતી. એક જ કૉમ્પ્લેક્સમાં રહેતા હોવાથી ધનલક્ષ્મી સપનાને સમજાવવા ગઈ હતી, પરંતુ એલફેલ બોલી સપના ગાળાગાળી પર ઊતરી આવી હતી. પરિણામે બન્ને વચ્ચે ધક્કામુક્કી થઈ હતી. બાદમાં સપના બાથરૂમમાં પડી ગઈ હોવાથી તેના માથામાં ઇજા થઈ હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

જોકે આ ઉપજાવી કાઢેલી વાતો હોવાનું પિતા રાજેન્દ્રનું માનવું હતું. ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે સપનાનાં લગ્ન ૨૦૧૩માં પ્રમોદ સાથે થયાં હતાં. શરૂઆતનાં બે વર્ષ બધું બરાબર હતું. પછી પતિ અને સાસરિયાં દ્વારા સપનાને ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. આખરે કંટાળીને પતિ અને સાસરિયાં વિરુદ્ધ નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ હતી. પોલીસે ભારતીય દંડ સંહિતાની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. એ સિવાય વસઈ કોર્ટમાં કૌટુંબિક હિંસાનો ખટલો દાખલ કરાયો હતો. કાનૂની કાર્યવાહીથી સાસુના મનમાં રોષ ધરબાયેલો હતો. તેણે જ મારપીટ પછી સપનાની હત્યા કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

# કેબ ડ્રાઈવરોની હડતાળને પગલે મુંબઈ એરપોર્ટ પર મુસાફરો માટે વિશેષ એડવાઈઝરી જારી કરાઈ

મુંબઈઃ ઍપ આધારિત કેબ ચાલકોની હડતાળને પગલે મુંબઈ એરપોર્ટે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી હતી, જેમાં, છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા મુસાફરોને તેમની યાત્રાનું અગાઉથી આયોજન કરવાની સલાહ આપવામાં આવી હતી, કારણ કે કેબ સેવાઓની ઉપલબ્ધતા સીમિત હોઈ શકે છે.

મુસાફરો માટે જાહેર કરાયેલી એડવાઈઝરીમાં, એરપોર્ટે જણાવ્યું હતું કે આ હડતાળના કારણે એરપોર્ટ પરથી અવરજવર કરતી ઍપ આધારિત કેબ્સની ઉપલબ્ધતા પર અસર પડી શકે છે. મુસાફરોને વહેલા નીકળવા, એરપોર્ટ સુધી પહોંચવા માટેનું આયોજન અગાઉથી કરવા અને વાહનવ્યવહારના અન્ય વિકલ્પો વિચારવા સલાહ આપવામાં આવી હતી. એરપોર્ટની કામગીરી સામાન્ય રીતે ચાલુ છે, પરંતુ મુસાફરોને તેમની ફ્લાઈટ માટે પહોંચવામાં મોડું ન થાય તે માટે મુસાફરીનો વધારાનો સમય હાથમાં રાખીને નીકળવા વિનંતી કરવામાં આવી છે.

હડતાળ દરમિયાન એપ-આધારિત કેબની ઉપલબ્ધતા પ્રભાવિત રહેવાની ધારણા હોવાથી, મુસાફરોને તેમની એરપોર્ટ મુસાફરી માટે વધારાનો સમય ધ્યાનમાં લેવાની સલાહ આપવામાં આવી છે. એરપોર્ટ દ્વારા મુસાફરોને જરૂર પડે ત્યાં વૈકલ્પિક પરિવહન વ્યવસ્થા કરવા અને છેલ્લી ઘડીની મુશ્કેલીઓ ટાળવા માટે આ એડવાઈઝરીને સહકાર આપવા વિનંતી કરવામાં આવી હતી.

# બાંદ્રામાં ૧૦ કરોડ રૂપિયાનું ચરસ પકડાયું

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) બાંદ્રા વિસ્તારમાંથી ૧૦ કરોડ રૂપિયાનું ચરસ પકડી પાડીને બિહારના રહેવાસીની ધરપકડ કરી હતી. એએનસીના વરલી યુનિટના અધિકારીઓએ આ કાર્યવાહી કરી હતી અને ૧૦ કિલોથી વધુનું ચરસ જપ્ત કરવામાં આવ્યું હતું. ધરપકડ બાદ આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. વરલી યુનિટનો સ્ટાફ સોમવારે સાંજે બાંદ્રા પૂર્વમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે બાંદ્રા ટર્મિનસ નજીક ઊભેલા શખસ પર તેમની નજર પડી હતી. શખસની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસની ટીમે તેને તાબામાં લીધો હતો. તેની તલાશી લેવામાં આવતાં ચરસ મળી આવ્યું હતું. આથી આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી બિહારમાં પરિવાર સાથે રહે છે અને રિક્ષાચાલક છે. તેના ત્રણ સંતાન છે. બિહારથી તે ચરસ લઇને ટ્રેનમાં મુંબઈ આવ્યો હતો. જોકે ચરસ વેચે એ પહેલા તે પકડાઇ ગયો હતો. તે અગાઉ પણ મુંબઇ આવી ચૂક્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

# સમોસાં અને વડાપાંઉ આઉટ, તાજાં ફળો ઈનઃ મુંઢેનો નવો આદેશ

મુંબઈઃ અંગ્રેજી કહેવત છે, પ્રેક્ટિસ બિફોર યુ પ્રિચ (સલાહ આપતાં પહેલા ખુદ અમલ કરો)..તે મુજબ રાજ્યમાં એફડીએ દ્વારા પોતાના જ કાર્યક્રમો પર તવાઈ લાવવામાં આવી છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના કમિશનર તુકારામ મુંઢેએ કર્મચારીઓના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતા એક નવી પહેલ શરૂ કરી છે. સરકારી કાર્યક્રમો દરમિયાન નાસ્તામાં સમોસાં, વડાં અને અન્ય જંક ફૂડ પીરસવાનું બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તેના બદલે તાજાં ફળો પીરસવામાં આવશે. આ પહેલની શરૂઆત ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમ સાથે કરવામાં આવી હતી. સમોસાં, વડાપાંઉ કે ચિપ્સ જેવા પરંપરાગત નાસ્તાને બદલે કર્મચારીઓને નારંગી, સફરજન અને કેળાં પીરસવામાં આવ્યાં હતાં.

સરકારી કાર્યક્રમોમાં નાસ્તા તરીકે સમોસાં, વડાં, વડાપાંઉ અને ચિપ્સ જેવી વાનગીઓ પીરસવામાં આવે છે. મુંઢેની પહેલ કર્મચારીઓમાં તંદુરસ્ત આહારની આદતોને પ્રોત્સાહન આપવાનો છે. એફડીએનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી, તુકારામ મુંઢે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને નિયમનકારી ઉલ્લંઘનો સામેની કાર્યવાહીને કારણે ચર્ચામાં રહ્યા છે. અનેક પ્રસંગોએ મુંઢેએ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સુરક્ષાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો છે. ■

# દાભોલકર હત્યા કેસમાં દોષિત સચિન અંદુરેના જામીન મંજૂર

મુંબઈઃ રેશનલિસ્ટ નરેન્દ્ર દાભોલકરની ૨૦૧૩ના હત્યા કેસમાં દોષિત સચિન અંદુરેને બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે જામીન આપ્યા છે. ન્યાયમૂર્તિ સારંગ કોતવાલ અને રણજીતસિંહ ભોસલેની ખંડપીઠે ૨૦૨૪માં સેશન્સ કોર્ટ દ્વારા આંદુરેને આપવામાં આવેલી આજીવન કેદની સજાને પણ સ્થગિત કરી દીધી હતી. વિગતવાર આદેશની નકલની રાહ જોવાઈ રહી છે. એક્ટિવિસ્ટ ગોવિંદ પાનસરેની હત્યામાં કથિત ભૂમિકા બદલ કેસનો સામનો કરી રહેલા અંદુરે હવે જેલમાંથી બહાર આવી શકશે કારણ કે તેને બંને કેસમાં જામીન મળી ગયા છે.

અંધશ્રદ્ધા વિરોધી સંગઠન મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિના સ્થાપક ૬૭ વર્ષના દાભોલકરની ૨૦ ઓગસ્ટ, ૨૦૧૩ના દિવસે પુણેમાં મોર્નિંગ વોક પર જતા બે મોટરસાઇકલ સવાર હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી હતી. કટ્ટરપંથી સંગઠન સનાતન સંસ્થા સાથે જોડાયેલી વ્યક્તિ દ્વારા આ હત્યા કરવામાં આવી હતી.

શરૂઆતમાં, આ કેસની તપાસ પુણેના ડેક્કન પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવી હતી. તેમની પુત્રી મુક્તા દાભોલકરની અરજીને પગલે, ૨૦૧૪માં તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી.

ફરિયાદ પક્ષની દલીલ અનુસાર અંદુરે ગોળીબાર કરનારાઓમાંનો એક છે. ૧૦ મે, ૨૦૨૪ના દિવસે સેશન્સ કોર્ટે સચિન અંદુરે અને શરદ કળસકરને દાભોલકરની હત્યા માટે દોષિત ઠેરવી તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. જોકે, તેમને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમઅને શસ્ત્ર અધિનિયમ હેઠળના આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. કોર્ટે અપૂરતા પુરાવાને કારણે વીરેન્દ્ર સિંહ તાવડે, સંજીવ પુનાલેકર અને વિક્રમ ભાવેને પણ નિર્દોષ જાહેર કર્યા હતા.

# મુંબઈનાં જળાશયો છલકાવાની તૈયારીમાંઃ પાણીનો જથ્થો ૯૪ ટકા

મુંબઈઃ મંગળવાર, ૧૮ ઓગસ્ટ સુધીમાં મુંબઈના સાત તળાવમાં૧૩.૫૭ લાખ મિલિયન લિટર પાણીનો સંગ્રહ છે. આ પાણી તળાવોની કુલ સંગ્રહ ક્ષમતાના ૯૩.૮૦ ટકા છે. વિહાર, તુલસી અને મોડક સાગર ભરેલા છે. એકંદરે ૨૦૨૫ અને ૨૦૨૪ના આ સમયના સમયગાળા કરતાં વધુ પાણીનો જથ્થો છે.

ભાંડુપ માસ્ટર કંટ્રોલ સેન્ટરના હાઇડ્રોલિક એન્જિનિયર વિભાગના જણાવ્યા અનુસાર, ૧૮ ઓગસ્ટ, મંગળવારના રોજ સવારે ૬ સુધીમાં શહેરને પીવાનું પાણી પૂરું પાડતા મુંબઈના સાત તળાવમાં ૧૩,૫૭,૬૬૭ મિલિયન લિટર પાણીનો સંગ્રહ હતો.

વર્તમાન સ્ટોક હવે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા વધારે છે. આ સમયે ગયા વર્ષે જળાશયોમાં ૧૩,૧૯,૬૪૦ મિલિયન લિટર (૯૧.૧૮ ટકા) પાણી હતું. ૨૦૨૪માં ૧૩,૪૬,૬૦૫ મિલિયન લિટર પાણી હતું, જે કુલ સંગ્રહના ૯૩.૦૪ ટકા હતું.

સાત જળાશયોમાં, વિહાર, તુલસી અને મોડક સાગર તળાવ છલકાઈ ગયા છે જ્યારે તાનસામાં પાણીનું સ્તર ૯૯.૫૮ ટકા, મધ્ય વૈતરણા ૯૭.૧૧ ટકા, શહેરનું સૌથી મોટું જળાશય ભાતસા ૯૨.૮૪ ટકા, જ્યારે ઉપલા વૈતરણા ૮૪.૮૨ ટકા પાણી છે.

વ્યક્તિગત તળાવોમાં વર્તમાન સંગ્રહ નીચે મુજબ છેઃ

અપર વૈતરણાઃ ૧,૯૪,૮૫૪ મિલિયન લિટર (૮૫.૮૨ ટકા)

મોડક સાગરઃ ૧,૨૮,૯૨૫ મિલિયન લિટર (૧૦૦.૦૦ ટકા)

તાનસાઃ ૧,૪૪,૪૭૫ મિલિયન લિટર (૯૯.૫૮ ટકા)

મધ્ય વૈતરણાઃ ૧,૮૭,૯૩૭ મિલિયન લિટર (૯૭.૧૧ ટકા)

ભાતસાઃ ૬,૬૫,૭૩૨ મિલિયન લિટર (૯૨.૮૪ ટકા)

વિહારઃ ૨૭,૬૯૮ મિલિયન લિટર (૧૦૦ ટકા)

તુલસીઃ ૮,૦૪૬ મિલિયન લિટર (૧૦૦ ટકા)

છેલ્લા ૨૪ કલાકમાં તળાવના કેચમેન્ટ વિસ્તારોમાં હળવો વરસાદ ચાલુ રહ્યો હતો અને મોડક સાગરમાં સૌથી વધુ ૫૪ મિમી વરસાદ પડ્યો હતો.

# પુણેમાં ખાડાના કારણે પિતાની નજર સામે ૧૧ વર્ષના બાળકનું મોત

પુણેઃ મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં ખાડા અને ખરાબ રસ્તાના કારણે એક અત્યંત દુઃખદ ઘટના ઘટી હતી. આ ઘટનામાં ૧૧ વર્ષીય બાળકનું મોત થયું હતું. આ દુર્ઘટના બાલેવાડી-મહાલુંગે વિસ્તારમાં બની હતી. આવી દુર્ઘટનાઓ અવારનવાર બનતી જાય છે, છતાં તંત્ર આંખો આડા કાન કરીને બેઠું છે.

જાણકારી અનુસાર પિતા પોતાના દીકરા અને દીકરીને લઈને બાઈક પર જઈ રહ્યા હતા. તે સમયે અચાનક જ માર્ગમાં ખાડામાં બાઈક ખાબકતા ચાલકનું સંતુલન બગડતા તેઓ બંને બાળકો સહિત રસ્તા પર પડી ગયા હતા. તે જ સમયે પાછળથી આવતા એક આઇસર ટ્રક રસ્તા પર પડી ગયેલા બાળક પરથી પસાર થઇ જતા બાળકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ સમગ્ર પરિવાર શોકગ્રસ્ત બન્યો હતો.

ખરાબ રસ્તાઓને કારણે દુર્ઘટનાનું જોખમ વધ્યું

આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ સમગ્ર ઘટના ત્યાના સીસીટીવીમાં રેકોર્ડ થઈ હતી. આ દુર્ઘટના બાદ સ્થાનિકોએ વિસ્તારના જર્જરિત રસ્તાઓ અને ઊંડા ખાડાઓને લઈને પ્રશાસન વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરી હતી. લોકોના જણાવ્યા અનુસાર ખરાબ રસ્તાઓના લીધે આવી દુર્ઘટના બનવાનું જોખમ વધતું જાય છે.

પ્રશાસન મૂકદર્શક બની જોયા કરે છે

હાલમાં આ સમગ્ર મામલે પોલીસ તપાસ શરૂ છે અને આ દુર્ઘટના બાદ સ્થાનિકોમાં પણ રોષ વ્યાપી ગયો હતો. ત્યાંથી પસાર થનાર દરેક વાહનચાલકોને જર્જરિત રસ્તાઓના લીધે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દેશના અલગ અલગ ભાગોમાં રસ્તાના ખાડાઓના કારણે લોકોના મૃત્યુ થાય છે, અને પ્રશાસન મૂકદર્શક બની આ બધું જોયા કરે છે.

# નિફ્ટી સતત છઠ્ઠા દિવસે ગબડ્યો, સેન્સેક્સમાં ૪૯૩ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્રૂડ ઓઈલના ભાવ ૯૧ ડોલર પ્રતિ બેરલ સુધી આગળ વધ્યા હોવાથી ખરડાયેલા માનસ વચ્ચે મંગળવારે મુંબઈ બેન્ચમાર્ક સૂચકાંકો નીચા સ્તરે બંધ થયા હતા. સેન્સેક્સ ૪૯૩ પોઈન્ટ ગબડ્યો અને નિફ્ટી ૨૪,૧૫૪.૯૦ના સ્તરે પહોંચી ગયો હતો. પશ્ચિમ એશિયામાં રાજદ્વારી પ્રગતિની આશાઓ ધૂંધળી પડી જવાને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભારે નકારાત્મક અસર પડી છે.

સેન્સેક્સ ૪૯૨.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા ઘટીને ૭૭,૨૩૫.૪૬ પર સ્થિર થયો, જે તેના ત્રીજા દિવસે ઘટાડાનો રેકોર્ડ હતો.સત્રના અંતિમ તબક્કા દરમિયાન, બેન્ચમાર્ક ૪૯૩.૮ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા ઘટીને ૭૭,૨૩૪.૩૬ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૧૩૨.૭૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઘટીને ૨૪,૧૫૪.૯૦ પર બંધ થયો હતો. ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૧૭ ટકા વધીને ૯૧.૦૨ પ્રતિ બેરલ બોલાયું હતું.

ભારતી એરટેલ, એચડીએફસી બેંક, ઇન્ફોસીસ, આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, ટીસીએસ અને કોટક મહિન્દ્રા બેંક જેવા હેવીવેઇટ શેરોની આગેવાનીમાં બજારમાં નરમાઇ વધી હતી. બીજી તરફ, પસંદગીના ઓટો, ફાર્મા, મીડિયા, હેલ્થકેર અને ઓઇલ અને ગેસ શેરોમાં ખરીદીનો રસ જોવા મળ્યો હતો. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪૩ ટકા ઘટ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ યથાવત રહ્યો હતો.

ઓગમોન્ટ એન્ટરપ્રાઇઝનો રૂ. ૬૨૦.૦૦ કરોડનનો આઈપીઓ ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટીંગ ૩૧ ઓગસ્ટના રોજ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૭૫૦થી રૂ ૭૮૮ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૯ શેર છે.

ડાયગ્નોસ્ટિક સેગમેન્ટની અગ્રણી કંપની ચંદન હેલ્થકેર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૧૯.૬૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮૨.૨૬ કરોડની કુલ આવક, ૪૨.૨૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૦.૯૮ કરોડનો એબીટા અને ૨૯.૫૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૭.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીએસઇએ એમએસએમઇનો કેપિટલ માર્કેટમાં પ્રવેશ સરળ બનાવવા પીએચડીસીસી સાથે સહયોગ સાધ્યો છે.

એનઆઈએસ મેનેજમેન્ટ લિમિટેડે પહેલા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૧૫.૬૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧૫.૪૪ કરોડની કુલ આવક, વાર્ષિક ધોરણે ૩૬.૨૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯.૨૨ કરોડનો એબિટા અને વાર્ષિક ધોરણે ૩૫ ટકાના વધારા સાથે રૂ. ૬.૪૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ટેમ્પસેન્સ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (ઇન્ડિયા)નો રૂ. ૬૫૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૦ ઓગસ્ટે ખુલશે અને ૨૪ ઓગસ્ટના રોજ બંધ થશે.

બ્લોક ડીલ દ્વારા આદિત્ય કુમાર હલવાસિયાએ બાઝાર સ્ટાઇલ રિટેલ લિમિટેડમાં આશરે રૂ. ૧૬૩ કરોડના મૂલ્યના બ્લોક ડીલ દ્વારા ૪૫ લાખ શેર હસ્તગત કર્યા છે, જે અંદાજે છ ટકા જેટલો હિસ્સો




થાય છે. ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં બાઝાર સ્ટાઇલનું સ્ટોર નેટવર્ક ૧૦ રાજ્યો અને ૧૯૮ શહેરોમાં ૨૭૭ સ્ટોર્સ સુધી વિસ્તર્યું છે. ઉદ્યોગના ડેટા અનુસાર, ભારતના છ લિસ્ટેડ રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (રેઇટ્સે) એ જૂન ક્વાર્ટર દરમિયાન લગભગ પાંચ લાખ યુનિટ હોલ્ડર્સને રૂ. ૩,૧૩૬ કરોડનું વિતરણ કર્યું હતું. બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર કરતા પરિબળોમાં ક્રૂડ ઓઇલના વધતા ભાવ ઉપરાંત યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો અને નબળા વૈશ્વિક સંકેતોનો સમાવેશ હતો. અમેરિકા-ઈરાન વચ્ચે કામચલાઉ યુદ્ધવિરામ સમાપ્ત થયા પછી મધ્ય પૂર્વના ઉકેલની આશા ઓછી થઈ ગઈ હોવાથી રોકાણકારોની ચિંતા વધી, જેના કારણે ફુગાવા અંગે ચિંતા વધી ગઇ છે. યુએસમાં વધેલા યીલ્ડે ઉભરતા બજારોનું આકર્ષણ વધુ ઘટાડ્યું, અને સતત ઊંચા વ્યાજ દરો વૈશ્વિક ટેકનોલોજી ખર્ચને ઘટાડી શકે તેવી આશંકા વચ્ચે આઇટી શેરોમાં નુકસાન થયું છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ નીચો સ્થિર થયો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ થોડો ઊંચો રહ્યો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨,૫૩૫.૧૦ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૯૦.૭૯ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૯૨.૪૬ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૬૭ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૮ સ્ક્રિપ વધી અને ૨૨ સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ પર કુલ ૪,૫૩૦ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૯૩૦ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૩૮૪ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૨૧૬ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૮૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૧ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. કુલ ૪૮ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૬ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૪૨ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૩૫ ટકા ઘટ્યો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૯ ટકા વધ્યો હતો.

સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૨૪ ટકા અને એસએમઈ આઈપીઓ ૦.૮૫ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ટિલ્ટ ૦.૩૩ ટકા, હેલ્થકેર ૦.૨૫ ટકા, હોસ્પિટલ્સ ૦.૨૪ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૧૮ ટકા, ઓટો ૦.૧૫ ટકા ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૮ ટકા અને એનર્જી ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ફોકસ્ડ આઈટી ૧.૮૪ ટકા, આઈટી ૧.૬૬ ટકા, રિયલ્ટી ૧.૨૮ ટકા, પીએસયુ બેન્ક્સ ૧.૦૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૧ ટકા, એફએમસીજી ૦.૬૭ ટકા, પાવર ૦.૬૫ ટકા, સર્વિસીસ ૦.૬૩ ટકા, બેન્કેક્સ ૦.૫૪ ટકા અને ટોપ ૧૦ બેન્ક્સ ૦.૫૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં એક્સિસ બેન્ક ૦.૮૯ ટકા, પાવર ગ્રીડ ૦.૬૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૪૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૨૭ ટકા, લાર્સન ૦.૧૫ ટકા, રિલાયન્સ ૦.૦૮ ટકા, બજાજ ફિનસર્વ ૦.૦૫ ટકા અને એનટીપીસી ૦.૦૩ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે એશિયન પેઈન્ટ ૨.૪૦ ટકા, ઈન્ફોસિસ ૨.૦૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૯૩ ટકા, ભારતી એરટેલ ૧.૭૫ ટકા, ટીસીએસ ૧.૪૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૧ ટકા અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૮ ટકા અને ઈન્ડિગો ૧.૨૩ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૧૨૫.૮૯ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૭૨૦ ટ્રેડ્સમાં ૮૦૯ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૨૩,૧૯,૩૭૩ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૩૭,૯૯,૯૧૪.૬૮ કરોડ રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે ડીલ થવામાં થઈ રહેલા વિલંબને કારણે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા અને સાથે સાથે તેની નકારાત્મક અસર સ્થાનિક ઈક્વિટી માર્કેટ પર પણ પડતાં જોવા મળેલો નરમાઈનો અન્ડરટોન ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૫૩૫.૧૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૬૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૬૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૯ અને ઉપરમાં ૯૫.૬૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ ખૂલવાની મડાગાંઠ યથાવત્ રહેતાં આજે ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૯૦ ડૉલર આસપાસ રહેતાં ફુગાવો વધવાની ભીતિ હેઠળ રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવી હોવાથી તેની રૂપિયા પર નકારાત્મક અસર પડી હોવાનું મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ અને વૅલ્થ મેનેજમેન્ટના હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું. એકંદરે હાલના તબક્કે ક્રૂડતેલની ઊંચી સપાટી અને વિદેશી ફંડોની વેચવાલીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકો વધીને બેરલદીઠ ૯૦.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૯૨.૭૦ પૉઈન્ટનો અને ૧૩૨.૭૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

## વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૨૪૭૮નો ઘટાડો, સોનામાં ₹ ૮૭નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં સતત બે સત્ર સુધી સોના અને ચાંદીના ભાવમાં સુધારો આવ્યા બાદ આજે મધ્ય પૂર્વની ભૂરાજકીય કટોકટીને કારણે ક્રૂડતેલના ભાવમાં વધારાથી ફુગાવામાં વધારાની ચિંતા ઉપરાંત અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધી આવતા લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૭૮નો ઘટાડો આવ્યો હતો અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૭ ઘટી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આયાત પડતર વધવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૭૮ના ઘટાડા સાથે રૂ. ૨,૩૩,૧૬૪ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હતી.




તેમ જ વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૭ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૩,૪૬૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૪,૦૮૦ના મથાળે રહ્યા હતા.

લંડન ખાતે આજે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૯૧.૭૭ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૪૪૭.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૬૪.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ક્રૂડતેલના ભાવવધારા, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ટ્રેઝરીની યિલ્ડ વધી આવવા ઉપરાંત સતત બે સત્રની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં બન્ને કિંમતી ધાતુઓમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાનું સ્વતંત્ર વિશ્લેષક રોસ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે આજે ક્રૂડતેલના ભાવ વધીને બે સપ્તાહની ટોચે પહોંચ્યા હતા. તેમ જ અમેરિકી ૩૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ બે દાયકાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી સોના-ચાંદીના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા. યુદ્ધના અંત માટેની વાટાઘાટોના પ્રયાસમાં ભંગાણ બાદ આજે ઈરાને આક્રમક વલણ અપનાવવાનું કહ્યું હતું, જ્યારે વૉશિંગ્ટને કામચલાઉ યુદ્ધવિરામના કરાર લંબાવવાનું નકારી દીધુ હોવાના અહેવાલો સાથે ક્રૂડતેલમાં ફરી તેજીના મંડાણ થયા હતા અને ક્રૂડતેલની તેજી સાથે ફુગાવામાં વધારો થવાની ભીતિ સપાટી પર આવાની સાથે વિશ્વ બજારમાં ઊંચા વ્યાજદરની શક્યતા પ્રબળ બનતાં સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં રોકાણકારોનું આકર્ષણ ઘટતું હોય છે.

જોકે, તાજેતરમાં અમેરિકાના ફુગાવાના ડેટામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ અને બેરોજગારીના ડેટામાં અનપેક્ષિતપણે વૃદ્ધિ જોવા મળતાં ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં વધારો નહીં કરે તેવી શક્યતા ઘટી જતાં સોનાના ભાવ ગત પાંચમી જૂન પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે બજાર વર્તુળોની નજર આવતીકાલે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ટીન અને કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નફારૂપી વેચવાલીએ નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સતત બે સત્ર સુધી ચોક્કસ ધાતુઓમાં વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહ્યા બાદ આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન, નિકલ, કોપર, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઊંચા મથાળેથી વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૪૭ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈતરફી વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૭ના ઘટાડા સાથે રૂ. ૫૪૯૧, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૨ ઘટીને રૂ. ૧૪૬૩, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૬૩૩ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૩૫૦ અને રૂ. ૧૩૩૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૩૬૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૫૦ અને રૂ. ૯૬૫ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૪૦૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૪૦, રૂ. ૩૧૦, રૂ. ૩૫૭ અને રૂ. ૨૦૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ખાંડમાં વધુ ₹ ૨૮૮થી ૩૪૦ની તેજી

### ખાંડ પરની આયાત જકાત દૂર કરવા સરકારની વિચારણાઃ અહેવાલ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર તાજેતરમાં ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૬૦૦ની સપાટી આસપાસ પ્રવર્તી રહ્યાના નિર્દેશો તેમ જ ઉત્તર પ્રદેશની ખાંડ મિલો પર પણ તેજીનું વલણ જળવાઈ રહ્યાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૨૮૮થી ૩૪૦ની તેજી આગળ ધપી હતી. તેમ જ આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦૦થી ૩૭૦ની આગેકૂચ જોવા મળી હતી.

તાજેતરમાં પુરવઠાખેંચની ભીતિ હેઠળ ખાંડના ભાવમાં આગઝરતી તેજી જોવા મળતાં સરકારે સંગ્રહખોરી અને સટ્ટાખોરીને ડામવા માટે મિલો અને ટ્રેડરો પર સ્ટોક મર્યાદા લાદી હોવા છતાં એકતરફી તેજીનો ટોન જોવા મળી રહ્યો છે, ત્યારે બ્લૂમબર્ગનાં એક અહેવાલ અનુસાર સરકાર ખાંડ પરની આયાત જકાત જે હાલ ૧૦૦ ટકા છે તે દૂર કરવા અંગે વિચારણા કરી રહી છે. નોંધનીય બાબત એ છે સ્થાનિક ઔદ્યોગિક સંગઠન ઈસ્માના જણાવ્યાનુસાર દેશમાં ખાસ કરીને ઑગસ્ટથી જાન્યુઆરી દરમિયાન તહેવારોની મોસમ હોવાથી ખાંડની વપરાશી માગમાં વધારો થતો હોય છે. જોકે, માગને પહોંચી વળવા માટે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની ખાંડ મિલો આગામી નવેમ્બરથી શરૂ થતી વર્ષ ૨૦૨૬-૨૭ની મોસમમાં શેરડીનું પિલાણ એકાદ પખવાડિયું વહેલું શરૂ કરશે.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦૮થી ૩૨૦ વધીને રૂ. ૫૩૨૦થી ૫૪૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૮૮થી ૩૪૦ વધીને રૂ. ૫૪૨૦થી ૫૫૭૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦૦ વધીને રૂ. ૫૩૦૦થી ૫૩૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૧૦થી ૩૭૦ની તેજી સાથે રૂ. ૫૩૭૦થી ૫૫૦૦માં થયા હતા.



## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં સુધારો, દેશી તેલમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં બે ડૉલરનો ઉછાળો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૯ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે દેશી તેલમાં નિરસ માગે સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના ઑગસ્ટ ડિલિવરી ધોરણે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૮૫ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૭ અને ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના સપ્ટેમ્બર અને ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૭૪૫, જી-વનના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૫ અને રિલાયન્સ રિટેલના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫ અને સન રિફાઈન્ડના સપ્ટેમ્બર અને ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૭૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા હતા.

આજે ગોંડલ મથકે ૨૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૬૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં થયા હતા. જોકે, ગોંડલ ખાતે આજે ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦થી ૧૭૨૫, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૩૦થી ૧૬૪૦ અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૦થી ૧૬૮૫ના મથાળે રહ્યા હતા. રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૨૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૪૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૨૫૦થી ૬૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૫૦૦થી ૬૬૦૦માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૫, સિંગતેલના રૂ. ૧૭૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૭૦૫ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# ભાવનગરના ઉખરલા ગામે કૂવામાં ખાબકવાથી ત્રણ યુવાનનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ તાલુકાના ઉખરલા ગામે રાત્રિના સમયે ચાલતા કથિત જુગારધામ પર પોલીસે પાડેલા દરોડા દરમિયાન અફડાતફડી મચી જવા પામી હતી. પોલીસ પકડથી બચવા માટે નાસભાગ કરી રહેલા ત્રણ યુવાનો અંધારામાં નજીકમાં આવેલા કૂવામાં ખાબકતાં ત્રણેયના ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. આ બનાવ અંગે મળતી વિગતો અનુસાર ઉખરલા ગામે આવેલા બાપુનગર વિસ્તારમાં મોટા શીતળા માતાના મંદિર સામેના ભાગે મોડી રાત્રે જુગારની પ્રવૃત્તિ ચાલી રહી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. રેડ દરમિયાન પોલીસને જોઈને જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસથી બચવા માટે ભાગી રહેલા યુવાનો પૈકી ત્રણ શખ્સો અંધારામાં કૂવો ન જોઈ શકાતાં સીધા તેમાં ખાબક્યા હતા. આ હોનારતમાં એરપોર્ટ રોડ, રૂવા ખાતે રહેતા નિલેશભાઈ બીજલભાઈ ડાભી તેમજ રાહુલભાઈ પોપટભાઈ ચૌહાણ અને અજીતભાઈ બુધાભાઈ સીધાંનું કૂવામાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો અને બચાવ ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા. સ્થાનિકોની મદદથી હાથ ધરાયેલી કામગીરી બાદ ત્રણેય યુવાનોના મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે બનાવ અંગે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે દરોડી પાડવા ગઈ ન હોવાનું જણાવ્યું છે. કોઈએ ભાગોની બુમ પાડતા ત્રણેય દોડયા હતા અને કુવામાં ખાબક્યા હતા.■

# ૧,૫૦૦ કરોડના એસએમએસ સ્ટોક ટિપ મામલે ભાવનગરમાં સેબીના દરોડા, માસ્ટરમાઈન્ડ હનીફ શેખની શોધખોળ શરૂ

## હાલ આ કેસમાં ઈડી-સેબી બંને તપાસ સંસ્થાઓ ગુપ્તરાહે તપાસ આગળ ધપાવી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શેરબજામાં અનધિકૃત રીતે બલ્ક એસએમએસ મોકલી રોકાણકારોને ગેરમાર્ગે દોરવાના રૂ. ૧,૫૦૦ કરોડના ચર્ચિત સ્ટોક ટીપ કૌભાંડ સંદર્ભે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા ભાવનગરમાં દરોડા પાડી સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છેલ્લાં સાત વર્ષનું સૌથી મોટું ''પંપ-એન્ડ-ડમ્પ'' કૌભાંડ ગણાતા આ કેસમાં કથિત માસ્ટરમાઇન્ડ હનીફ શેખ ઉર્ફે ખાટકીની શોધખોળ તેજ બનાવવામાં આવી છે. મળતી વિગતો અનુસાર, ભાવનગરના અતિ ધમધમતા આતાભાઈ રોડ પર સ્થિત ઈવા-૧ કોમ્પ્લેક્સમાં આવેલી 'ઈકોનો બ્રોકિંગ પ્રા. લિ.'ની ઓફિસ નં. ૧૦૫ થી ૧૧૨ ખાતે સોમવારે સવારથી જ સેબીના ઉચ્ચ અધિકારીઓની ટુકડીએ ઓચિંતો દરોડો પાડ્યો હતો. તે સાથે જ એક અલગ ટુકડીએ હનીફ શેખના જૂની અજય ટોકિઝ નજીક આવેલા નિવાસસ્થાને પણ તપાસ હાથ ધરી હતી. સોમવારે મોડી રાત સુધી ચાલેલી આ કાર્યવાહી દરમિયાન અધિકારીઓને ટ્રેડિંગ ડેટા, કમ્પાઇલેશન, ફોરેક્સ બિલ, જીમેલ લિંક્સ અને કોલ ડેટા રેકોર્ડ્સ (સીડીઆર) સહિતના કેટલાક વાંધાજનક દસ્તાવેજી પુરાવા મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસની વિગતો મુજબ, સેબીને ઓનલાઈન ફરિયાદ પ્લેટફોર્મ પર રોકાણકારોની વ્યાપક ફરિયાદો મળતા આ કૌભાંડનો પર્દાફાશ થયો હતો. હનીફ શેખ અને તેના નેટવર્કે ઝેરોધા અને આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ જેવી અગ્રણી બ્રોકિંગ ફર્મો જેવાં નકલી એસએમએસ આઈડી બનાવીને 'ખરીદો' (બાય) ટીપ્સ આપતા લાખો મેસેજ મોકલ્યા હતા. આ ટીપ્સ દ્વારા ચોક્કસ શેરોના ભાવ કૃત્રિમ રીતે ઊંચા લઈ ગયા બાદ (પમ્પ), તેની સાથે જોડાયેલી ૨૨૬ સંસ્થાઓ મારફતે રોકાણકારોને શેરો ઊંચા ભાવે ડમ્પ કરવામાં આવતા હતા. આ કાળી કમાણી અમદાવાદ, મુંબઈ અને કોલકાતાના અનેક બેંક એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

નોંધનીય છે કે, સેબીના અગાઉના આદેશ અનુસાર હનીફ શેખે મૌરિયા ઉદ્યોગ, ૭ એનઆર રિટેલ, જીબીએલ ઈન્ડસ્ટ્રીઝ, દાર્જિલિંગ રોપવે, લીડિંગ લીઝિંગ અને એગ્રોફોસ ઈન્ડિયા જેવી માત્ર પાંચ સ્ટોકમાં હેરાફેરી કરીને રૂ. ૧૪૪ કરોડનો ગેરકાયદેસર નફો મેળવ્યો હતો. વારંવાર સમન્સની અવગણના કરવા બદલ અગાઉ નવેમ્બર ૨૦૨૨માં તેના પર રૂ. ૭ લાખનો દંડ પણ ફટકારાયો હતો, જેની વસૂલાત હજુ બાકી છે. હનીફ શેખ અલંગ શિપબ્રેકિંગ યાર્ડના પ્લોટ નં. ૮૪-ઈમાં ભાગીદારી ધરાવે છે અને ભાવનગરના મુસ્લિમ પોશ વિસ્તારોમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે પણ તેનું મોટું રોકાણ ધરાવે છે. હાલ આ કેસમાં ઈડી (ઈડી) અને સેબી બંને તપાસ સંસ્થાઓ ગુપ્તરાહે તપાસ આગળ ધપાવી રહી છે. ઘણા સમયથી ઇડી હાલ આ કેસમાં ઈડી (ઈડી) અને સેબી બંને તપાસ સંસ્થાઓ ગુપ્તરાહે તપાસ આગળ ધપાવી રહી છે. અને સેબીના રડારમાં આ ચાલતા ધંધા માટે બાજ નજર હતી. ■

# રાજકોટ શહેર એસઓજીએ ₹૧.૦૨ કરોડની કિંમતનો ૨૦૪ કિલો ગાંજો ઝડપ્યો, બે શખસની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેર એસઓજી પોલીસે માદક પદાર્થ ગાંજાની હેરાફેરીને નિષ્ફળ બનાવી મોટી સફળતા પ્રાપ્ત કરી હતી. એસઓજીની ટીમે ટ્રકમાં




સ્ટીલ પાઇપની આડમાં ૧ કરોડ ૨ લાખની કિંમતનો ૨૦૪ કિલો ગાંજો ઝડપ્યો હતો. ઓરિસ્સાથી ૨૦૪ કિલો ગાંજો ભરીને રાજકોટના જંગલેશ્વરના શખ્સને મોકલ્યો હતો. જો કે આ ગાંજો મંગાવનાર સુધી પહોંચે તે પહેલા જ બામણબોર ચેક પોસ્ટ પાસે પકડી લેવામાં આવ્યો હતો. એસઓજીએ ટ્રક ચાલક સહિત બે શખ્સને દબોચી લઇ મોકલનાર અને મંગાવનારાને શોધવા તપાસ આગળ ધપાવી છે. એસઓજીની આ કાર્યવાહી અંગે માહિતી રાજકોટ જેસીપી ચૈતન્ય મંડલીકએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર એસઓજીની ટીમ દ્વારા બામણબોર ચેકપોસ્ટ નજીક વોચ ગોઠવી ટ્રકને અટકાવી તલાસી તેમાં ગાંજાનો જથ્થો છુપાવેલો હતો.

પોલીસે ટ્રકચાલક અને ક્લીનરને નામ પૂછતાં તેમને મહમદ ઉર્ફે કાળો હુશેનભાઇ ઉર્ફે કડીબાપુ સરવદી (ઉ.વ.૨૬) તથા અરબાઝ સલીમભાઇ સંધી (ઉ.વ.૨૭) જણાવ્યું હતું. પોલીસે ૧.૦૪ કરોડ કિંમતનો ૨૦૪ કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ટ્રક ચાલક અને સાથેના શખ્સની પુછપરછ કરતાં બંનેએ કબુલ્યું હતું કે પોતે બંને ડ્રાઇવીંગ કામ કરે છે. આ ગાંજાનો જથ્થો ઓસ્સિાથી મુળ રાજકોટના મોરબી રોડ પર મોમાઇ હોટેલ પાછળ હડાળામાં રહેતાં અમિત ઉર્ફે ગુરખાએ ભરી આપ્યો હતો. તે પણ સાથે હતો પણ ચોટીલા આસપાસ ઉતરી ગયો હતો. આ ગાંજો જંગલેશ્વર વિસ્તારના રમિઝ ઉર્ફે માયો રજાકભાઇને પહોંચાડવાનો હતો. આ કબુલાતને આધારે આ બંનેની શોધખોળ થઇ રહી છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ રાજકોટ જંગલેશ્વરમાં ગાંજો પહોંચ્યા બાદ રાજકોટ તેમજ ધોરાજી, ઉપલેટા, જુનાગઢ, મોરબીમાં આ ગાંજાની સપ્લાય કરવાની હતી.

# ભાવનગરના મહુવા ખાતેના પીએસઆઈ સસ્પેન્ડ બુટલેગર પાસે હપ્તા માંગતો ઓડિયો વાઇરલ થતાં એસપીની કડક કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ પી.એમ. પરમારનો દેશી દારૂના બુટલેગર પાસે નાણાકીય માંગણી કરતો ઓડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાતાકીય તપાસના અંતે ફરજમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા પીએસઆઈને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.



મળતી માહિતી મુજબ વાઇરલ થયેલી ઓડિયો ક્લિપમાં પીએસઆઈ પરમાર મહુવાના 'લાલા' નામના બુટલેગર પાસે દારૂનો હપ્તો ઉઘરાવતા અને તેને ધમકાવતા સ્પષ્ટ સંભળાયા હતા. ઓડિયોમાં તેઓ બુટલેગરને કહી રહ્યા હતા કે, ''આપવાના છે કે નહીં, હા અગર ના... મને કામગીરી કરવી ફાવે છે, ભીખ માંગવી ગમતી નથી.'' આ કથિત ઓડિયો ક્લિપ જાહેર થતાં જ ખાખી વર્દીની છબી ખરડાઈ હતી અને પોલીસ વિભાગ સામે અનેક સવાલો ઊભા થયા હતા. કાયદાના રક્ષક દ્વારા જ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખ્સ પાસે નાણાંની ઉઘરાણી કરવાના આ કિસ્સાને જિલ્લા પોલીસ વડાએ અત્યંત ગંભીરતાથી લીધો હતો. વિભાગની પ્રતિષ્ઠા જાળવવા અને શિસ્તભંગ બદલ એસપી નિતેશ પાંડેયે કડક વલણ અપનાવી પીએસઆઈ પી.એમ. પરમારને સસ્પેન્ડ કરી તેમની સામે કાયદેસરના ખાતાકીય પગલાં ભર્યા છે, જેના પગલે ગુનાહિત પ્રવૃત્તિઓમાં લિપ્ત તત્વો અને ભ્રષ્ટ અધિકારીઓમાં ફાટચોડ વ્યાપી ગઈ છે. ■

# જૂનાગઢ સ્વામિનારાયણ મંદિર સાથે છેતરપિંડીઃ કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ શહેરના સ્વામિનારાયણ મંદિર સાથે કરોડોની ઠગાઇ થઈ હોવાની ફરિયાદ નોંધાતા હરિભક્તોએ ભારે આઘાતની લાગણી અનુભવી હતી. જૂનાગઢના જવાહર રોડ પર આવેલા પ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિરના મુખ્ય ગેટના નિર્માણકાળ દરમિયાન મંગલ્ય ટેમ્પલ પ્લાનીંગ એન્ડ કન્સ્ટ્રક્શન કંપનીના પ્રોપ્રાઈટર નંદીશભાઈ સોમપુરા દ્વારા વિશ્વાસઘાત અને કરોડોની ઠગાઈ આચરવામાં આવી હતી. મંદિરના કોઠારી સ્વામી ધર્મકિશોરજી દ્વારા જૂનાગઢ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારનું કામ પથ્થરોથી નકશીકામ સાથે બનાવવા માટે ઉપરોક્ત પેઢી સાથે કરાર કરવામાં આવ્યો હતો. રકમ મેળવી લીધા પછી પણ આરોપીએ કરાર મુજબ કામ પૂરું કર્યું ન હતું.વારંવાર રજૂઆતો અને ભાવવધારા આપવા છતાં કોન્ટ્રાક્ટરે કામ આગળ ધપાવ્યું ન હતું. જ્યારે મંદિર દ્વારા કામ પૂરું કરવા અથવા નાણાં પરત આપવા માટે કહેવામાં આવ્યું, ત્યારે આરોપી નંદીશ સોમપુરાએ નાણાં પરત આપવાની તથા કામ કરવાની પણ સ્પષ્ટ ના પાડી દીધી હતી. મંદિર ટ્રસ્ટ સાથે આ પ્રકારે લાખો-કરોડો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવા બદલ કોઠારી સ્વામી ધર્મકિશોરદાસજી દ્વારા ટ્રસ્ટ સાથે થયેલા આ વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ■

# ભચાઉમાં જૂની અદાવતમાં ધીંગાણુંઃ પથ્થરમારો અને ઘાતક હથિયારોથી હુમલો, ૨ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રસ્તા પરથી વાહન લાવવા-લઈ જવા અંગેની જૂની અદાવતમાં પૂર્વ કચ્છના ભચાઉના આર્મી સર્કલ પાસે બારોટ અને કાંઠેચા પરિવાર વચ્ચે જૂથ અથડામણ થઈ હતી. બંને પક્ષે પથ્થરમારો, ધોકા અને ધારિયા વડે હુમલો કરાતાં ૧૫ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે ભચાઉ પોલીસે સામસામે ૩૨ લોકો સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. મળતી વિગતો મુજબ, બે મહિના અગાઉ ભટ્ટ પાળિયા વિસ્તારમાં વાહન બાબતે થયેલા ઝઘડાની અદાવતમાં ઈન્સ્ટાગ્રામ પર ધાક-ધમકીભરી કોમેન્ટ કરવામાં આવી હતી. આ મામલે સાયબર પોલીસ સુધી વાત પહોંચ્યા બાદ બંને પક્ષો વચ્ચે કડવાશ વધી હતી. ગત રાત્રે આ મુદ્દે બંને પક્ષના લોકો હથિયારો સાથે સામસામે આવી જતાં હિંસક ધીંગાણું ખેલાયું હતું.

અથડામણમાં એક કારને પણ નુકસાન થયું હતું. ઘવાયેલાઓમાં નવીન દાફડા, મનોજ દાફડા અને હરેશ કાંઠેચા નામના ત્રણ એડવોકેટનો સમાવેશ થતાં ભચાઉ બાર એસોસિએશને પોલીસ સમક્ષ તટસ્થ તપાસની રજૂઆત કરી છે.

પોલીસે સુરેશ કાંઠેચાની ફરિયાદ પરથી નયન બારોટ, અમિત બારોટ સહિત ૨૦ લોકો સામે તેમજ સામા પક્ષે નવીન બારોટની ફરિયાદ પરથી એડવોકેટ હરેશ કાંઠેચા સહિત ૧૨ લોકો સામે સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# જામનગરના જોડિયા તાલુકાના વાવડીમાં વીજપોલ મુદ્દે ખેડૂતોનો વિરોધ ૭૫થી વધુ ખેડૂતોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)




જામનગરઃ જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામેથી પસાર થનારી નવી વીજલાઈન માટે વીજપોલ ઊભા કરવાની કામગીરી શરૂ થતાં જ ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. વીજપોલ નાખવાની કામગીરીનો વાવડી ગામના લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવી સ્થળ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થિતિ વણસતી જોઈને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી વિરોધ કરી રહેલા ખેડૂતો અને ગ્રામજનોની અટકાયત શરૂ કરી હતી. વાવડી ગામના ખેડૂતો પર પોલીસ કાર્યવાહી થયાના સમાચાર પ્રસરી જતા જોડિયા તાલુકાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ખેડૂતો વાવડીના સમર્થનમાં પહોંચ્યા હતા. લીંબુડા, કુનડ, કેસિયા અને ભાદરા સહિતના આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો વાવડી ખાતે એકત્ર થયા હતા અને વીજપોલ ઊભા કરવાની કામગીરી બંધ કરાવવાની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસે વિરોધ કરી રહેલા ૭૫થી વધુ ખેડૂતોની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું હતું. અટકાયત કરાયેલા ખેડૂતોને જોડિયા પોલીસ મથકે લઈ જવાયા હતા. જ્યારે કેટલાક ખેડૂતોને ધ્રોલ પોલીસ મથકે પણ લઈ જવામાં આવ્યા છે. જેમાં કેટલીક મહિલાઓનો પણ સમાવેશ થતો હતો. હાલ વાવડી ગામમાં સંવેદનશીલ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારે પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. એક તરફ ખેડૂતો પોતાની જમીન અને ખેતીના રક્ષણ માટે વીજલાઈનના થાંભલા સામે વિરોધ પર મક્કમ છે, તો બીજી તરફ પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અટકાયતી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# ગાંધીધામ અને મુંદરા સહિત ૧૫થી વધુ સ્થળોએ ઈન્કમ ટેક્સના દરોડાઃ મની લોન્ડરિંગની તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુખ્ય વ્યાપારી મથકો એવા ગાંધીધામ અને મુંદરા ખાતે આવકવેરા વિભાગ (ઈન્કમ ટેક્સ)એ આકસ્મિક દરોડા પાડી વિશાળ પાયે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરતા સમગ્ર વેપારી અને ઉદ્યોગ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. આઇટી વિભાગની અલગ-અલગ ટુકડીઓ દ્વારા એકસાથે ૧૫થી વધુ સ્થળોએ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જોકે, આ કાર્યવાહી કયા ચોક્કસ વેપારી જૂથ, કંપની કે વ્યક્તિઓ સામે કરવામાં આવી રહી છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

દેશના અત્યંત મહત્વપૂર્ણ લોજિસ્ટિક્સ અને આયાત-નિકાસ હબ ગણાતા મુંદરા અને કંડલા બંદરની આસપાસ આવેલા ગાંધીધામ-મુંદરા વિસ્તારમાં દૈનિક કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો થાય છે. આ વ્યાપારી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને આવકવેરા વિભાગ દ્વારા વ્યવસાયિક દસ્તાવેજો, નાણાકીય રેકોર્ડ્સ, ડિજિટલ ડેટા અને કમ્પ્યુટર સિસ્ટમ્સની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન કોઈ અઘોષિત આવક, હિસાબોમાં વિસંગતતા કે શંકાસ્પદ લેવડ-દેવડ મળી છે કે કેમ તે અંગેનો ખુલાસો આયકર વિભાગની સત્તાવાર જાહેરાત બાદ જ સ્પષ્ટ થશે.

બીજી તરફ, આ સમગ્ર ઓપરેશનમાં મની લોન્ડરિંગ તેમજ ગેરકાયદેસર નાણાકીય ફેરબદલનો એંગલ પણ હોવાની ચર્ચા વેગવંતી બની છે. જોકે, આ અંગે તથ્યો તપાસ પૂર્ણ થયા બાદ જ સામે આવશે. ગાંધીધામ અને મુંદરા ઉપરાંત ગુજરાતના અન્ય એક-બે મુખ્ય શહેરોમાં પણ આ તપાસની કડીઓ વિસ્તરેલી હોવાનું મનાઈ રહ્યું છે. હાલમાં એજન્સીઓ દ્વારા તમામ સંભવિત નાણાકીય પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે અને આગામી દિવસોમાં આ દરોડાને અંગે આવકવેરા વિભાગ દ્વારા મોટો ખુલાસો થવાની શક્યતા જોવાઈ રહી છે. ■

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી, હથિયાર કેસમાં ફરાર આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)




રાજકોટઃ શહેરમાં ગેરકાયદેસર હથિયારો સામે ક્રાઈમ બ્રાન્ચે વધુ એક કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગાઉ નોંધાયેલા ચાર હથિયારના ગુનામાં પકડવાના બાકી આરોપીની શોધખોળ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી માહિતીના આધારે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની તપાસ કરતા તેની પાસેથી વધુ ચાર ગેરકાયદેસર હથિયારો મળી આવ્યા હતા. પોલીસે હથિયારો કબજે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી અગાઉના હથિયાર સંબંધિત ગુનામાં ફરાર હતો અને હવે વધુ હથિયારો સાથે ઝડપાતા ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. આ હથિયારો આરોપી ક્યાંથી લાવ્યો હતો, કોને આપવાના હતા અને અગાઉના ગુનામાં તેની શું ભૂમિકા હતી તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ■

# રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી, ભાજપના જયેશ રાદડિયા-પ્રશાંત કોરાટ મેદાને

## આ ચૂંટણીને કેટલાક લોકો ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી સાથે પણ જોડી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી આગામી ૮ સપ્ટેમ્બરે યોજાવાની છે. ભલે આ સંઘ બે તાલુકા પૂરતો મર્યાદિત હોય પણ સહકારી ક્ષેત્રની આ ચૂંટણી રાજકીય રીતે ખૂબ જ મહત્વપૂર્ણ અને પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે.

આ સહકારી સંસ્થા પર વર્ચસ્વ જમાવવા માટે રાજકોટમાં ભાજપના જ બે દિગ્ગજ ધારાસભ્ય જયેશ રાદડિયા અને ભાજપના મહામંત્રી પ્રશાંત કોરાટ સામસામે આવી ગયા છે. બંને રાજકીય અગ્રણીઓ માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે.

રાજકોટ જિલ્લાના સહકારી ક્ષેત્રમાં પોતાનો દબદબો જાળવી રાખવા માટે ધારાસભ્ય જયેશ રાદડિયા અને ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. બંને નેતાઓ પોતાના સમર્થકોને મહત્વના હોદ્દા અપાવવા પ્રયાસ કરી રહ્યા છે. ભાજપે સહકારી ચૂંટણીઓમાં પણ પક્ષ તરફથી સત્તાવાર મેન્ડેન્ટ આપવાની પ્રક્રિયા શરૂ કરી છે. પક્ષના કાર્યકરોની માંગ છે કે સંગઠનમાં સક્રિય હોય તેમને જ હોદ્દો મળવો જોઈએ, જ્યારે જયેશ રાદડિયાનું માનવું છે કે સહકારી ક્ષેત્રમાં રાજકારણ ન હોવું જોઈએ અને તે ખેડૂતો તથા પશુપાલકોના હિત માટે હોવું જોઈએ.

આ પ્રતિષ્ઠાભર્યા જંગમાં પૂર્વ ધારાસભ્ય અરવિંદ રૈયાણી ચેરમેન પદની રેસમાં છે, જેમને પ્રશાંત કોરાટનું સમર્થન હોવાનું મનાય છે. બીજી તરફ, નીતિન ઢાંકેચાને જયેશ રાદડિયાનો ટેકો મળી રહ્યો છે. આ બંને નેતાઓ એક જ વિસ્તારના છે. આ ઉપરાંત આ ચૂંટણીને કેટલાક લોકો ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી સાથે પણ જોડી રહ્યા છે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોધિકા સહકારી સંઘ લિ.ની કુલ ૧૬ બેઠકો (મંડળી જૂથ ૧૫, વ્યક્તિગત જૂથ ૧) માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ઉમેદવારી ફોર્મ વિતરણ/ભરવાની મુદત ૧૭ થી ૨૦ ઓગસ્ટ છે. ૨૧ ઓગસ્ટે ફોર્મ ચકાસણી થશે. ૨૨ થી ૨૭ ઓગસ્ટ સુધીમાં ફોર્મ પરત ખેંચી શકાશે. ■

# સરકારી નોકરી અપાવવાના બહાને ₹ પચીસ લાખની છેતરપિંડી કરનાર આરોપી રાજસ્થાનથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ સરકારી નોકરી અપાવવાના બહાને રૂ.૨૫ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનામાં છેલ્લા સાતેક મહિનાથી નાસતા ફરતા આરોપીને સુરેન્દ્રનગર સીટી એ ડિવિઝન પોલીસની ટીમે રાજસ્થાનના ઉદયપુર ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસની માહિતી મુજબ, આરોપી મેહુલભાઈ પરીમલભાઈ શાહ (ઉંમર ૩૦ વર્ષ)એ પોતે મહેસૂલ વિભાગમાં ડાયરેક્ટર તરીકેની ઓળખાણ આપીને તથા ગાંધીનગર સચિવાલયના રેવન્યુ વિભાગનું લખાણ ધરાવતું કાર્ડ બતાવી ફરિયાદી અને અન્ય લોકોને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી હતી. આરોપીએ ફરિયાદીના ત્રણ સંતાનો, એક ભત્રીજા અને એક ભાણીને સરકારી નોકરી અપાવવાના બહાને વિશ્વાસમાં લઈ કુલ રૂ.૨૫ લાખ મેળવ્યા હતા. ત્યારબાદ નોકરી ન અપાવી તેમજ રૂપિયા પરત ન કરતાં ફરિયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાનો આક્ષેપ છે. ■

# ઉનામાં પદ્મશ્રી હાજી કાસમ રમકડુંનું પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે સન્માન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ :ગુજરાતની લોકકલા અને સંગીત ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા અને પ્રતિષ્ઠિત પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત લોક કલાકાર તથા ઢોલક-તબલા વાદક હાજી કાસમ રમકડુંએ ઉના ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ઉનાના પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશના કાર્યાલયની મુલાકાત લઈ તેમની સાથે સંવાદ કર્યો હતો. હાજી કાસમ રમકડુંના આગમનને પગલે પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ દ્વારા તેમનું ઉષ્માભેર



સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પુંજાભાઈ વંશે શાલ ઓઢાડી તથા ફુલહાર પહેરાવી હાજી કાસમ રમકડુંનું સન્માન કર્યું હતું. તેમજ કવર સ્વરૂપે પુરસ્કાર અર્પણ કરી તેમને દેશના પ્રતિષ્ઠિત પદ્મશ્રી સન્માન પ્રાપ્ત કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. ■